જૈન સસ્તી વાંચનમાળા નાં. ૨૨ વર્ષ ૬ઠું સં. ૧૯૮૪

# માનતુંગ-માનવતી

યાને

## બુદ્ધિમતી પ્રમદા.

પ્રકાશક

જૈન સસ્તીવાંચનમાળા—ભાવનગર.

વીર સં. ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩

ભાવનગર—ધી શારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ મટુલાલ લશ્કરભાઇએ છાપ્યું.

કિંમત ૦-૬-૦ સો નકલના રૂ. ૩૦)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સમર્પણ.

સદ્ગુણાલંકૃત શેઠશ્રી,

ચકાભાઇ લલુભાઇ મહેતા,

પેથાપુર.

આપનું સાદું જીવન, ધર્મ ઉપર અચળ શ્રદ્ધા,
જૈન સાહિત્ય તરફ અપૂર્વ પ્રેમ, આપના
થોડા પરીચયથી જાણી આ પુસ્તક
મારા પરત્વેની આપની લાગણીને
અંગે આપને પ્રેમપૂર્વક
સમર્પું છું.

લી૦ આપનો,

અચરતલાલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# લેખકના બે બોલ.

આ 'માનવતી યાને બુદ્ધિમતી પ્રમદા' નામની લઘુ નવલિકાની ગુંથણી કવિ શેખર અને પ્રખ્યાત રાસકાર શ્રીમાન્ મોહનવિજયજીના 'માનતુંગ-માનવતી' નામના રાસ ઉપરથી કરવામાં આવી છે. મુનિશ્રી મોહનવિજયજીની વાણી અતિ મીઠી અને આહ્લાદજનક છે એટલુંજ નહિં પણ વિવિધ રસથી ભરપુર છે. જૈન સમાજમાં તેમનુ નામ આબાળ વૃદ્ધ પર્યંત મશહુર છે. તેમની મીઠીવાણીની પ્રતિતિ અર્થે તેઓશ્રી કૃત સંખ્યાબંધ રાસામાંના 'ચંદરાજાનો રાસ' અને 'રત્નચુડ વ્યવહારીઆનો રાસ' વાંચવા ભલામણ છે. આરાસમાં તેવીજ રસમય ચમત્કૃતિ તેઓશ્રીએ યોજેલી છે જેનો સંપૂર્ણ ખ્યાલતો એ રાસ વાંચવાથીજ આવી શકે. એ શ્રવણ કરવાનો પ્રથમ પ્રસંગ મને ખંભાતમાં પ્રાપ્ત થયો. સાથે એમ પણ અનુભવ્યું કે એ જરૂરી દેશી અને ઢાળોના યથાર્થ જાણકાર વિના એમાં જમાવેલ આનંદ અણછુટકેજ રહે છે. આજકાલ કયાં તો પ્રવૃતિમય જીવનથી કહો કે કયાં તો સમયના પરિવર્તનથી કહો પણ નવી પ્રજાની વૃત્તિ રાસા કરતાં નવલ કથાઓ પ્રતિ વધારે ઢળતી જાય છે. રાત્રિના નિવૃત્તિ મેળવી કુટુંબ નાયક સગા સંબંધી જનને એકત્ર કરી આવા રાસઓનો મનોહર રસમાં કોઇને પૂર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાળની માફક પાયતો એની મઝા ઓર આપે. એવા સમયની અમો તો જંખના કરી રહ્યાં છીએ છતાં જ્યારે તે સમયનુ આગમન કયારે થશે એ કથવું અનિશ્ચિત હોવાથી; ત્યાં સુધી અત્યારની પ્રજાને પસંદ પડતા માર્ગે એટલે નવલકથા રૂપે એ પૂર્વ પુરૂષોની રસભરી પ્રાસાદી પિરસવાના કાર્યમાં યથાશક્તિ પ્રયાસ સેવવા ઉચિત ધાર્યું છે.

શુષ્ક વાંચનમાં કાળ વ્યતિત કરે તે કરતાં પૂર્વાચાર્યોની આ વાનગીના રસીયા બને તેવું ઇચ્છું છું.

આધુનિક વાંચનરૂચીની સાથે મેળ જોડવા, ઉપર વર્ણીત રાસામાંના કેટલાક વર્ણન ભાગોને છોડી દીધા છે તેમજ કેટલેક સ્થળે મુળ વસ્તુને ધ્યાનમાં રાખી ઘટતો ફેરફાર પણ કીધો છે અને એ ઉપરાંત 'સખી સંવાદ' તેમજ પાતાળ સુંદરીની કથા' જેવા નાના ઉમેરા પણ કર્યા છે.

આ લઘુ આખ્યાયિકાને વિસ્તૃત પ્રસ્તાવના રૂપ આડંબર ઉચિત ન ધારી એ વાતને અત્રેજ સમાપ્ત કરવામાં આવે છે. અંતમાં લેખન શૈલીના દોષોને માટે તેમજ શ્રી તીર્થંકર પ્રભુની આજ્ઞા વિરૂધ્ધ પ્રમાદ વસથી જે કંઈ વિપરીત વર્તન લખાણમાં થયેલ હોય તેની ક્ષમા ચાહી વિરમું છું.

સેવક.

મુંબઇ } મોહનલાલ દીપચંદ ચોકસી

લેખક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# બે અમુલ્ય ઉપયોગી રત્નો.

આ બે પુસ્તકો રોજનાં ઉપયોગી હોવાથી એટલી સુંદર રીતે તૈયાર કરવામાં આવ્યા છે કે તે મંગાવી, જોવાથીજ તેની ખાત્રી થાય.

**૧ જૈન નિત્યપાઠ સંગ્રહ.**—પાકા રેશમી પુંઠાની

**શ્રી** મહાવીરસ્વામીના સુંદર ફોટા સાથે છપાવી છે. તેની પહેલી આવૃતિ વખતેજ ઘણી માગણી હતી. પરંતુ શીલીકમાં નહિ રહેવાથી ઘણાને તે બુક માટે નીરાશ થવું પડયું હતું, તેજ પુસ્તક ઘણા સુધારા વધારા સાથે તૈયાર છે,

કિ. ૦-૧૦-૦ સો નકલના રૂા. ૫૦.

**શ્રી** પંચપ્રતિક્રમણ પોકેટ સાઈઝ-પાકું રેશમી પુઠું. તેની ઉપયોગીતા, કદ, અને સુંદરતા એવી છે કે બાળકથી વૃદ્ધ પર્યંત તેજ બુક માગે છે. આ તેની ત્રીજી આવૃતિ તેજ તેની માગણી.

કિં. ૦-૧૦-૦ સો નકલના રૂા ૫૦.

બંને પુસ્તકો દરેક માંગલીક પ્રસંગોમાં વહેંચવા માટે કાયમની યાદગીરીવાળાં અને ઉપયોગી છે.

## લખો:—જૈન સસ્તી વાંચનમાળા.

રાધનપુરી બજાર--**ભાવનગર.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સ્ત્રીઓ શું નથી કરી શકતી?

કેવી ધૈર્યતા, કેવું અનુપમ જ્યોતિષ શાસ્ત્રજ્ઞાન ર
સાહસીકતા તેમજ હિંમત સ્ત્રીઓમાં છે અને તે વડે આપ
ઓમાંથી થાકીને નીરાશ બનેલા પુરૂષને ધૈર્યશાલી રમણી
બળ આપે છે, તે માટે--રા૦ **અધ્યાચીની** કસાએલી કલમથ
લખાયેલું **"પ્રતિભા સુંદરી યાને પૂર્વકર્મની પ્રાબલ્યતા"** એ નામનું પુસ્તક તમે જરૂર વાંચશો. ધ્યાનમાં રાખજો કે વાંચતાં જ્યાં ત્યાં મુકી દેશો તો ફરી હાથમાં નહિં આવે; કારણ કે તેવી ઉત્તમ શૈલીવાળું અને શ્રી ભદ્રબાહુ સ્વામીના સહોદર બંધુ વરાહમિહિરનું નામ જે આપણા શાસ્ત્ર ગ્રંથોમાં ઘણીવાર આવે છે તેજ આ ગ્રંથના મુખ્ય નાયક છે. નકલ ઓછી છપાવીછે જેથી વિલંબ નહિ કરતા. કિં. રૂ ૧-૮-૦

વાંચનમાળાના ગ્રાહક થવાથી દર વરસે ૯૦૦
પાનાનાં ઇતિહાસીક ઉતમ પુસ્તકો નીયમીત
મળે છે ગ્રાહક થવા તરત લખોઃ—

લખોઃ— **જૈન સસ્તી વાંચનમાળા.**

રાધનપુરી બજાર—**ભાવનગર.**

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

શ્રી જિનાય નમઃ

# (માનતુંગ) માનવતી

યાને

# બુદ્ધિમતી પ્રમદા.

## ચાંદનીરાત

રાત્રિના નવ વાગવાની તૈયારી થઈ રહી છે. અજવાળી પુનેમની રાત્રિ હોવાથી ચોતરફ પ્રકાશનો વિસ્તૃત પટ પથરાઈ રહેલો દ્રષ્ટિગોચર થાય છે. આકાશ તળપર નિશાનાથ મહારાજ તારાના વૃંદ સહિત, મહારાજાધિરાજ સમાન ઠાઠથી શોભી રહ્યા છે. રાજમાર્ગ પર જવર અવર ચાલુ છતાં ઓછો થતો દેખાય છે. આ વેળા સરિતા તટ ઉપર આવેલા એક વિશાળ મહાલયના ગુપ્ત દ્વારમાંથી કૃષ્ન વસ્ત્ર આચ્છાદિત દેહધારી એક મનુષ્ય બહાર નિકળ્યો અને ધીમે ધીમે ગતિ કરતો તે મુખ્યમાર્ગ પર આવી જનતાના પ્રવાહમાં ભળી ગયો.

ચૈત્ર માસની પૂર્ણિમા એટલે એના આનંદનું પુછવું શું? ગ્રીષ્મકાળમાં આખોયે દિવસ પડતી સખત ગરમીથી સૌ કોઈ વિહ્વળ બની જાય છે; અરે ઠંડાપીણા અને તરૂવરની શીતળ છાયાનો આશ્રય શોધે છે, ત્યાં આ રંગીલી નગરીની પ્રજાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાત શી કરવી! આ રૂતુના તાપ સાથે, ધંધા રોજગારથી ધીકતી અને વેપારવણજના મુખ્ય ધામ રૂપ આ પુરી હોવાથી, એના પરિશ્રમનો પણ તેમાં ઉમેરો થયો હતો. એટલે રાત્રિની શિતળતા અને ધીમે ધીમે વાતો સમીર એ તપ્ત હૃદયને શાંત કરવાના સરળ સાધનોનો હરકોઈ છુટથી આસ્વાદ લઈ રહ્યા હતાં. કોઇ શેરીઓમાં કરિયાણાના ભાવો પર અભિપ્રાય અપાતા હતા, તો બીજે વળી રાજ્યમાં પડતા સુખ દુ:ખ વિષેની ચર્ચા ચાલતી હતી, કોઇક સ્થળે ડોશીમાની વાતો ચાલુ હતી તો કોઇ સ્થળે વૃદ્ધોમાં જ્ઞાતિ ચર્ચાનું પ્રકરણ જોરશોર કરી રહ્યું હતું. પેલી કૃષ્ન વસ્ત્રધારી વ્યક્તિ આ પંચરંગી વર્ણની વચ્ચે થઈ કેટલીયે પોળો અને શહેરના આડા અવળા માર્ગો વટાવી એક પ્રતોલિકા સમીપ આવી પહોંચી. આ પ્રતોલિકા બહારથી સાંકડી દેખાતી છતાં અંદરથી ઘણી વિશાળ હતી. તેની મધ્યમાં એક સુંદર ચોગાન આવેલું હતું શેરીના એક ભાગ તરફ મહાદેવનું નાનું મંદીર હતું જ્યાં એક ચોરો બાંધી લઈ બેઠક કરી લેવામાં આવી હતી.

## બાળાઓનો આનંદ.

આ વેળાએ ચૈત્રી પુર્ણિમાની ચાંદનીમાં કેટલીક બાળાઓ મધુર આલાપે ગીતો ગાઇ રહી હતી. કંઠની મધુરતાથી કહો કે યૌવનાંગણમાં પ્રવેશથી કહો અથવાતો સખીવૃંદમાં છુટથી વાત કરવાના પ્રાપ્ત થયેલ સુઅવસરથી કહો; ગમે તે કારણ હો પણ અત્યારે સંગીતમાં આ ટોળું એટલી હદે તલ્લીનબની ગયું હતું કે

તેમને પોતાની અંદર આજુબાજુ શું થઇ રહ્યું છે, તેનું ભાન સરખું પણ નહતું. ઘટિકામાં દશના ટકોરા સંભળાયા એટલે અહીં મચી રહેલ સંગીતની ધુનમાં વિક્ષેપ પડયો. કન્યાઓ વિખરાવા લાગી. જેઓના ગૃહ સમીપમાં હતાં તેઓ કમાડ ખોલી ત્વરિત ગતિએ તેમાં પ્રવેશ કરી ગઈ. આ રીતે થોડા સમયમાં ત્યાં માત્ર પાંચ બાળાઓજ કંઈક વાતચિત કરતી ઉભી રહેલી દેખાઈ. આ બધો બનાવ પ્રછન્ન પણે ચોરાની પાછળના ભાગમાં ઉભો રહી પેલો કૃષ્ન વસ્ત્રધારી પુરૂષ જોઇ રહ્યો હતો. સંગીતથી તેને બહુ આનંદ પ્રાપ્ત થયો હતો, હવે તે પણ જવાની તૈયારી કરતો હતો ત્યાં તેના કર્ણપટ પર નિમ્ન લિખિત સંવાદ પડવાથી તે થોભ્યો.

સખી માનવતી! આટલી ઉતાવળ કરવાનું શું પ્રયોજન છે? આપણા ઘર તો નજીકમાં છે, તો પછી આ ચાંદનીમાં સંગીતનો આનંદ જરા વધુ ભોગવીએ તો શું ખોટું?

હા બ્હેન કમળા, ત્હારૂં કહેવું વાસ્તવિક છે. આજનો આનંદ અપુર્વ છે; અને મારે કહી દેવું જોઈએ કે તે અંતિમ પણ છે. માનવતી, શું તું નથી જાણતી કે કમળા, સુશિલા, અને હું થોડા સમયમાં પરણીને સાસરે જઈશું એટલે આવી રીતે ઓછુંજ આપણાથી મળાવાનું છે? આવો નિર્દોષ લ્હાવો તો કન્યાવસ્થામાંજ પ્રાપ્ત થઈ શકે. કળાવતીએ આગ્રહ ભર્યા સ્વરે હજુ થોડો સમય વધુ સંગીતનો બ્હાર ચાલુ રાખવા

સકારણ દલીલ કરી, કમળાની વિનંતીને અનુમોદન આપ્યું. માનવતી રજુ થયેલ પ્રસ્તાવનો કંઇ પ્રત્યુત્તર વાળે તે અગાઉ પુષ્પવતી નામની બાળા બોલી ઉઠી કે, ઓહો સાહેલીઓ, તમો તો જાણે પરણ્યા પછી કેદમાં પુરાવાના ખરૂં કે નીં? એટલે તમોને ફરીથી આવો સમયજ નહીં મળે! દશ વાગી ગયા છે એટલે બહુ વિલંબ કરવો એ ઠીક ન કહેવાય. માનવતી કે જેને ઉદ્દેશી આ સંવાદ શરૂ થયો હતો અને જે સ્વરૂપમાં અતિલાવણ્યવતી હતી અને સંગીતકળામાં એકકો ગણાતી તે દૃઢ સ્વરે બોલી.

સખીઓ! આજે ગાનતાનમાં ઠીક મઝા આવી છે એ તો નિર્વિવાદ વસ્તુ છે, તેવો આનંદ લુંટવાનું કોને ન ગમે? છતાં નારી જાત માટે નિશાકાળે બહુ મોડું કરવું એ ઉચીત નજ ગણાય, તેમ વળી આયંબીલની ઓળીનો આજે છેલ્લો દિન હોવાથી કંઈક શ્રમ પણ વધુ લાગ્યો છે માટે મારો વિચાર તો ગૃહે જઈ આરામ મેળવવાનો છે. રંગના ચટકા હોય તેના કુંડા નજ હોઇ શકે માટે થોડેઝી મીઠી માણવી ઠીક છે.

સુશિલા વ્યંગમાંજ બોલી કે અમને પ્રથમથીજ ખાત્રી હતી કે માનવતી જરૂર ધાર્યા પ્રમાણેજ કરવાની; છતાં એટલું તો કહેવું વાસ્તવિક છે કે હજુ તમો કુંવારાવસ્થામાં છો એટલે સાસરી જીવન માટે આવું વદો છો. અમારા વિવાહ થઈ ચુકેલા હોવાથી, તેમજ થોડાજ સમયમાં લગ્ન થવાના હોવાથી અમોને પરણિત જીંદગીનો વધુ નહિં તો થોડો પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાસ થયો છે. એ ઉપરથી નિશંક કહી શકાય તેમ છે કે તે વેળાએ આવો આનંદ લેવાનો અવસર નહિંજ લબ્ધ થવાનો. વળી મારૂં તેમજ સખી કમળાનું શ્વસુર ગૃહ અન્ય ગ્રામમાં હોવાથી પુનઃ સર્વનો મેળાપ ક્યારે થશે એ કલ્પવું મુશ્કેલ છે.

કમળા બોલી ઉઠી બ્હેનો, તેથીજ હું આજનો લ્હાવો લીજીએ, કાલ કોણે દીઠી છે? એ વચન યાદ કરાવી, થોડો સમય વધુ સંગીત જારી રાખવાનું કહું છું.

## માનવતીની બુદ્ધિમતા.

માનવતી:— ગાયન ચાલુ રાખવું એ એક પ્રશ્ન છે અને પરણિત જીંદગી બંધીખાના રૂપજ હોય છે એ બીજો પ્રશ્ન છે; માટેજ મારૂં કહેવું છે કે ગરબો ચાલુ રાખવામાં સાસરીના દુઃખો ન રડો.

સખી, હજુ તને દુનિયાદારીની કશીજ ખબર નથી. શ્રીમંતાઈમાં પોષાયલી, અને જ્ઞાનકળામાં લીન થયેલી એવી ત્હને સંસાર શું છે, અને પતિગૃહ શી ચીજ છે તેનો ખ્યાલ ક્યાંથી હોય! કળાવતીએ માનવતીનુ અજ્ઞાન સુચવતાં જણાવ્યું અને ઉમેર્યું કે, સાંભળ નિતિકારનું 'વધુ કર્ત્તવ્ય' વિષેનું આ કથનઃ—

"શય્યા ઉપાડવી. વાસીદું કાઢવું, પાણી ભરવું, રસોઇ

કરવી, એંઠવાડ કહાડવો, ધાન્ય દળવું, ગાય દોહવી, છાશ કરવી, છોકરાંઓ ન્હવરાવવા રૂપ શોચક્રિયા અને વસ્ત્રાદિ પહેરાવવા રૂપ કામો, અને સસરા, સાસુ, સ્વામી, જેઠ, દીયર અને નણંદ આદિનો વિનય જાળવવો એ વહુનું દૈનિક કર્તવ્ય છે. ખરેખર વહુનું જીવન કષ્ટમય છે."

. . . .

વળી સાંભળ બ્હેની, પતિ એ તો સ્ત્રીના ગુરૂ બરાબર છે. અને સ્ત્રી એ તો એના પગની રજ તુલ્ય છે; અર્થાત દાસી સમી છે. તેણીની ફરજ પતિ પહેલાં ઉઠવાની, ઉપર મુજબ ઘરના સર્વ કામો સંભાળવાની, લજ્જા પૂર્વક અને વિનય સહ દરેક કાર્યો આચરવાની અને થાકીને લોથ પોથ બની ગઇ હોય છતાં પતિના ઉંઘ્યા પછી ઉંઘવાની છે. 'વનિતા ની બુદ્ધિ પગની પાનીયે' મનાતી હોવાથી તેણીને બાલ્ય, યુવા કે વૃદ્ધા એ ત્રણમાંની કોઇ પણ અવસ્થામાં સ્વતંત્રતા નહિં મળવાની, એને તો માત્ર સૌ કોઈના ચોવીશ કલાકના આજ્ઞાકિંત સેવક તરિકેનુંજ વર્તન અદા કરવાનું! આ તો પિતૃગ્રહ હોવાથી આટલોયે આનંદ મેળવી શકાય છે બાકી સાસરૂં એ તો સંસાર ધુરાનું ધોંસરૂં અને કેદખાનુંજ છે.

વાત રસ પર ચઢી હોવાથી કૃષ્ન વસ્ત્રધારી પુરૂષને પણ ખુબ રસ પડયો તે કાન દઇ સાંભળવા લાગ્યો. સૌ સહીયરો માનવતીના મુખ પ્રતિ એકી નજરે જોઈ રહી અને તે શું જવાબ આપે છે તે શ્રવણ કરવા તલ પાપડ બની.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનવતી વયમાં નાની હોવા છતાં વિદ્યામાં અને વકતૃત્વ શક્તિમાં મોટી હતી. તેનો અનુભવ નહિં જેવો છતાં વાંચન સારા પ્રમાણમાં હોવાથી કળાવતીની વાત 'બાબા વચનં પ્રમાણું' માની લે તેવી નહોતી, બરાબર દલીલ સાંભળી લીધા બાદ તેને દ્રઢતાથી દલીલો આપવાનું શરૂ કર્યું.

## સ્ત્રી જીવનનું એક ચિત્ર.

"કળાવતીની વાતથી તો ઉલ્ટું એમ પ્રત્યક્ષ થાય છે કે નારિજાતને ગૃહિણી અવસ્થામાં શું શું કાર્યો કરવાના છે. એથી કંઇ સાસરૂં કેદખાનું નથી બની જતું. જો પતિ ધન ઉપાર્જન આદિ ગૃહ બહારના કાર્યો કરે તો ગૃહ અંદરના કાર્યોની ફરજ જરૂર સ્ત્રીને માથે હોવીજ જોઇએ, તેથીજ "**गृहिणि गृहं उच्यते**" અર્થાત 'ગૃહિણીથીજ ઘર છે' એ ઉક્તિ પ્રચલિત થઇ છે વળી જૈન સિદ્ધાંતકારના મતે 'સ્ત્રી એ પતિની સહચરી તુલ્ય છે. એટલે કે પતિ પત્નિ ઉભય સખા યા મિત્રો જેવા છે, તેઓ વચ્ચેનો પ્રેમ મજબુત અને અત્રુટ છે છતાં ઉભયની કાર્ય દિશાઓ જુદી જુદી છે. જેમાં એકાંત પોત પોતાનું અધિકારીપણું છે.' બાહ્ય વ્યવસ્થામાં પતિ સ્વમતી મુજબ કાર્ય લેવાને સ્વતંત્ર છે જ્યારે આંતરિક એવી ઘર વ્યવસ્થામાં પત્નિની કુશળતા છુટથી પ્રાધાન્ય ભોગવે છે. તેથીજ '**कार्येषु मंत्री**' જેવો શ્લોક નારિજાતના મહત્વને દર્શાવનારો નિતીવેત્તાઓને રચવો પડયો છે. જેને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતે સર્વોત્કૃષ્ટ ગણે છે. અગરતો જેનાવડે સ્વચુડા ચાંલ્લાની અક્ષયતા માને છે એવા સ્વામીદેવની કે તેમના સબંધી વર્ગની અનન્ય ભાવે સેવા કરવી એમાં દાસીપણું ગણવાની જરાપણ અગત્ય નથી. લઘુતામાંજ પ્રભુતા સમાઇ છે. સ્વકાર્યમાં સ્વમતિ અનુસાર વર્તન કરતાં અન્ય કઇ સ્વતંત્રતાની આપણી અભિલાષા હોઇ શકે? જો આપણ સ્ત્રી જાતને બરાબર કેળવણી મળી હોય તો પતિને વશ કરવો એ કાંઇ ભારે મહત્વનો પ્રશ્ન નથી એ વશીકરણમાં મંત્રેલા દોરા ધાગાની કે માનતા આખડીની જરૂર નથી. માત્ર એકજ વસ્તુની આવશ્યકતા છે અને તે નારીજાતિ સુલભ એવી કાર્ય દક્ષતાની સ્ત્રીમાં સ્ત્રીત્વ હોય તો પુરૂષ જેમ ભ્રમર અહર્નિશ પુષ્પરસમાં તલ્લીન હોય છે તેમ તેનામાં તેની એક ચત હોય છે એટલે કે દરેક અનુકુળતા સાંચવીનેજ વર્તે છે. સખી ત્હારા કથન મુજબ શ્વસુર ગૃહ એકાંત દુ:ખ કે કષ્ટનુંજ સ્થાન હોત તો અને નારિજાતિ એ પુરૂષ વર્ગની ગુલામગીરી કરનાર દાસી માત્ર હોત તો; 'પીયરની પાલખી કરતાં સાસરાની શુળી સારી' અથવા તો 'હાથી જેમ રાજદરબારે શોભે તેમ સ્ત્રી સાસરેજ શોભે' અગરતો 'ઘરનો શણગાર ગૃહિણી છે.' 'જ્યાં નારિજાતની પ્રતિષ્ઠા જળવાય છે ત્યાં દેવતા વાસ કરે છે.' ઇત્યાદી ઉક્તિઓનો પ્રચાર નજ હોત. પણ તેમ નથીજ. એજ નારિજાતિની અદ્દભૂત ચાતુર્યશીલ એ મનમોહક સૌંદર્યે; કાર્ય પટુત્વે, સહનશીલતાએ અને સતીત્વે મોટા મોટા તત્વી અને દૈવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુરૂષોનાં રણશૂર અને ભડવીર યોદ્ધાઓના મન આકર્ષી લીધા છે. નજર ફેંકો ભૂતકાળના ઇતિહાસમાં અને નિહાળો શ્રીપાલ મયણાસુંદરી, મહાબળ મલયાસુંદરી, શંખ કલાવતી, શંકર પાર્વતી, કૃષ્ણ લક્ષ્મી, નળ દમયંતી, કે રામસીતાના જીવન ચરિત્રો. શું તેઓ નારી જીવનને શૃંખલા બદ્ધ કરનાર, કે સુંદરી જીવનની સૌરભને ભૂંસી નાખનાર સ્વાર્થીઓના ઉદાહરણ છે કે સુખી સંસારનો આબેહુબ ચિતાર રજુ કરનાર કથાનકો છે ? ખરી વાત તો એજ છે કે પતિ તરફના કષ્ટો કે શ્વસુરગૃહની મુશ્કેલીઓ ગણતાં પહેલાં પ્રથમ નારીજાત ઉચિત સ્વશક્તિ જોવાની ખાસ જરૂર છે. જો આપણામાંજ સામાનું મન આકર્ષવાની કે તેને પોતાના અનુરૂપ બનાવવાની કળા ન હોય તો શું એ ભૂલ આપણી નથી ? આપણું શિક્ષણ એટલું અધુરૂં છે. ચોસઠ કળામાં પૂર્ણતા પ્રાપ્ત કરવી એ આપણી ફરજ છે. અને તેમાં પણ સ્વકાર્ય કુશળતાથી સ્વપતિનું ખેંચાણ એ મુખ્ય ભાગ ભજવે છે. સતીઓના જીવન નિરખતાં મારી આ વાતની તમોને ડગલે ડગલે પ્રતીતિ થશે. સાસરાના નામથી જરા પણ ગભરાવાની જરૂર નથી. પરણ્યા પછી પણ આવો આનંદ જરૂર આપણે પ્રાપ્ત કરી શકીશું આપણામાં તે વાતની અમૂક શ્રદ્ધા જોઇએ.

સખીવૃંદ માનવતીનું આવું છટાદાર અને સચોટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છાપ પાડતું વક્તવ્ય સુણી આશ્ચર્યમાં ગરકાવ બની ગયું. માંડમાંડ કળાવતી એટલું ઉચ્ચરી શકી કે સખી, વાતો કરવી રહેલ છે, બાકી પતિગૃહે જઇ વશીકરણ કરી બતાવશો ત્યારેજ ખરી વાત ! સાંભળો બ્હેનો—

## માનવતીની પ્રતિજ્ઞાઓ

(૧) પતિને પગેલગાડવો. (૨) પતિને ટુંબા મારવા. (૩) પતિને કુદ્દડી ફેરવવો. (૪) સ્વચરણોદક પાવું અને (૫) આપેલું અન્ન જમાડવું–એ મારી પાંચ પ્રતિજ્ઞાઓ છે. સ્ત્રી જાતમાં રહેલી શક્તિનો સાક્ષાત્કાર કરાવવા અર્થે આમાં પતિ તરફનો સંપૂર્ણ અવિનય રહેલો હોવા છતાં હું એ પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરૂં છું અને હું એ કરી બતાવું તોજ માનવતી ખરી એમ ચોક્કસ માનજો અને તમારામાં રહેલ તેવી શક્તિનો વિશ્વાસ ધરજો. આ પછી એ પાંચે સખીઓ પોતપોતાના ગૃહો પ્રતિ વળી.

પ્રછન્નપણે ઉભો રહી, કાન દઇ સાંભળી રહેલો પેલો પુરૂષ માનવતીની પ્રતિજ્ઞાઓ સાંભળી અજાયબ થયો; એટલું જ નહિ પણ તે કેવી રીતે તેનું પાલન કરે છે એ જોવાને આતુર બની ગયો. તેને નારિજાતમાં જન્મેલી અને અબળાના વિશેષણોથી અલંકૃત બનેલ આ કુમારિકાના સાહસ અને ઉચ્છૃંખલતા પ્રત્યે તિરસ્કાર જન્મ્યો અને કોઇપણ રીતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેની બુદ્ધિ ઠેકાણે લાવવાનું મન થયું, તેથી મનમાં કંઈક ધારણા કરી, માનવતીની પાછળ પાછળ ચાલ્યો અને જ્યારે તે પોતાના ઘરમાં દાખલ થઇ ત્યારે તે ઘરની દિવાલપર પાનની પીચકારી મારી તેમજ સામે આવેલા ચંપકવૃક્ષની નિશાની રાખી ત્વરિત ગતિએ ગલીકુંચીઓ વટાવતો દરબારગઢ સમીપ આવી પહોંચ્યો. આ સ્થાને પહેરેગીર ખુલ્લી તરવારે આંટા મારી રહ્યો હતો. આ પુરૂષે પોતાના ખીસ્સામાંથી કંઈક ચળકતો પદાર્થ કાઢી જેવો તેના પ્રતિ ધર્યો કે તરતજ તે પહેરેગીરે તરવાર બાજુપર મૂકી, માથું નમાવી, નમન કરી, તે કૃષ્ણવસ્ત્ર પરિધાન કરેલી વ્યક્તિને ગઢના દ્વાર ઉઘાડી અંદર જવાનો માર્ગ કરી આપ્યો. એ વ્યક્તિ કોણ હશે? એ વિચારવાનું વાંચકવૃંદ ઉપર છોડી હાલ તો વાર્તાના પ્રવાહમાં આગળ વધીએ.

**અવંતિમાં પ્રાતઃકાળ.**

રાજ્યની શોભા નિમ્નલિખિત વસ્તુઓથીજ સંભવે છે.

वापी वप्र विहार वर्ण वनिता, वाग्मी वनं वाटिका
वैद्य ब्राह्मण वारि वेश्म विबुधा, वाचंयमा वल्लकी ।
विद्या वीर विवेक वित्त विनया, वेश्या वणिक् वाहिनी
वस्त्र वारण वाजि वेसरवरं, राज्यं च वै शोभते ॥

અવંતિ નગરીમાં એ બધું છે તે તરફ જરા નજર કરીએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાત:કાળનો સમય થયો છે, સવિતાનારાયણની સ્વસારથિ અરૂણ સહની સ્વારી સૃષ્ટિપ્રતિ આગમન કરી રહી છે, પક્ષીગણ પોતાના માળાઓ છોડી ચણવાને અર્થે જંગલમાં ઉડી ગયા છે, વનરાજી પણ નવિન પ્રાપ્ત તેજમાં પ્રફુલ્લતાને ધારી, અંતરે અંતરે વાતા મંદ સમિરના મૃદુ સપાટાથી ડોલાયમાન થઈ રહી છે; નગરનો જનસમૂહ પણ પોતપોતાના કાર્યમાં મશગુલ બની રહ્યો છે, કોઈ મોટે રાગે પ્રભાતીયાં ગાઇ રહ્યાં છે, તો કોઈ વળી 'ચેત તું ચેત તું ચિત્તમાં આતમા, પ્રાણ પરલોકનો છે વિહારી' એવા વૈરાગ્યોત્પાદક પદનું અવલંબન ગ્રહી સ્વઆત્માને સંસારની ક્ષણિકતાનો સાક્ષાત્કાર કરાવી રહ્યા છે. વૈષ્ણવ મંદિરોમાં દેવને જગાડવારૂપ ઘંટાનાદ સાથેના મંગળ નાદો થઇ રહ્યાં છે; પોળ, પ્રતોલિકા અને શેરી માઢમાં ક્યાં તો દળણાદળતી બાઇઓના ગીતોથી કે સાથે તાલ પુરાતા ઘંટીના પત્થરોથી અથવા તો આપ્તજનની અને પાડોશ વર્ગની પાણી ભરવા જતી સ્ત્રીઓના કોલાહલથી અગર તો નાનાબાળકોની દોડધામ અને રમતના કલરવથી, વાતાવરણ બધું ગર્જાયમાન અને કોળાહળમય બની ગયું છે.

ક્ષિપ્રાનદીના તટ ઉપરનો દેખાવ અત્યારે કંઈ જૂદાજ પ્રકારનો થઇ રહ્યો છે. કોઇ ઢોરોને પાણી પાય છે તો કોઈ વળી તેમને છાછરા પાણીમાં રાખી નવડાવી રહ્યાં છે. કોઇ વળી તેમની પીઠપર લાદી લાવેલા કપડાંના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેંજાને ઉતારી ધોવાના ઘાટપર પાથરી રહ્યાં છે. થોડે દૂર ધોકાથી ધબાધબ કરી રહેલ નારી વૃંદ, સાસુ નણંદ કે દેરાણી જેઠાણીની કુથલીમાં લયલીન બની હાથ ચલાવતું દ્રષ્ટિગોચર થાય છે. સામી તરફ દ્રષ્ટિ ફેંકતાં અવંતિ નગરીના દરવાજામાંથી ચપળ ગતિએ ચાલતી, મસ્તકપર તાંબા-પીત્તળનાં બેઢાં ગ્રહણ કરી પનીયારીઓ વાતોના સપાટા મારતી, સરિતા તીર પ્રતિ આવી રહી છે. જ્યારે કેટલાક કામીપુરૂષો તેમના તેવા હાવભાવને દૂર રહી નિરખી નિરખી કંઇ અવનવા ટપ્પા ટોળ સ્વમંડળીમાં ઉપજાવી રહી, ઠઠ્ઠા મશ્કરીનો લ્હાવો લઇ રહ્યાં છે. એ રીતે અલબેલી એવી અવંતિ નગરીમાં મંગળમય પ્રભાતનું મંગળાચરણ થઇ રહ્યું છે. સામે નજર ફેરવતાં રાજમહાલયમાં પણ ચોઘડીયાં વાગી રહ્યાં છે.

## રાજેશ્વર માનતુંગ.

રાજેશ્વર માનતુંગ, આગળ વર્ણવી ગયા એવી આ અવંતિ નગરીનો સ્વામી હતો. આજે તે જ નગરી વિદ્યમાન છે, પણ અત્યારે તો પૂર્વકાળના ગૌરવને સૂચવનારા ગણ્યા-ગાંઠયા જે ચિન્હો રહેલાં છે તેમાં શ્રી અવંતિ પાર્શ્વનાથનું દેવાલય, સિદ્ધવડ, ભરથરીની ગુફા અને મહાકાળેશ્વરનું મંદિર મુખ્ય છે. ક્ષિપ્રા તટ ઉપર આવેલી નગરી ઉજ્જેની ઘણી પ્રાચીન અને ઐતિહાસિક ભૂમિ છે. તેના અવંતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આદિ બીજા પણ નામો છે. એ ભૂમિપર ચંડપ્રદ્યોત, વિક્રમાર્ક, ભોજ વિગેરે ભૂપાળો, તેમજ સિદ્ધસેન દિવાકર, કાળીદાસ આદિ કવિ રત્નો તેમજ શ્રેષ્ટી અવંતિસુકુમાળ વિગેરે ઘણા ઘણા પ્રખ્યાત પુરૂષો થઇ ગયાં છે. આજે તો માત્ર નામસ્મરણ કરી સંતોષ માનવો રહ્યો છે; છતાં એટલું તો નિશ્ચિત છે; કે એ પુરાતન નગરીનું મહત્વ ઘણુંજ છે. જે સમયની આપણે વાર્તા કરી રહ્યા છીએ તે વેળા આ ભૂમિનું મહાત્મ્ય આર્યાવર્તના સકળ દેશોમાં પ્રસિધ્ધિને પામેલું હતું. એટલુંજ નહિં પણ વેપાર–વણજમાં અને રિધ્ધિ-સિધ્ધિમાં અગ્રપદ પામેલું હતું. એ વેળાની રમણિયતા, મનોહરતા કે વૈભવ વિશિષ્ટતાને વર્ણવવા બૃહસ્પતિ જેવા દેવગુરૂ પણ સમર્થ થઈ શકે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. ટુંકમાં કહીએ તો જૈન, શૈવ અને વૈષ્ણુવાદિના મંદિરોથી, શાસ્ત્રાભ્યાસ માટેની પાઠશાળાઓ તેમજ વાદવિવાદ અર્થેના વાદાલયોથી તેમજ શ્રીમાન્ વ્યવહારિઆઓના ભવ્ય મકાનોથી અને નગરના બાહ્ય ભાગમાં આવેલા ઉદ્યાનો અને આરામ-સ્થાનોથી એવું તો દીપી રહ્યું હતું કે આગંતુક જનને પ્રથમ દર્શને જાણે ઇંદ્રની અમરાપુરી તો અહીં આવીને ન વસી હોય એવો ખ્યાલ થયા વિના ભાગ્યેજ રહી શકે !

ભૂપતિ માનતુંગ પણ ‘ યથાનામા તથા ગુણા ’ એ ઉક્તિને અક્ષરશઃ સત્યં પાડતો હતો. જેવો તે માનના શિખરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂપ હતો અર્થાત્ અતિમાની હતો તેવોજ તે સમય પરત્વે દયાર્દ્ર પણ થઇ જતો. પ્રજાવત્સલપણું તેનામાં એટલી હદે વિકાસ પામ્યું હતું કે જેથી માત્ર અધિકારીઓના શબ્દોથી સ્વપ્રજા સુખી અને નિર્ભય છે અથવા તો પોતાની રાજ્યનીતિથી સંતુષ્ટ છે એવા વચનોથી માત્ર સંતોષ પામી નહિં બેસતાં અથવા એકાંત વિલાસમાં નહિ મુગ્ધ થતાં, રાત્રિના પોતે ગુપ્તવેશે પોતાની પ્રજા પોતા વિષે, રાજ્યવિષે શું ધારે છે અથવા તો તે સુખી છે યા દુઃખી છે એની ખોજ કરવા નિકળતો અને પ્રાપ્ત કરેલ અનુભવ પરથી ઘટતી સુધારણા કરવામાં જરાપણ પ્રમાદ સેવતો નહિં ખરૂં કહીયે તો તેને મન પ્રજાનું સુખ એજ પોતાનું સુખ હતું, પ્રજા પણ અહર્નિશ તેના યશોગાન ગાતી. રાજેશ્વર માનતુંગને સોળ રાણીઓ હતી, છતાં પૂર્વના કર્મભાગ્ય યોગે હજુ સુધી કંઈ સંતાન હતુ નહિં. પોતે જૈનધર્મનો અનુયાયી હોઇ; પુત્ર હોવા ન હોવાનું કર્માધિન સમજતો હોવાથી, તે માટે જરાપણ વિષાદ ધરતો નહિં. એ સાથે બીજી કોઇ માનતા કે આખડીમાં મુગ્ધ ન બનતાં, જીન ભકિતમાં અડગ શ્રદ્ધા રાખી સ્વકાર્ય કરણીમાં પ્રપુલ્લવદને રક્ત રહેતો. શરૂઆતમાં નગર ચર્ચા જોવા નિકળેલા તેજ રાજનને કૃષ્ણ વસ્ત્રધારી વ્યક્તિ તરિકે તેમજ પાંચ સખીઓ વચ્ચે ચાલેલા સંવાદને પૂર્ણપણે સાંભળનાર તરિકે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપણે જોઇ ગયાં છીએ. માનવતીના ઘરપર પાનની પીચકારીથી નિશાન કરનાર અને અંતઃપુરમાં પાછો ફરનાર પણ તેજ પ્રજાહિતસ્વી નૃપતિ છે. ગત રાત્રિયે પાછા ફર્યા બાદ શી સ્થિતિ થઈ તે તરફ જરા નજર કરીએ.

## કૃષ્ણ વસ્ત્રધારીની પાછલી રાત.

નગરચર્ચા જોઇ ઉજ્જૈનનો ભૂપતિ મોડી રાતે અંતઃપુરમાં પાછો ફર્યો અને પોશાક ઉતારી રૂની પુણી કરતાં પણ કોમળ, અને શ્વેતતામાં ગાયના દૂધને પણ ટક્કર મારે તેવા પલંગપર સુંદર રીતે બિછાવેલી શય્યામાં પડયો; છતાં કેમે કરી નિદ્રાદેવીની પ્રસન્નતા મેળવી શકયો નહિં. તેને બાળા માનવતીના શબ્દો વારંવાર સ્મૃતિમાં આવવા લાગ્યા, એટલુંજ નહિં પણ મનમાં તેણીને પરણી, એ લીધેલ 'પણ' કેવી રીતે પૂર્ણ કરે છે તે નજરે જોવાની તાલાવેલી લાગી. નીતિકારનું કથન છે કે–' चिंतातुराणां न सुखं न निद्रा ' એ વાત અત્રે તો અક્ષરશઃ ખરી પડી. કેવી રીતે તેની સાથે પાણિગ્રહણ કરવું એવી વિચારણામાં નૃપતિએ બાકી રહેલ સમય વ્યતિત કર્યો. પ્રાતઃકાળ થતાંજ સત્વર બિછાનાનો ત્યાગ કરી, ઇષ્ટદેવ સ્મરણપૂર્વક દંતધાવન વિધિ સમાપ્ત કરી પોતાના ખાસ દિવાનખાનામાં જઈ તરતજ અનુચરને પ્રધાનને બોલાવવા મોકલી તેની માર્ગપ્રતિક્ષા કરતો તરંગશ્રેણીમાં લીન બન્યો. नातिदूरं समर्थानां

એ ન્યાયે તેઓશ્રીની આજ્ઞાનો અમલ થતાં શી વાર ? અલ્પકાળમાંજ મંત્રીશ્વર સુબુદ્ધિ રાજન્ સમક્ષ આવી અંજલી જોડી ખડો થઇ ગયો.

ભૂપતિએ નિશાકાળે બનેલ સર્વ વૃત્તાન્ત તેને ટુંકમાં કહી સંભળાવ્યો અને અંતમાં જણાવ્યું કે કોઇ પણ રીતે એ કન્યાનું પાણિગ્રહણ કરી મારે તેણીની શક્તિનો પ્રભાવ નિરખવો છે, માટે તમે જલ્દી તેના પિતાને મળી આ વાતનું ચોકઠું બેસાડો.

'बुद्धिर्यस्य बलं तस्य' એ ઉક્તિ અનુસાર બુદ્ધિનિધાન એવા વણિકકુળમાં જેનો જન્મ છે અને અહર્નિશ પ્રજ્ઞા સાથે જેને દાવ રમવાના છે એવા પ્રધાનને આ કાર્યમાં કંઇ પણ મુશ્કેલી લાગીજ નહિં. તરતજ તેણે જવાબ આપ્યો. "મહારાજ, જરાપણ ચિંતા ન કરશો. થોડીજ વારમાં માનવતીને હું તમારી બનાવી દઉં છું. એમાં તો કયું ભારે કામ છે કે આપશ્રી આટલા વિહ્વળ બન્યા છો ? આપ આનંદમાં રહો."

સારૂં, કાર્ય પાર પાડી મને સત્વર જણાવો.

તરતજ ત્યાંથી મંત્રીશ્વર સુબુદ્ધિ રવાના થઇ રાજાએ આપેલી નિશાની પ્રમાણે અવંતિની શેરી-ચોકને વટાવતો, ચંપક-વૃક્ષને જોતો માનવતીના પિતૃગૃહ સમિપ આવી પહોંચ્યો. ઘરની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભીંતપર તંબોળનું ચિન્હ જોઇ 'આ તેજ ઘર છે.' એવી પ્રતીતિ કરી, તુર્તજ વાહનમાંથી ઉતરી શેઠના ગૃહમાં અનુચર દ્વારા પોતે તેમને મળવા માગે છે એવું કહેણ મોકલ્યું.

## ધનદત્ત શેઠને ઘેર.

ધનદત્ત શેઠ પણ સવારની આવશ્યક ક્રિયા–પ્રતિક્રમણ ને સામાયિકમાંથી પરવારી દંતધાવનની ક્રિયા કરવા ચોકમાં નાખેલા પાટલા ઉપર બેસતા હતા ત્યાં નોકરે આવી મંત્રીશ્વરના આગમન વિષેના તેમજ મળવાની ઉત્સુક્તા વિષેના સમાચાર સંભળાવ્યા. જાતે વણિક એટલે અધિકારીનું આગમન અને તેમાં પણ રાજાના જમણા હાથ જેવા પ્રધાનનું એટલે વિચારશ્રેણીના વમળમાં ગોથા ખાવા લાગ્યો. કંઈ કંઇ શંકાઓ ધરી આગળ પાછળ બુદ્ધિ દોડાવી જોઈ, તેમ છતાં ન તો કંઇ કારણ જણાયું કે ન તો પોતાનો કંઈ ગુન્હો માલુમ પડયો. છતાં પણ ઉપરથી ધિરજ ધરી મંત્રીશ્વરના સામે જઇ, અંજલિ જોડી, આવકાર આપી માનપુરસ્સર મખમલની સુંદર ગાદી ઉપર બેસારી તમની બાજુમાં વિનય પૂર્વક બેસી કુશળ પૂછી વિનંતિ કરી કે–'એવા કયા મહત્વના કાર્યને અંગે આપશ્રીનું અત્રે પધારવું થયું છે તે જણાવવા કૃપા કરશો. આપશ્રીએ જાતે તસ્દી ન લીધી હોત અને અનુચરદ્વારા ખબર કહાવી હોત તો આ સેવક જાતે આપ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીને રૂબરૂમાં મળો જાત. ખેર, અમારા જેવા સામાન્ય પુરૂષના ગૃહાંગણુમાં આપ જેવા ભાગ્યવંતના પગલાં કયાંથી હોય! છતાં આજે મ્હારા પુણ્યોદયથી એમ બન્યું એમાં જરૂર હું તો મ્હારી જાતને અહોભાગ્ય માનું છું. આપની તરફની શી આજ્ઞા છે તે ફરમાવશો.”

મંત્રીશ્વર તો વણિક શ્રેષ્ઠિનું આ નમ્રતાભર્યું તેમજ બહુમાનભર્યું અને સ્વભાગ્યની પ્રચુરતા સુચવતું વિવેચન સાંભળી આનંદ પામ્યા. અને હર્ષિત વદને બોલ્યા કે—

શેઠ, જરૂર તમારૂં ભાગ્ય આજે તુષ્ટમાન થયું છે, તે વિના અવંતિપતિની નજર તમારા જેવાના ઘર તરફ પડે પણ ખરી? તે ક્ષત્રિય અને તમો વણિક!

આ વ્યંગ વચનોએ શેઠના હૃદયને ડોલાવી નાખ્યું અને કેટલીએ નવિન કલ્પનાને જન્મ આપ્યો, પણ ‘ડાહીમાના દીકરા’ તરિકે ઓળખાતા અને ‘મગનું નામ મરી’ કહી વાત કરનારા એટલે કે સામાને જરાપણ સ્વઅંતર આપ્યા સિવાય કાર્યનો મુદ્દો જાણી લેનારા આ વણિકે સરલતાથી પ્રશ્ન પૂછયો કે મહાશય, આપશ્રીની વાતમાં હું કંઇ સમજી શકતો નથી, મારી જે કંઇ ભૂલ થઈ હોય તે મને દેખાડો કે જેથી તેનો પ્રતિકાર કરી હું આપ જેવાના દિલને રીઝવી શકું. અમારા રંક જેવા વ્યાપારી વર્ગ પ્રતિ રાજેશ્વરની નજર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શા માટે થવી જોઇએ..? માણસ જાત ભૂલને પાત્ર છે. તેમાં આટલો વ્યંગ શો ?

શ્રેષ્ઠિન્, આવી અનુચિત કલ્પના કરવામાં તમારી ભૂલ થાય છે. તમો કંઇક જુદું જ સમજ્યા લાગો છો, મારા કહેવાનો આશય એ નથી કે રાજાની નજર તમારાપર થઇ છે તે કડવી છે. અરે એ તો મીઠી અને કુસુમ કરતાં પણ કોમળ છે. એથી તમારી કીર્ત્તિમાં વૃદ્ધિ થવાની અને તમારો મોભો સારા નગરમાં વધુ પ્રતિભાસૂચક બનવાનો. શું એ વાતથી તમોને આનંદ ન થાય ' મને વચન આપો કે જરૂર તમો તેમાં રાજી થશો. મારૂં કહેણુ તમે પાછું નહિ ઠેલો.

મહાશય, આપ સરખા રાજ્યના સ્થંભરૂપ અમાત્યના વચનને અસ્વીકૃત કરવાની ધૃષ્ટતા આ સેવક નહિજ કરે એમ ખાત્રી રાખી સત્વર વાતનો સ્ફોટ કરો.

સાંભળો શેઠજી, વાત એમ છે કે તમારી પુત્રી માનવતીનો વિવાહ સંબંધ રાજાધિરાજ સહ જોડો. હું તેજ અર્થે તેઓશ્રી તરફથી આવ્યો છું. આમાં કંઈ ઝાઝા વિમર્શને સ્થાન નથી. સોનું ને સુગંધ મળ્યા જેવું છે.

## શંકાનું સમાધાન.

મંત્રી મહાશય, આપશ્રીની વાત તો સાકર કરતાં પણ મીઠી છે. એવો ઉત્તમ સંબંધ કોને ન ગમે? અકસ્માત્

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવેલ અવસર જવા પણ કેમ દેવાય ! છતાં ભૂપતિને સોળ રાણીઓ અને તે પણ સૌન્દર્યશાળીની અને કુળવાન હોવા છતાં શા માટે આમ કરતાં હશે ? તેમજ વળી તેઓશ્રી ક્ષત્રિય અને અમો રહ્યા વણિક એટલે વૈશ્ય! તો પછી મેળ શી રીતે મળે ? એ ઉભય શંકારૂપી વમળો મારા મનરૂપી નાવને ડોલાવી રહ્યાં છે; નહી તો કયારનુંયે કંકુમાં પાણી પડી ગયું હોત !

વણિકવર, તમારે તે માટે જરાપણ શંકા ધરવાની નથી. ક્ષત્રિય એવા રાજા–મહારાજાઓની વાત જુદાજ પ્રકારની હોય છે. સામાન્ય જનતાની માફક તેઓ એક સ્ત્રી પરણે તેવો કંઇ નિયમ નથીજ. તેઓ ઉત્કટ વીર્ય-ધારી હોવાથી એવા બંધનનું તેમને માટે પ્રયોજન પણ નથી. પૂર્વકાળના ઇતિહાસમાં તમને તે માટે સંખ્યાબંધ દાખલા જડશે. ભરત ચક્રવર્તી જેવાનું એકજ દ્રષ્ટાન્ત પુરતુ છે. વળી સ્ત્રીરત્ન તો ગમે તેવા દુષ્કુળમાંથી પણ લેવાની જ્યાં સ્રી નીતિકારની આજ્ઞા છે ત્યાં આ તો વણિક કુળ ! આ બધી વાતમાં મુંઝાવાનું તમને જરાપણ કારણ નથી. અભયકુમારની માતા નંદા શ્રેષ્ટીસુતાજ હતી ને ?

ધનદત્ત શેઠની શંકાઓ મંત્રીશ્વરની અસ્ખલિત વાણીથી સૂર્ય દર્શને જેમ નભપ્રદેશમાંથી તારાગણ અદ્રશ્ય થતો જાય, તેમ નષ્ટ થવા લાગી અને રાજન્ જેવા જામાતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેળવવા મન તત્પર બન્યું અને હાપણ ભણી. ત્યારબાદ ઉભય વચ્ચે લગ્ન સંબંધ જલ્દી સાંધવા માટે કેટલીક વાતચિત ચાલી અને પાનસોપારી લઈ તેઓ છુટા પડયા.

આ રીતે અન્ય સખીઓની માફક માનવતીને પણ સંસારક્ષેત્રપર પદ સંચાર કરવાનો સુયોગ અચાનક પ્રાપ્ત થયો. સખીવૃંદમાં પણ નિત્યશઃ ઠીક આનંદ-મશ્કરી ચાલવા લાગી. માનવતી કેવી રીતે રાજારૂપ પતિ પામી સ્વપ્રતિજ્ઞા પાલન કરશે, એની સખીઓને ચટપટી થવા લાગી. લગ્નના દિવસો પણ જલ્દી નજીક આવવા લાગ્યા. આખા નગરમાં જ્યાં ત્યાં લગ્નના ઢોલ ગડગડવા લાગ્યાં. ખરૂં જ છે કે 'લગન સમ આનંદ અવર ન કોય !

## સમાગમની પ્રથમ રાત્રિ.

' પતિ પત્નિનો પરમેશ છે, સાચી શાસ્ત્રે શાખ,
પતિ તારક મારક નારીનો, સત્ય કહું સાક્ષાત;
કાણો, કુટિલ, કુબડો, અપંગ ને નિર્ધન,
પરમેશ ગણીને પૂજશે, તે બાળાને ધન્ય.

શું જાણે કે પરવશ થઇ આંસુ છે વહોરવાનાં !
શું જાણે કે હૃદય ધરતાં ઘાજ છે લાગવાનાં ?
આ સંસારે પ્રથમ પ્રીતિએ કોણ જાણી શંકયું છે ?
કે પ્રીતિનું રૂધિર સઘળું ઉષ્ણ અશ્રુ તણું છે ?

"કલાપી"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંધ્યાકાળનો સમય થવાની તૈયારી છે. દિવસના સખત પરિશ્રમથી અથવા તો ગ્રીષ્મઋતુના પ્રખર તાપથી વિહ્વળ બનેલ જન સમુદાય સંધ્યા દેવી પાસેથી શિતળતા અને શાંતતા મેળવવા અર્થે નગર દ્વાર-માંથી નિકળી સમીપમાં આવેલા ઉદ્યાનમાં અગર તો તેની સામે પથરાયલા વિસ્તૃત મેદાન પ્રતિ વિચરી રહ્યા છે. સમીર પણ મંદ મંદ વાય છે, જેથી સૌ કોઈને આનંદ દાયક લાગે છે; એટલુંજ નહિં પણ લાગેલ શ્રમને હલકો પણ કરે છે. આખાયે દિનના સખત મહેનત કરી અત્યારે પાછા ફરતાં અને સ્વઘર તરફ ગમન કરતાં ખેડુતોના વૃંદ, ગામડીયા ભાષામાં કયાંતો વાતો કરતાં અથવા તો પોતાના ઢોરોને દોરી જતાં દેખાય છે. ટુંકમાં કહીએ તો સચરાચર જગત સૂર્યનારાયણને અસ્ત પામતાં જોઇ, પોતપોતાના કામો આટોપી લઇ, તેમના પ્રતિ સહાનુભૂતિ દર્શાવવા અર્થેજ જાણે તત્પર ન બન્યું હોય તેવો ભાસ થાય છે. દિવસ પાછળ રાત્રી, સુખ પાછળ દુઃખ, હર્ષ પાછળ શોક, અથવા તો શ્રમ પછી આરામ એ કુદરતી નિયમ છે.

રાજમહેલમાંથી મ્યાનો કયારનો એ આવી ચુકયો હતો, આજે માનવતી પિયરનો ત્યાગ કરી શ્વસુર ગૃહમાં પ્રયાણ કરવાની હતી. સ્વપતિદેવ રાજાધિરાજ માનતુંગ ને નિરખવાની અને તેમની સહ પ્રણય વાર્તા કરી કંઈ કંઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લ્હાવો લેવાની તેના મનમાં અભિલાષાઓ જન્મી હતી; તેથી તેનું હૃદય હર્ષથી પ્રફુલ્લ બન્યું હતું; છતાં ચીરકાળથી જેમના સહવાસમાં ઉછરી, જેમના હાથે લાડ પામી અને જેમના દ્વારા જ્ઞાન પ્રાપ્તિ કરી એવા માતાપિતાને હંમેશને માટે છોડી જવાની ચિંતાથી મુખારવિંદ પર ગંભીરતા છવાઇ ગઇ હતી.

હાથી રાજ દરબારે શોભે અને સ્ત્રી સાસરે શોભે એ લૌકિક કાનુન તેને માટે બદલાવાનો ન હતો એમ ધારી સર્વ પ્રકારની તૈયારી કરી રહી. સગા સંબંધી અને સખી વર્ગ ગૃહાંગણુમાં એકત્રિત થઈ ચુકયો હતો.

ધનદત્ત શેઠે સ્વશક્તિ અનુસાર સ્વતનુજાને વસ્ત્રાલંકારથી ભૂષિત કરવામાં લેશ માત્ર મણા રાખી નહોતી, સંધ્યા કાળ વીતી નિશા સમયના આગમન સમયે શ્રેષ્ટિપ્રિયા ધનવતી હસ્તમાં કુંકુમપાત્ર તથા શ્રીફળ અને અક્ષત લઇ દ્વાર સમીપ આવી ઉભી રહી. માનવતી ને પૂર્વ સન્મુખ ઉભી રાખી ચાંલ્લો કરી તેલ અક્ષત ચોંટાડી હાથમાં શ્રીફળ આપી માતા તરિકેની છેલ્લી શિખામણ આપતાં તેણે જણાવ્યું કે–'

પુત્રી, ત્હેં ધર્મ નીતિનું જ્ઞાન સારા પ્રમાણમાં મેળવેલું હોવાથી પતિ સહના વર્તન વિષે કે શ્વસુરગૃહના વાસ વિષે મારે કંઈ કહેવાનુ રહેતું નથી; છતાં મારી ફરજ તરિકે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હુંકમાં પુનઃસ્મૃતિ કરાવું છું કે-" સદૈવ સ્વામીની આજ્ઞાનું પાલન કરજે, તેમનું મન ખિન્ન થાય તેવું એક-પણ આચરણ કરીશ નહિં. પ્રાતઃકાળે વહેલાં ઉઠી દેવગુરૂ સ્મરણ પૂર્વક પતિભક્તિમાં લીન રહેજે. તેવીજ રીતે, રાત્રિના ઈષ્ટદેવના સ્મરણ બાદ સ્વામીના ઉંઘ્યા પછી નિદ્રાનું આસ્વાદન કરજે એટલે કે રાજ્ય વૈભવના વિલાસોમાં પ્રમાદી બની નતો ધણી પ્રત્યેની ફરજોને ભુલી જતી કે નતો કાયાને એદી બનાવતી.

બ્હેન, ત્હારા શીરે સાસુ સસરારૂપ છત્ર તો નથી છતાં ત્હારા કરતાં સોળ મ્હોટી રાણીઓ છે જે ત્હારી બ્હેનો સમાન છે; તેમની સાથે બહુમાન પૂર્વક અને વિનય સાચ-વીને વર્તજે. સપત્ની ગણી કોઇદિન પણ કલહ આદરીશ નહિં. 'આપ ભલા તો જગ ભલા' એ ઉક્તિ સદૈવ યાદ રાખજે અને ત્હારા સુંદર આચરણથી મ્હારા પિતૃકુળની, ત્હારા પિતૃકુળની તેમજ ત્હારા પતિકુળની એમ ત્રણે કુળની કીર્તિને દીપાવજે એ મારો ત્હને આશીર્વાદ છે "

આ વેળા માતા ધનવતીનું હૃદય ભરાઇ આવ્યું. અપ્ર-તિમ માતૃસ્નેહનું દર્શન થયું. આંખોમાં અશ્રુઓની ઝાંખી થઇ, સગા સંબંધી અને સખી વૃંદના અખંડ સૌભાગ્યના આશીર્વાદ વચ્ચે, માનવતી માતાપિતા તથા વડિલ વર્ગને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વંદન કરી મ્યાનામાં બેઠી અને અલ્પ સમયમાં ત્યાંથી વિદાય થઈ ગઇ. આજે તેનું હૃદય માતાપિતાના વિરહથી વિહ્વલ બન્યું હતું. એક શબ્દ ઉચ્ચારવો એ તેને મન મોટો પહાડ ચઢવા બરાબર હતું એટલે મૌનપણે તેણીએ સર્વનું કથન સાંભળી વિદાય લીધી. ભાવિ સુખના સ્વપ્નાંઓએ હવે તેની પુંઠ પકડી હતી કેમકે મ્યાનો જેમ જેમ ગતિ કરી મહાલયની નજીક આવતો હતો તેમ તેમ માનવતીનું મન થોડાજ સમય પૂર્વેની સ્થિતિને વિસરી પતિને કેવી રીતે રંજીત કરવો, તેની સહ કેવી રીતે મિષ્ટ પ્રકારે વિનોદ કરવો અને કેવા સુંદર પ્રકારે આજની પ્રથમ રાત ક્રીડામાં વ્યતિત કરવી તેના કાર્યક્રમ ગોઠવવામાં એટલું તો ત્વરિત ગતિએ ગમન કરી રહ્યું હતું કે જયારે નિયત કરાયેલા સ્થાને આવી મ્યાનો અટકયો અને દાસીએ આવી પડદો ઉંચકી " સ્વામીની આ મહેલમાં પધારો " એવા શબ્દોનો ઉચ્ચાર કર્યો ત્યારેજ તેણી વિચાર સાગરમાંથી જાગ્રત થઈ તરતજ ઉતરી પડી પોતા માટે નિયત કરાયલા સ્થાનમાં દાખલ થઇ અને દાસી પણ મ્યાનામાંની વસ્તુઓ ગ્રહણ કરી તેની પાછળ ચાલવા લાગી; અને ઉભય બેઠકના ખંડમાં આવી પુગ્યાં. દાસીનું નામ વેગવતી હતું. તેની રાજમહાલયમાં સારી છાપ હતી. કેમકે તે જુની દાસીઓમાંની એક હતી. તેણે માનવતીને અંતઃપુરને લગતી સર્વ બાબતોથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાકેફ કરી એટલુંજ નહિં પણ શોકચો વચ્ચે અરસપરસ કેવી ખટપટો ચાલે છે તેનો પણ ખ્યાલ કરાવ્યો. રાજ્ય-ઘટિકામાં દશના ટકોરા થયા એટલે સ્વામિનીની રજા લઈ તે સ્વસ્થાનકે ગઈ.

## અધરાતડી વીતી ગઇ.

યુવાન વય, સંપૂર્ણ પણે ખીલેલું યૌવન, નિશાનો સમય, વૈભવના સાધનોની વિપુલતા; અને પતિને મળવાનો તેમજ તેમની સહ વાર્તાલાપ કરી આનંદ લુંટવાનો આ પહેલોજ અવસર એ સર્વેએ એકત્રિત થઈ માનવતીના હૃદયમાં ગંભીર ઉથલ પાથલ કરી મૂકી. હવે તે એકલી પડી હતી એટલે ' હજુ રાજાજી કેમ આવ્યા નહીં હોય ! આજે તે શું ગંભીર કાર્ય ઉપસ્થિત થયું હશે ? મારી સપત્નીમાંથી કોઈએ રોકી તો નહિં રાખ્યા હોય ને ? " આવા આવા વિચારો ઉદ્‌ભવતાં અને સરોવરના જળના પરપોટા માફક વિલીન પણ થઈ જતાં દાસીના મુખે તેણીએ સાંભળ્યું હતું કે ખાસ કારણ સિવાય રાજાજી દશના ટાઈમથી વધારે મોડું કરતાં નથી. નગરચર્ચા જોવા નિકળે છે પણ તે અંતઃપુરમાં આવી, વેશ પરિવર્તન કરીનેજ. આ વેળાયે તેના મનમાં ખરી તાલાવેલી લાગી હતી. અંગે અંગમાં મદનરાજની પધરામણી થઈ ચુકી હતી. વિરહ દુઃખની પીડાથી તેના રોમે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોમમાં તણખા ઉઠતાં હતાં. સમાગમની આ પ્રથમ રાત્રિ માટે તેણે કંઈ કંઇ સ્વપ્નાઓ બાંધ્યાં હતાં. કંઇ કંઇ નવી આશાલતાઓને ઉગાડી હતી, કેવા કેવા મનોરથોની માળાઓ ગુંથી હતી. અત્યારે તે ઉપર પાણી ફરતું જોઇ તેનું હૃદય વિહ્‌વળ બન્યું હતું. ઘટિકાએ આખરે બારના ટકોરા કર્યા. રાહ જોઇને થાકેલી માનવતી આખરે શય્યા પર પડી. નિદ્રા તે કયાંથી આવે છતાં અકલ્પ્ય વ્યથા સમાવવાને આળોટવા લાગી. મહારાજ ન પધાર્યા તે નજ પધાર્યા. શાથી આજે ન પધારી શકયા તે વાત પણ ઉકેલ્યા વિનાનીજ રહી.

પંખીઓની પાંખોના ફફડાટ અને વિચિત્ર પ્રકારના કલરવથી પ્રભાત કાળ થયાની પ્રતીતિ થતાં પ્રભુ સ્મરણ પૂર્વક આવશ્યકીય કાર્યોથી પરવારી માનવતી દંતધાવનની વિધિ આટોપવા લાગી. દાસી વેગવતી પણ રાત્રિના વૃત્તાન્તથી જાણકાર બની હતી છતાં તેની દ્રષ્ટિમાં પણ કોઇ હેતુ ન જણાયાથી અદ્યાપિ સુધી મૌન પણે કામ કર્યે જતી. દિવસ ચઢવા લાગ્યો છતાં રાજેશ્રીના દર્શન તો દુર્લભજ થઈ પડયા. પ્રધાન મોકલી તાકીદથી લગ્ન કરવાને ઉત્સુક નરપતિ મંગળાચરણમાંજ આટલી બેપરવાઈ બતાવે એમાં શું સમજવું ! માનવતીના અંતરમાં ભાંજગડ થવા લાગી પણ અબળા હૃદય કરે પણ શું ? તેનો નંબર સત્તરમો હતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને વળી અવંતિપતિની રાણી સ્વરૂચી પ્રમાણે વર્તન કરનાર રાજેશ્વર માનતુંગની પત્નિ! એનાથી ઓછું સામાન્ય યુવતી માફક સ્વદુઃખ કોઇકને કહેવાય તેમ હતું ! શોકયોના આવાસમાં જઇને અને આમ તેમ ફરીને સમય વ્યતીત કરવા લાગી. આજે નહિં તો કાલે તો જરૂર પધારશે એવી આશામાં ને આશામાં કેટલાક દિવસો વીતીગયા સ્વમાન સમજતી અને અત્યંત પ્રેમાળ એવી સાનવતી રાજેશ્રી તરફથી પ્રેમનો થતો આવો તિરસ્કાર જોઇ ગભરાઈ ઉઠી. પ્રેમીનું દુઃખ પ્રેમીજ જાણી શકે ! ખરૂંજ કહ્યું છે કેઃ—

"ચંદ્રકો ચાહી ચકોર મરે, નિશિ દીપક દેખી જળેજ પતંગા,
મોર મરે ઘન ઘોરકી સોરસેં, મીન મરે બિછુડે જળ સંગા;
સ્વાતિકે બુંદ બપૈયા મરે, પુંનિ કેતકી કારણ ભૌર ભુજંગા,
એક ચાહે અરૂ એક ન ચાહે તો, યારો જલોવાકો પ્રેમ ચકંગા"

સ્વ૦ ક સરવાળા પણ એ વિષે કથન કરતાં કહે છે કે-

" પતંગો દીપને ચાહે, ભમર ભોગી કમળનો છે.
ચકોરી ચંદ્રની પૂઠે, મરે છે પ્રેમને માટે,
અમે પણ પ્રેમ નૌકામાં અમારૂં નાવ હાંકયું છે,
રઝળીયે કે રતી રળીયે; બધું એ પ્રેમને માટે "

પ્રેમીની રીત નિરાળીજ છે. વિચાર કરોને કે રાજીમતીને પિતાશ્રી તથા સખીગણ તરફથી પુનઃવિવાહિતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવાની માગણી થઇ છતાં જેનું મન શ્રી નેમીકુમારમાં ચોંટેલુ તેને મન એ રૂચે શી રીતે ? તરતજ કાન આગળ આડા હાથ ધરી એવું સાંભળવા પણ ના પાડી અને દ્રઢતા પૂર્વક કહ્યું કે–એઓ જે રસ્તે ગયા તેજ રસ્તે હું પણ જઇશ; અને આ પાણિગ્રહણ વેળાયે નહિં આપેલો હાથ જરૂર પ્રવ્રજ્યા ગ્રહણ કરી માથે મૂકાવીશ ’ અહીંજ પ્રીતિ જેવી બે અક્ષરની ચીજમાં રહેલ અદ્‌ભૂત રહસ્ય માલમ પડે છે.. અલંપ્રાસંગિકેન. દિન પછી દિન વહી જવા લાગ્યાં અને આ તરફ યૌવનના બગીચારૂપી માનવતી કુશળ એવા માળી વિના સુકાવા લાગી, પ્રેમરસરૂપી વારિ વિના કરમાવા લાગી. દાસીઓ દ્વારા સંદેશા મોકલાવ્યા, વારંવાર પ્રાર્થનાઓ કરી પણ કેટલાએ દિવસો સુધી જેમ વર્ષાકાળમાં વાદળાથી વિંટાળાયલા નભ મંડળમાં સવિતાપતિના દર્શન નથી થતાં તેમ માનવતીની આશા ફળીભૂત નજ થઈ.

**अति सर्वत्र वर्जयेत्** એ સૂત્ર સાવ ખોટું તો નથીજ. ગમે તેમ પણ રાણી માનવતી વણિક તનયા હતી. તેના હૃદયમાં શંકાએ ઘર કર્યું. તેને‘ દાળમાં કાળા ’નો શક ગયો. દ્રઢતા સાથે એક વાર વધુ તેણીએ દાસી સાથે રાજન્‌ને મુલાકાત આપવા પ્રાર્થના કરી અને વિનવ્યું કે એવા કયા અપરાધને લઇને આ રંક રામાને પરણીને તરતજ વિરહ દાવાનળમાં ઝુરતી કરી દીધી છે. ? ભૂલની ક્ષમા યાચવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તૈયાર છે છતાં એકાદવાર મહેલમાં પધારો ત્યારેજ બનેનો અંતર વહોવાઇ જાય છે, પણ ખાલી કોની સમક્ષ કરવું? માટે જરૂર એકવાર પધારજો. માનતુંગને તો પ્રતિજ્ઞા પુરણ કરાવવાની ચટપટી લાગીજ હતી; પણ તે સમયની રાહ જોતો હતો. તેને માનવતીને ઉશ્કેરીને, કષ્ટ આપીને પણ તેની વાત કેવી રીતે ખરી કરે છે તે જોવું હતું. નહિ તો એમ કબુલ કરાવવું હતું કે ગમે તેમ વદવારૂપ એ નારી જાતોચિત નરી ઉચ્છૃંખલતાજ હતી. આજે એ યોગ મળી આવ્યો. દાસીનો સંદેશો પ્રાપ્ત થતાંજ તે અલ્પ સમયમાં ચાલી આવ્યો.

## પ્રથમગ્રાસે મક્ષિકાપાતઃ

આખી રાત્રિ કલ્પાંત કરી મરણોન્મુખ બનેલી ચક્રવાકીને પ્રાતઃકાળ થતાં જેમ ચક્રવાકનો પુનઃ યોગ થવાથી અવર્ણનીય સુખની પ્રાપ્તિ થાય, લાંબા કાળથી પરદેશ ગયેલા પુત્રનું એકાએક આગમન થવાથી માતાને જે અપરિમિત સુખ ઉપજે તે કરતાં પણ વધુ સુખ આજે માનવતીને સ્વપતિ માનતુંગના દર્શને થયું. તેણીના મહેલમાં આજે સુવર્ણ દિન ઉગ્યો. તેણીનું શરીર પ્રપુલ્લતાને પામ્યું તરતજ તેણી સ્વહૃદયના માલિકની સામે હસ્તદ્વય જોડી અધોવદને ખડી થઇ ઉભી રહી.

કેટલાક સમય સુધી ઉભયના મૌનથી ત્યાં નિરવતાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અપૂર્વ શાંતિ વ્યાપ્ત થઇ ઉભી રહી.

અંતે રાજન્ના મુખમાંથી ઉદ્ગાર નિકળ્યા પણ તે એટલાજ! 'મને શા માટે બોલાવવામાં આવ્યો છે?' માનવતીનું હૃદય આ શબ્દો સંભળી ચીરાઈ ગયું. આટલા લાંબા સમયે પણ સ્વામીના અંતરમાં એકાંત શુષ્કતા જોઇ વલોવાઈ ગયું. પોતાની સર્વ હિંમત એકઠી કરી, પ્રણયના મીઠડાં લ્હાવાના સ્વપ્નો ઉરાડી દઇ કંઇ રોષદર્શક સ્વરે, નિરાશવદને અને ભાવિ અમંગળની શંકાએ ધડકતા અવાજે તેણે પ્રત્યુત્તર આપ્યો કે–

"નાથ ! હજુ પણ આપ મારા મુખે કારણ જાણવા માંગો છો ? સોળ સ્ત્રીના સ્વામી આટલા બધા ભોળા છે એમ હું આજેજ જાણું છું. કૃપા કરી જરા મારી દેહ-યષ્ટિ તરફ નજર કરો, મ્હારાં ગાત્ર નિહાળો, મારા મુખની કાંતિ પ્રતિ ચક્ષુ માંડો, એનાથીજ તમને જવાબ મળી આ-વશે. પરણ્યા પછી હજુ આજે તો આપશ્રીનું પ્રથમજ દર્શન થાય છે ! આપ જેવા શ્રીમાન્ ને અથવા તો મારા કરતાં અધિક રૂપવતી અને પૂરણ ભાગ્યશાળી મારી બ્હેનોના સહવાસમાં અહર્નિશ રમણ કરનારને આપનાજ વિરહે થયેલાં અતુલ દુ:ખનો ખ્યાલ કયાંથી આવે ? શું પુરૂષ હૃદય આટલું બધું નિષ્ઠુર હશે ? વળી આજની આપની અધિરાઇ અને મિષ્ટતાને સ્થાને કર્કશતા નિરખી દંપતી

જીવનના ગોઠવી રાખેલા મારા લ્હાવા-આજે ધરાશાયી થઇ જાય છે. સુખની પરાકાષ્ટાએ પહોંચવા આવેલા અને તે અર્થે તીવ્રગતિ કરતાં મનુષ્યને થોભી જવાનું કહેતાં એકાએક જેટલો ધક્કો પહોંચે છે અને જેટલો નિરાશ થાય છે તેથી અધિક નિરાશા આજે મને આપશ્રીના પ્રશ્નથી થાય છે. આ ચીરકાળના દુઃખનો આજે બદલો લેવાનો મારો નિશ્ચય હતો પણ તમારા એ પ્રશ્ને તેને પાયામાંથીજ હલાવી નાંખ્યો છે. સ્વામિન્ આપ જાણતાં છતાં શા માટે હજુ આ અબળાને-જળવિહુણી માછલીને વધુ તલસાવો છો ? શું મારામાં કંઇ કલંક દીઠું ? અથવા તો આવતા વેંત એવી મારી કંઇ કસુર જોઇ ? આપનું વર્તન આવું કેમ થયું ? આપ મને સમજાવો તો તે માટે હું કંઇ ખુલાસો પણ કરૂં. ભુલ માટે આપની આ દાસી ક્ષમા યાચવા તૈયાર છે. હું તો તમારા પગની રજ તેના ઉપર આટલો બધો રોષ કરો એ તો કીડીપર કટક ગણાય. વ્હાલા જરા તો બોલો. આટલા દિવસ થયા છતાં આપ એકવાર જરા હસીને નથી બોલતાં કે નથી ઘડીભર વાત કરતાં તેનું કારણ શું ? આપને તો મારા જેવી બહુ હશે પણ મ્હારે મન તો આપ એકજ છો.

રાજેશ્રી માનતુંગના મનમાં જુદુંજ ભુત ભરાયું હોવાથી આ બધી વિનવણીઓ તેના કર્ણ રંધ્ર દ્વારા સીધી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહાર નીકળી ગઇ. તે તો મૌનજ રહ્યા માનવતીથી આ શી રીતે સહ્યું જાય ? યુવાનીના વેગમાં આ કંઠ સુધી ભરેલી અને અવનવી આશાઓના તરંગો પર હિંચોળા ખાતી આ મદભરી નવયૌવના આવા ઠંડા આવકારથી કેમ સંતોષ પામે ? તેણીનું હૃદય ભરઇ આવ્યું અને નમ્ર વચને ફરીથી પ્રાર્થના કરવા લાગી:—

## પત્નિની કરૂણ પ્રાર્થના.

શું કાંઇ માહરે વાલહે, દીઠો અવગુણ કોઇ હો
હજી નથી મુઝ શું બોલતો, સહિ ઇહાં કારણ હોય હો
આજથી માંડયો એહવો, આગળ કેમ નિવહાય હો
પ્રથમજ કવળે મક્ષિકા તે, ભોજન કેમ ખવાય હો
કરજોડી કહે કામિની, અહો અહો પ્રાણ આધાર હો
કિમુ તુંમે આમણદુમણા, દીસો છો કોણ પ્રકાર હો
હું છું કનડી રાઉલી, મુઝ ઉપર શો રોષ હો
વાડ ભખે જો ચીભડાં તો કેહને દીજે દોષ હો
આવી વળગી હું પાલવે, તે કિમ અળગી થાય હો
તેહને ઠેલી નાખતાં, પરમેશ્વર દુહવાય હો
બોલો નાહ મયા કરો, કહું છું બિછાવી ગોદ હો
ધિરજ હું ન ધરી શકું, ઉપજાવો આમોદ હો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કટ કીસી કીડી ઉપરે, તૃણ ઉપર શે કોઠાર હો
સાહમું જુવો સાહિબા, જો બુદ્ધિ દિયે કિરતાર હો
મુઝ અબળાનો બળ કેટલો, તુમ આગળ મહારાય હો
પાય પડી કરૂં વિનતી, પીયુને ઘણું શું કહેવાય હો

" રાણી! આટલી બધી આજીજી શા માટે? ચૈત્ર માસની પૂર્ણિમાને કાં વિસરો છો ? તે વેળાના તમારા ઉચ્ચારાયેલા શબ્દોને યાદ કરો. પ્રથમ તમો એ પાંચે પ્રતિજ્ઞાનું પાલન કરી બતાવો; પછીજ મારી પાસે પ્રીતિની યાચના કરો. સોળ રાણીઓ હોવા છતાં મેં તમારી સાથે સત્તરમી વેળા સંબંધ જોડયો તેનું ખરૂં કારણ પણ તેજ છે. "

" પ્રાણેશ ! કઇ પ્રતિજ્ઞાઓ ? આપ શું વાત કરો છો ? આપની સહ આજે મારો યોગ પ્રથમ થયો છે ત્યાં પ્રતિજ્ઞાની વાત કેવી ! " રાણીએ સામો પ્રશ્ન કર્યો.

ભૂપતિ માનતુંગે તે રાત્રિની વાત યાદ દેવડાવી માનવતીના શબ્દેશબ્દો કહી દેખાડ્યા અને જણાવ્યું કે તમો કેવી રીતે મને (૧) તમારા પગે લગાડો છો, (૨) કેવી રીતે મારા માથે ટુંબા મારો છો, (૩) કેવી રીતે ગળે નાથ નાંખી બળદની માફક ફેરવો છો અર્થાત્ કુદડી ફેરવો છો. (૪) કેવી રીતે તમારૂં ચરણોદક પાઓ છો. અને (૫) કેવી રીતે ખાધેલું જમાડો છો. એ સર્વ મારે જોવું છે. તમો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બોલ્યા પ્રમાણે કરી દેખાડો. તે વિના દંપતી જીવનના સ્વપ્નાં લાવવા ફોગટજ છે. હું તમારી સાથે સંસાર સુખ માણવા અર્થે તમને નથી પરણ્યો. મારો હેતુ તો તમારી કસોટી કરવાનો છે.

**ભૂતકાળના બનાવની સ્મૃતિ.**

કેમ જાણે પર્વતનું શિખરજ ન ત્રુટી પડયું હોય, અથવા તો સમુદ્ર તોફાને ન ચડયો હોય અગર તો ભૂકંપ થવાથી સારી સૃષ્ટિના કંપી ઉઠી હોય! એવી રીતે નૃપતિના મુખાર્વિંદમાંથી ઉપરની વાત બહાર પડતાંજ માનવતી કંપી ઉઠી, તેણીની ચક્ષુ સમિપ બાલ્યાવસ્થાની તે ચાંદની રાતની ગરબાની અને સખીઓની વાત તરવા લાગી. પોતાના મુખમાંથી સહસા નિકળી ગયેલા વચનોની સ્મૃતિ તાજી થઈ. વચન કેવું દારૂણ કામ કરે છે તેનો અત્યારે સાક્ષાત્કાર થયો તેણીનું સકળ અંગ પરસેવાથી રેબઝેબ બની ગયું અને પોતે બેબાકળી બની ગઈ. જ્યાં પોતાનોજ દોષ ત્યાં હવે કરવું શું એ વિચારે તેણીનું મન ચકડોળે ચડયું. એકદમ ઉઠી, તેણી રાજેશ્વરના-સ્વપ્રાણપતિના ચરણોમાં ઢળી પડી અને એ ઉતાવળીયા શબ્દો માટે માફી માગી, મનમાંથી તે દૂર કરવા માટે નમ્રપણે વિનંતિ કરવા લાગી.

માત્ર સાક્ષાત્કાર! અને તે પણ એક બાળાએ કન્યાવસ્થામાં-રમતનાં નિર્દોષપણે ઉચ્ચારેલા શબ્દોનો સાક્ષાત્કાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવાનો એકજ નિશો જેને ચઢેલો છે એવા રાજાએ તેણીની વિનંતિને ધુતકારી, કાલાવાલા અને આજીજીઓને ઠોકરે મારી પરખાવી દીધું. એ નહિં બને, બોલ્યું કરી દેખાડવું પડશે. ત્હને કારાગૃહમાં કેદ કરી તું શું કરી શકે છે એ નિરખવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો છે. અત્યારે તો ત્હારા માટે મારા અંતરમાં લેશ માત્ર પ્રેમને સ્થાન નથી " માનવતી સ્વતઃ વિચારવા લાગી કે 'કનક ગણી કેળવ્યું પણ કર્મે નિકળ્યું કથીર' એ વાત મારી બાબતમાં ખરી પડી છે. પ્રિય સ્વામીને મારા શબ્દોની પ્રતિતિજ કરવી છે તો પછી મારે તે કરી દેખાડ્યા સિવાય અન્ય માર્ગજ નથી. સતિનું જીવન પતિજ છે. એ વિનાનો સંસાર એ લુણ વિનાના ભોજન તુલ્ય શુષ્ક અને નિરસજ છે. હાલતો મારી અભિલાષાઓના ચુરેચુરા થઇ ગયા છે. આ રાજ મહેલના સુખો મારે માટે શ્મશાન કરતાં પણ અધિક શત્રુની ગરજ સારે છે; છતાં ધિરજના ફળ મીઠાં છે. ભાગ્ય વિપરીત બની બેઠું છે પણ ઉદ્યમ ન તજવો. પુરૂષાર્થથી ભાગ્ય ફેરવી શકાય છે એમ જ્ઞાની પુરૂષોનું કહેવું છે. સ્વામી સીધી રીતે સમજે તો તો સારૂં નહિંતો અબળા સમયે 'પ્રબળા થઇ શકે છે' તેનો સાક્ષાત્કાર જરૂર કરી દેખાડવો. પ્રભુ જરૂર જય આપશે. આત્મિક શક્તિઓ એકલા પુરૂષનેજ નથી વરી ! પતિવૃતા નારીનો ધર્મ પણ એજ છે, પતિ તો એજ, તો પછી કાં તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કળથી અથવા તો બળથી કે પછી છળથી ઠેકાણે લાવ્યા સિવાય આ નારી દેહનું જીવતર નકામું છે.

"રાણી શું વિસ્મરો છો ? માત્ર જીભરડીનુંજ બળ ધરાવો છો કે વણિક દુહિતા પાસે કોઇ અન્ય શક્તિ છે ?" વિચારમાં લીન બનેલ માનવતીને ઉદ્દેશી રાજને પ્રશ્ન કર્યો.

નાથ, મારા કથનમાં સત્ય છે તેવી શક્તિ પણ છે; છતાં આપના પ્રતિ અજમાવવી તે ઉચિત નથી લાગતું શા માટે આપ એ સારૂ આટલી જીદ લઇ બેઠા છો ? આપ શું એમ માનો છો કે અબળા એ સદૈવ અબળાજ હોય છે; અથવા તો નારી જાતની બુદ્ધિ પગની પાનીએજ હોય છે, અથવા તો સ્ત્રીજાતિમાં કંઇ શક્તિ હોતીજ નથી ? એમાં આપની ભૂલ થાય છે. તો પછી તેણીની કુખે તીર્થંકર ચક્રી કે વાસુદેવ જેવા નરરત્નો પાકેજ શી રીતે ? સુંદરી ચંદના, રાજીમતિ જેવીના નામો આગમના પાને સુવર્ણાક્ષરોથી શોભી રહ્યાં છે તે બનેજ કયાંથી ? નમ્રતાથી મારૂં તો એટલું કહેવું છે કે સતી સ્ત્રીઓના આગળ ગમે તેવા શૂરવીર પણ સ્હેખાય છે. વળી એ જાતિને વરદાન છે કે જો તે રહે છે તો આપથી અને જાય છે તો સગા બાપથી. આપશ્રીને શું નુપુરપંડિતા અને પાતાળ સુંદરીના દૃષ્ટાન્તો યાદ નથી ? ટુંકમાં કહું તો નારીને છેડવી એ ઝેરી નાગણને છેડવા કરતાં પણ વધુ દુઃખ ઘટના છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનવતીની બોલવાની છટાથો અને સચોટ રીતે દલીલ કરવાની શક્તિથી નૃપતિ વિસ્મય પામ્યો. જો તેને પ્રતિજ્ઞા-કસોટીનું ભૂત ન વળગ્યું હોત તો આ વેળા તેણીને કયાર-નીએ પટરાણી પદ પર વિભૂષિત કરી દીધી હોત. તેણે જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો. “ તન્વાંગી ! એ પાતાળ સુંદરી કોણ હતી ? અને આપણા વાર્તાલાપ સાથે તેને શું સંબંધ છે ?”

હૃદય વલ્લભ! આપશ્રીનું કહેવું એમ થયું કે મને એક સ્થંભા મહેલમાં રાખી આપ મારી પાસે મેં કરેલ પ્રતિજ્ઞા સિદ્ધ કરી દેખાડવાની ખાયેશ ધરાવો છો અને મનમાં એવી ધારણા કરી બેઠા છો કે આ અબળા જાતિ અને તેમાં આવી સખત રીતે કેદ કરાયેલી, તે વળી શી રીતે પ્રતિજ્ઞા પાલન કરી શકશે ? એ સંબંધમાંજ મેં આપ સમક્ષ પાતાળ સુંદરીનું નામ ઉચ્ચાર્યું છે. કેમકે તેણીને એવા સખત બંદોબસ્ત હેઠલ રાખ્યા છતાં પણ તેમાંથી તે છટકી ગઈ અને ધાર્યું કાર્ય કરવા સમર્થ થઇ, તેમ આપે માની લેવું ઘટે કે મારામાં પણ તેવી શક્તિ છે. આપ ખચીત માનજો કે અંતે એમાં આપની હારજ થશે.

“મુગ્ધા, પાતાલ સુંદરીની કથા ટુંકામાં કહી દેખાડ કે જેથી મારૂં હઠાગ્રહી મન તે સાંભળી ઠેકાણે આવે તો આ બધી જંજાળ છુટી જાય ” રાજાએ ઠાવકાઇથી સવાલ કર્યો. જોકે તેના હૃદયમાં તો એ વાત જાણી લઇ એથી પણ સખત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બંદોબસ્ત કરવાનો ઈરાદો રમી રહ્યો હતો.

**પાતાળ સુંદરી.**

" નાથ, સાંભળો ત્યારે. એક રાજવીને એક જોગીના પ્રસંગમાં આવવાથી અને નારી ચરિત્રનું વિચિત્ર દૃશ્ય જોવાથી એવોજ ખ્યાલ બંધાઈ ગયો હતો કે સકળ વિશ્વમાં સ્ત્રીજાતિ–આખીયે સ્ત્રીજાતિ–વિશ્વાસઘાતી અને અપવિત્ર છે. તેથી તેનું ચિત્ત રાજકાજમાં પણ બરાબર ઠરતું નહિં અને પોતાના અંતેઉર પ્રતિ તિરસ્કારની દૃષ્ટિથી જોતો. આ વાત ચતુર મંત્રીનાં સમજવામાં આવતાં, રાજાના ચિત્તને સ્વસ્થતા પ્રાપ્ત કરાવવા અર્થે એક વેળા નગર બહાર આવેલા બગિચામાં સાથે ફરવા લઇ જઇ, સમય જોઈ સ્ત્રીજાતિ વિષે તેણે વાત છેડી. રાજાનો જવાબ તો ઉપર કહી ગયા તેવો સાફજ હતો. પણ મંત્રીએ જણાવ્યું કે મહારાજ, એમ એક પક્ષી માન્યતા ન બાંધી બેસો. જેટલું ઉજળું એટલું દુધ નથી તેમ જેટલા કાળા એટલા કાગડા પણ નથી. આખી સ્ત્રીજાત એવી ન હોય. હા, તેમાં એટલું છે કે જે કુળવાન છે તે કષ્ટોના પહાડ માથે તુટી પડવા છતાં અગ્નિમાંથી લાલચોળ થઈ નિકળતા સુવર્ણ માફક શુદ્ધ અને પતિવૃતપણાના ધર્મમાં અચળ જ રહેવાની, જયારે ઉલટું જે અકુલીન યા નીચ છે તેને તમો ગમે તેવા સંજોગોમાં અથવા તો ભારેમાં ભારે બંદોબસ્ત નીચે રાખો છતાં તે ખોટા માર્ગે જરૂર જવાની.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રીએ પુણ્યશીલા બનવું યા તો દુરાચારિણી થવું, પતિરક્તા નિવડવું કે સ્વામીદ્રોહી થવું, વિશ્વાસપાત્ર બનવું કે વિશ્વાસઘાતી થવું એ સર્વ ખાસ કરીને પૂર્વજન્મના સંસ્કાર અને સારી યા નરસી સંગતિ ઉપર આધાર રાખે છે અને તેમાં કુલીનતા અગ્રપદે છે. તેથી કરીને એકના દોષે આખી નારી જાતિને દોષિત ગણવામાં એકાંત ભૂલજ થાય છે. મગમાં ગાંગડુ પણ હોય તેથી શું ? પરીક્ષારૂપી કસોટીએ ચઢતાં તેનો ભેદ સમજાઇ જાય છે.

પ્રધાનજી, તમારી વાતથી મારી થતી ભૂલ જોઈ શકું છું; છતાં નારી જાતનું પારખું ફરીથી એકવાર મારે કરી જોવું છે. મારો વિચાર એવો છે કે બાળપણથીજ એક કન્યાને પરણી, તેણીને જુદા એકાન્ત આવાસમાં રાખવી અને ઉંમર લાયક થતાં તેને મારા સિવાય અન્ય કોઇની સોબત થવાનો પ્રસંગ પણ ન આપવો તો પછી તે પવિત્ર રહે છે કે અધોગામી થાય છે એની ખરી ખબર પડે. ત્યારેજ મારા મનને શાંતિ વળશે. મંત્રીએ તરતજ એ વાતનો અમલ કરવાની હા ભણી.

'શ્રીમંતને શી આપદા' તેમાં અહીં તો વળી અધિકાર એટલે વારજ શી ? એક વિપ્રની સાતેક વર્ષની બાળાને પૈસા આપી પ્રધાને ખરીદી લીધી અને રાજઆજ્ઞા મુજબ તેને કોઇપણ તરફથી કંઈપણ જાતની સૂચના સરખી પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન મળે અને જયા માત્ર હવા સિવાય અન્યનો પ્રવેશ ન થઇ શકે એવા એકદંડીયા પ્રાસાદમાં રાખી. સુંદર પ્રકારના પૌષ્ટિક ખાનપાનથી પોષવા માંડી. સમયને જતાં શી વાર! ક્રમે ક્રમે તે યુવાવસ્થાના પ્રાંગણમાં રમણ કરવા લાગી. એ વેળાની એની દેહલતાનું વર્ણન કરવા કરતાં ટુંકમાં એટલુંજ કહેવું બસ થશે કે યૌવનાવસ્થા એ એવી સ્થિતિ છે કે ગમે તેવી કુરૂપ ને કુબડી કન્યા પણ તે વેળાયે, જેમ પાકવાના સમયે નીંબફળ મધુરતાને ધારણ કરે છે તેમ સૌન્દર્યપણાને પામે છે. આ વિપ્રકન્યાને તો પ્રતિદિન સુંદર ખોરાક મળતો હોવાથી તેમજ કોઈપણ પ્રકારની ચિંતા નહિ હોવાથી તેના સૌન્દર્યમાં કંઈજ ન્યૂનતા નહોતી રહી. નૃપતિએ તેની સાથે ગાંધર્વલગ્ન કરી દંપતિજીવન શરૂ કર્યું. તે પ્રાસાદની રક્ષા અર્થે પોતાના વિશ્વાસુ અને વયમાં આધેડ ચોપદારોને નિયત કર્યા કે જેથી કોઇપણ માર્ગે તે યુવતિના હૃદયમાં ન તો વિકાર પેદા થાય અથવા તો ન તો તેને કુમાર્ગે જવાનું મળે.

પણ ભવિતવ્યતા સામે મનુષ્ય પ્રયત્નનું શું ગજું! એકાંત બૂરી ચીજ છે અને તેમાંથીજ વિકારો જન્મે છે. મન એકલું પડયું કે તે આડે માર્ગે ઝટ દોડે છે; તેથીજ તે પર અંકુશ રાખવા જ્ઞાનીપુરૂષો શિખામણ દે છે. નારિજાતિ એટલે કામવિકારનો પ્રાદુર્ભાવ તો થાયજ, તેમાં આખોયે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિવસ અન્ય કંઇ કામ મળે નહીં. માત્ર રાજાનું મુખ જોવાનો પ્રસંગ રાત્રિનાજ પ્રાપ્ત થાય તેમાં કોઇ કોઈ વેળા રાજના વિકટ કાર્યોને લઇ તેમજ સપત્નીઓના આગ્રહને લઇ અટકી પણ જાય. આ એકાકી બાળાને હવે આ સ્થાન ઉપર કંટાળો છુટયો; મન મુંઝાવા લાગ્યું, હૃદય નિશદિન બળવા લાગ્યું, નરેશ ઉપર અપ્રીતિ જન્મી અને સમય મેળવી અહીંથી પલાયન કરી જવાનું મન થયું. પણ શો ઉપાય !

**નયનના જાદુ !**

એકદા એ ગવાક્ષમાં બેઠી હતી તેવામાં થોડે દૂર થઇ પસાર થતા એક સાર્થવાહ પર તેની નજર પડી. કર્મયોગે તેની નજર આ લલનાપર પડી અને થોડો કાળ સુધી તે પણ તેણીને નિરખી રહ્યો. અંતમાં આંખનો ઇશારો કરી તે ત્યાંથી રસ્તો માપી ગયો. વાંચકને એ કહેવાની જરૂર નથી કે આવ વિપ્રબાળા વિષેની વાત જનતાથી ગુપ્ત રહી શકી નહોતી. લોકો તેણીને પાતાળ સુંદરી તારિકે ઓળખતા અને એકદંડીયા મહેલમાં તેણી કેવી એટલી અટૂલી અને બાલ્યકાળથી પવિત્રપણે રહે છે તે વિષે મનમાનતી વાતો કરતાં. તે નગરમાં મદનરાજ નામનો ધનાઢ્ય સાર્થવાહ તાજેજ આવ્યો હતો; જેના સાંભળવામાં આ વાત આવતાં આજે અશ્વપર સ્વાર થઇ આ તરફ ફરવા નિકળ્યો હતો જે વાત આપણે ઉપર જોઈ ગયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાર્થવાહે કોઈપણ રસ્તે તે યુવતિને પોતાની કરવાનો નિશ્ચય કર્યો અને તેનો મેળાપ કરવા અર્થે એક યુક્તિ ઘડી કાઢી. એક હુશિયાર મીસ્ત્રીને બોલાવી પોતાના રહેઠાણથી એકદંડીઆ આવાસની અંદર પહોચે તેવી સુરંગ તૈયાર કરવાની વરદી આપી. મોં માગ્યા દામ ખરચતાં દુનિયા પર કઈ વસ્તુ અશકય હોય છે? થોડા દિવસમાં તે તૈયાર થઈ ગઇ અને એ દ્વારા સાર્થવાહ તથા પાતાળ સુંદરી રાજાની ગેરહાજરીમાં મળવા લાગ્યા અને કામકેલીમાં સમય વ્યતીત કરવા લાગ્યા, રાજા તો અગાઉની માફક આવતો હતો છતાં તેને આ ગુપ્ત વાતની જરાપણ ખબર ન પડી. આમ કેટલાક સમય પર્યંત ચાલ્યું, પાતાળ સુંદરીને આવી જીંદગી ઉપર તિરસ્કાર છુટયો. ગમે તેવી રીતે તેઓ મોઝમઝા કરતાં છતાં રાજાનો ભય તો ખરો ને! એ વાત એને સદૈવ ખુંચતી એકદા તેણે સાર્થવાહને વિજ્ઞપ્તિ કરી કે કોઇપણ માર્ગે અત્રેથી આપણે પલાયન કરી જવું અને અન્ય દેશમાં જઈ યથેચ્છ વૈભવ ભોગવવો કે જયાં જરાપણ ધાસ્તીની શંકા ન હોય તે ઉભયે મળી તે માટે એક દિવસ નક્કી કર્યો. નાશી જવાના દિવસ અગાઉ સાર્થવાહે ભૂપાળને પોતાને ઘેર જમવા નોતર્યા અને પાતાળ સુંદરીએ સુરંગ દ્વારા આવી વિવિધ શણગાર સજી તૈયાર કરેલી રસવતી વડે રાજા પ્રમુખ આમંત્રિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વર્ગને સહર્ષ જમાડયો. તેના ચહેરા પરથી રાજાને શંકા પડી અને મનમાં ચટપટી થવા લાગી કે કયારે અહીંથી ઉઠી એક સ્થભા મહેલમાં જઇ ખાત્રી કરૂં સાર્થવાહની ઝટપટ રજા લઈ તે જેવો મહેલ તરફ સિધાવ્યો કે આ તરફ સત્વર પાતાળસુંદરી વેશ બદલી ત્યાં પહોંચી ગઇ અને નિત્યનો સ્વાંગ ધારણ કરી શય્યામાં સૂઇ ગઈ નૃપતિ એ આવી જ્યારે આ નિરખ્યું. ત્યારે તેના મનની શંકા દુર થઈ.

## સાર્થવાહે આપેલી હાથતાળી.

સાર્થવાહની માગણી પ્રમાણે નૃપ આજ્ઞાથી તેના સારૂ સારા વહાણની ગોઠવણ થઇ અને ખૂદ પોતે તેને વળાવવા આવશે એમ વચન પણ આપ્યું. આ તરફ પાતાળસુંદરી પણ સજ્જ થઇ ગઈ અને પોતાનો સર્વ ખજાનો પ્રથમથીજ સાર્થવાહના સામાન ભેગો મોકલાવી દઇ રાજનના આગમનની માર્ગપ્રતિક્ષા કરવા લાગી. સમય થતાં તે પધર્યા પણ સાર્થવાહને આજે વળાવવા જવાનું હોવાથી બહુવાર ન બેસતાં ત્યાંથી રૂખસદ લીધી તરતજ પાતળસુંદરી સુરંગદ્વારા સાર્થવાહના આવાસે આવી પહોંચી અને એ ઉભય સાથેજ રથમાં બેસી મુખ્ય માર્ગે થઈ બંદરપર આવી પુગ્યા. વહાણ ઉપડવાની સર્વ તૈયારી થઇ ચૂકી હતી ફક્ત સાર્થવાહનો તેમાં પ્રવેશ થવાનીજ વાર હતી ત્યાં તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે સ્વપત્નિ સહ આવી, રાજાને નમન કરી, તેનો સરપાવ સ્વીકારી તેમાં જગ્યા લીધી અને લંગર છોડવાની આજ્ઞા પણ આપી. રાજાએ સરપાવ આપતી વેળા પાતાળસુંદરીને તેની સાથે જોઇ પુનઃ મનમાં વહેમ ગયો. તેને છેલ્લો મળ્યો તે વારનો પોશાક યાદ આવ્યો એટલે શંકા પગભર થઇ તરતજ ત્યાંથી દોડતે ઘોડે એક દંડીયા મહેલ આગળ આવી જ્યાં તપાસ કરે છે; ત્યાંતો ખાલીખમ જોઇ આસ-પાસ નજર કરતાં સુરંગ ઉઘાડી દીઠી એટલે ચોક્કસ ખાત્રી થઈ કે સાર્થવાહ નક્કી પોતાની રાણીને લઇ ગયો. તરતજ સુભટોને બંદરપર દોડાવ્યા, પણ હવે શું વળે ? નાવતો મધ્યદરિયે દ્રુતગતિથી ચાલ્યું જતું હતું. આ રીતે આટલા બંદોબસ્તમાં રહેલી પાતાળસુંદરી રાજાને હાથતાળી આપી, તેની નજર સમક્ષ થઇ સદાને માટે ચાલી ગઇ. રાજાને હાથ ઘસતો મૂકી ગઈ ! માનવતીના મુખથી આ કથા સાંભળી માનતુંગે હસતાં હસતાં કહ્યું કે–" રાણી, મારે એ-છીજ કંઈ તેવી પરિક્ષા કરવી છે ? હું તો માત્ર તમો બોલેલાં બોલ કેવી રીતે પાળી દેખાડો છો તે જાણવા આતુર છું." એમ કહી તરતજ ત્યાંથી તે ચાલી નિકળ્યો.

માનવતી પણ મનમાં સમજી ચુકી હતી કે પતિદેવ વાર્યું કરનાર જ નથી. હાર્યું કરે તેવા સ્વભાવના છે માટે જરૂર કંઈ કરી બતાવવું એજ શ્રેયસ્કર છે, તેથી હવે વધું વાર કરવાનું યોગ્ય પણ ન ધાર્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સત્તાને વિલંબ શો ? બીજેજ દિવસે અંતેઉરના એકાંત ભાગ તરફ આવેલ, નિર્જનતાનો આબેહુબ ભાગ ભજવતો હોયની શું એવા એક સરોવરની મધ્યભાગમાં બનાવેલા, અને સાત તાળાવાળા એટલે કે જેમાં જતાં સાત દરવાજા વટાવવા પડે તેવા મહાલયમાં તેણીને રાખવામાં આવી. તેને માટે સંસારની સીમા એવી રીતે મર્યાદિત થઇ ચૂકી. તેણીની પોતાની વાતથીજ સ્વામીએ પાતાળસુંદરી કરતાં પણ વધુ સખત બંદોબસ્ત હેઠલ એને રાખી.

## મહાલયની સુંદરી કે કારાગૃહની કેદી ?

પિતાને ઘેર લાડપાનમાં ઉછરેલી, સ્વતંત્રતાથી વિહરેલી, સખીવૃંદમાં મનમાનતા આનંદ ઉભરાવતી અને જ્ઞાનાધ્યનમાં કાળના કાળ વિતાવતી બાળા, અલ્પકાળમાંજ એક મદાંધ રાજાની રાણી બની, યુવતિપદના સિંહાસને આરૂઢ થઈ, મહાલયના સુખો માણવા આવી, દાસદાસીની મધ્યમાં રહી વિલાસી જીવનની ઝાંખી કરી, નવનવા સ્વપ્નામાં હિંચકવા લાગી; ત્યાંતો કર્મે ફટકો માર્યો, એકાએક ગબડી પડી, ચમત્કારિક કુંભ ફુટી જતાં નિષ્પુણ્યકના જેવી સ્થિતિ થઈ ગઇ. આજે તે વિશાળ પ્રાસાદમાં એકલી અટુલી દેખાય છે. નથી કોઇ વાત કરનાર કે નથી કોઇ વાત સાંભળનાર ! અત્યારે તેની સખીમાં માત્ર જડ દિવાલો અને પવન લાવનાર જાળીઓ હતી અને દૂર પહેરો ભરતા પ્રતિહારો એ એની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દૃષ્ટિમર્યાદાનું કેન્દ્ર હતું. તેનું હૃદય ભરાઈ આવ્યું, નારિજાતિ ઉચિત અશ્રુપ્રવાહ ચક્ષુમાંથી શ્રાવણ ભાદરવા માફક ઉભરાઇ રહ્યો. પૂર્વ અવસ્થા સાંભરી આવી, રાજમહાલયના અને શ્રીમંતાઈના સુખોપર તિરસ્કાર છૂટ્યો. વનમાં કે સાદાઈમાં વસતા, સામાન્ય ખોરાકથી ગુજારો કરતાં પણ પ્રીતિમાં તરબોળ થતાં સુખી દંપત્તિની તેને ઇર્ષ્યા આવી, તેમનું સુખ અત્યારે તેને સર્વોત્કૃષ્ટ જણાયું, દુઃખિયાનો બેલી ધર્મ સાંભર્યો. દુઃખસુખનો કરનાર કર્મરાજ નજર સન્મુખ ખડો થયો. તેને કર્મરજના ચહેરા ઉપર સીતાને અને કળાવતીને, મયણાસુંદરીને અને અંજનાને પમાડેલ વિટંબનાનો ગર્વ રમી રહેલો ભાસ્યો. તેનું મુખ જાણે બોલતું ન હોય કે કેવો મેં મરીચીને ભવારણ્યમાં ભટકતો કર્યો અને એમ કહી જાણે પોતાની બહાદુરીની બડાઇ ન મારતું હોય એમ દેખાયું. માનવતી એકીટશે મીંટ માંડી રહી. આ બધી દશાંતરોમાં એને કર્મનો જ હાથ ભાસ્યો. માનતુંગ તો એક નિમિત્ત માત્ર દૃષ્ટિગોચર થયો. એ કર્મને વિનષ્ટ કરનાર અને સર્વ પ્રકારની દૃષ્ટિના હેતુરૂપ તપનું સ્મરણ થયું. આયંબિલની તપસ્યા તેણીએ શરૂ કરી. પ્રતિદિન હૃદયના ઉલ્લાસપૂર્વક તપની વૃદ્ધિ કરતી ગઇ અને પોતાના પૂર્વોપાર્જન કૂડા વચન બોલવારૂપ કર્મોની નિંદા કરતી સમય વ્યતીત કરવા લાગી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## એક ઉપાય.

સમયને જતાં વાર શી ! એક વખતની સૌન્દર્યસ્વરૂપા અને મદનપૂર્ણા માનવતી તપવડે કૃશાંગી દેખાવા લાગી. હવે તેણે પોતાનું ચિત્ત સ્વવચનની પ્રતિતિ કેમ કરાવી શકાય તેની યુક્તિ શોધવામાં દોર્યું. રાજા પણ છુપી તપાસ રાખતો હતો અને આટલા દિવસમાં તેના તરફથી કંઇ થયું ન દેખી, મનમાં નિશ્ચય કરી બેઠો હતો કે એ અબળાથી કંઈ થવાનું નથી. ગમે તેમ બોલવું એ તો નારીજાતને સુલભ છે.

માનવતીએ ધીમે ધીમે પોતાની જીભની મીઠાશથી અને દ્રવ્યના દાનથી એક વૃદ્ધ પહેરેગીરને વશ કર્યો, એક દિન આંસુવડે આંગળીદ્વારા લુગડાના કકડા ઉપર કાગળ લખી, પ્રછન્ન રીતે તે પહેરેગીર મારફતે સ્વપિતાને મોકલાવ્યો. પિતા પત્ર વાંચી સ્વ સુતાનું દુઃખ કળી ગયો એટલુંજ નહિં પણ તેમાં નિર્દેશ કર્યા મુજબ એક હુશિયાર સુત્રધારને બોલાવી સર્વ વસ્તુસ્થિતિથી વાકેફ કરી, ગુપ્ત સુરંગ તે પ્રાસાદ સુધી કરવાની ગોઠવણ પણ કરી દીધી. ગુપ્તપણે કામ વિદ્યુત્વેગે ચાલવાથી અલ્પ કાળમાંજ રાણીના આવાસમાં તેનું સધાન સાંધવામાં આવ્યું અને માનવતી તેમાં થઇ સ્વપિતા સમક્ષ ખડી થઇ; સ્વામિસાથે થયેલ સર્વ વ્યતિકર ટુંકમાં નિવેદન કર્યો અને વચનપૂર્તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થે યોગણનો વેશ તેમજ એક સારી વીણા મંગાવી આપવાની પ્રાર્થના કરી. ઈચ્છિત સાધનો આવી મળતાં, મૂળ તો તેણીને ગાયનવાદન આવડતું તો હતુંજ, છતાં થોડો સમય તેની પાછળ મંડી તેમાં તે નિપુણાત બની, અને યોગણ વેશ ધારણ કરી અવંતિના ચકલે ચકલે ફરી પોતાના મનોહર સંગીતથી અને વીણા વગાડવાની અનુપમ શક્તિથી જનતાનું દિલ રંજન કરવા લાગી. આ જાદુગરી યોગણની વાત વા વેગે ઉડીને રાજાના કાને પહોંચી. તેને પણ સંગીત શ્રવણ કરવાનું મન થયું એટલે પ્રધાનદ્વારા તેને સભામંડપમાં બોલાવી. સમય સાનુકૂળ મળ્યો જાણી એ યોગણે પણ એવી રસમયતાથી અને ઉછળતી ઉર્મિવડે વીણા સાથે રંગ જમાવ્યો કે શ્રોતૃગણ વાંસળીના સ્વરથી આકર્ષાયલા મૃગ સમુદાયવત્ સ્થિર થઈ ગયો. રાજાને તો તેનો ચહેરો જોઈ 'માનવતી તો ન હોય' એવી શંકા પણ ઉદ્ભવી. એ વાત યોગણની દૃષ્ટિ બહાર ન ગઈ. ઝટ ગાયન સમાપ્ત કરી ત્યાંથી તે ઉઠી ગઈ અને પિતાના આવાસે આવી, વેશ પાલટી સ વર મહેમાં આવી કૃત્રિમ નિદ્રા ધારણ કરી સૂઈ ગઈ. અત્રે કેદ કર્યા બાદ રાજા કોઈ દિન આવેલ નહિં એટલે આજે અચાનક તેને આવતો જોઈ સૌ રખવાળો સાવધ બની તેને ઉભા થઈ માન આપવા લાગ્યા. રાજાને ઉતાવળ છતાં વિલંબ થયો અને આવી જુએ છે તો માનવતીને સુતેલી જોઈ, શંકા ખોટી ઠરવાથી સંતોષ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પામી પાછો ફર્યો. હવે તેને યોગણ પ્રત્યે સ્નેહ પ્રગટયો. તેની હાવભાવ અને મુખ લાવણ્યતાએ તેને મુગ્ધ બનાવ્યો. તેનાં વીણાનાદો શરના પ્રહાર કરતાં પણ વધુ અસરકારક થઈ પડ્યા. તેનો વિરહ અસહ્ય થઇ પડયો. તે એટલી હદે લયલીન બન્યો કે નિત્ય તેના ચરણમાં પ્રણામ કરવા લાગ્યો. હવે તેને સભામાં નહિ બેલાવતાં એકાંતમાં બોલાવા લાગ્યો એક વેળા નમ્રતાથી તેનું નામ પૂછ્યું અને પોતાની પાસે રહેવા માગણી કરી.

## યોગણના વેષમાં.

યોગણે ભવાં ચઢાવી એવી તો કર્કશ દૃષ્ટિએ રાજા પ્રતિ જોયું કે તેતો સ્તબ્ધજ બની ગયો. બેપરવાહથી જવાબ આપતાં બોલી–"આપકો હમારા નામકી કયા જરૂર ? હમ યોગીયોકે લીયે નામભી કેસા ? હાં સંસાર બખ્ત મેં અમકુ સભી લોગ માનબતી બોલતા થા" આટલું બોલી રાજાના મુખારવિંદપર કંઇ વિકાર થાય છે કે નહિં તેનું બારિકાઇથી અવલોકન કરી કંઇ ફેરફાર ન જોતાં તેણે આગળ ચલાવ્યું–"હમ જંગલકે વાસી, ઔર સંસારકા ત્યાગ કર, હરિભજનમાં ધૂન લગાનેવાલે, કયા આપ સરખે સંસારવાસી મનુષ્યકે સમિપ મેં રહ સકે ! અમ્હારા તુમ્હારા કામ સબ નિરાળા, તબ ઐસા વર્તાવ કિસ તરેહસેં હો સકે ! આપહી સોચો—" ભજો ભગવાન જગાવે અલેખ, એ સબ કૂડી દુનિયા દેખ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કિસકે માતા કિસકે બાપ, જીવ એકિલા આપોઆપ
યોગકી યુકિત ન જાણે કોય, અગમ અગોચર ભેદે સોય,
અતિ આનંદમેં જો દિન જાએ, સો જીવતકા સફલ કહાયે;
કયા લે આયા કયા લે જાય, સગ સ્વાર્થકે બનહિ આય,

"ઈસિ પ્રકારકા અમ્હારા જીવન હૈ કભિ એસી બાત ફીર કરના નહીં" એમ કહી યોગિણી તો ઉઠીને ચાલવા લાગી.

ભૂપાળતો અણુધાર્યો આવો ઉત્તર સાંભળી મૂઢ બની ગયો. યોગિની તરફ નમ્રતાભરી દૃષ્ટિ કરી કહેવા લાગ્યો. શ્રીમતિ તમારે ક્રોધ લાવવાનું કંઈજ કારણ નથી. આ તો તમારા મોહકતાભર્યા ગીતથી મારૂં મન એટલું બધું પરવશ બની ગયું છે કે જેથી તમારો વિરહ મને દારૂણ દુઃખકર્ત્તા થઈ પડે છે એટલા સારૂ મેં ઉપરોક્ત પ્રાર્થના કરી હતી. તમોને કંઇ તેમાં અપમાન જેવું લાગ્યું હોય તો ક્ષમા કરશો. હજુ પણ મારી યાચના છે કે તમો એ વાત સ્વીકારો તો આ સેવકપર બહુ કૃપા થશે.

યોગિનિ જાણે ન છુટકે પૃથ્વીશની આ વિનંતી સ્વીકારવી પડતી હોય એવો સ્વાંગ ધારી બોલી-"રાજન્ તમારી એ વિનંતી માત્ર એકજ શરતે હું સ્વીકારી શકું -અને તે એ કે મને પૂછયા વિના તમારે કોઇપણ સ્થાને જવું નહિ"

રાજાને તો હરકોઇ રસ્તે તેનો સંગ કરવો હતો એટલે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'જોઈતું હતું ને વૈદે કહ્યું' એ ઉક્તિ અનુસાર તરતજ સ્વીકારી લીધું. ત્યારપછી નિત્યશઃ રાજેશ્વર માનતુંગ દરબારના કાર્યોથી મુક્ત થઇ બાકીનો સમય આ યોગિનીના સહવાસમાંજ વ્યતિત કરવા લાગ્યો.

## દક્ષિણદેશનું આમંત્રણ.

એકવેળા દરબાર ભરી રાજા સિંહાસનારૂઢ થયો છે. નગરના પ્રતિષ્ઠિત ગ્રહસ્થો તેમજ પ્રધાન, અમાત્ય, સેનાપતિ આદિ અધિકારીની હાજરી વચ્ચે વિવિધ પ્રકારનો વિનોદ ચાલી રહ્યો છે અને સૌ કોઈના વદન પર હાસ્યની સુરખી પ્રસરી રહી છે એવામાં પ્રતિહારે દાખલ થઈ નમન કરી નરપતિ પ્રત્યે નિવેદન કર્યું કે-મહારાજ, દક્ષિણદેશથી કોઇ આગંતુક આવ્યો છે જે આપશ્રીના દર્શન કરવા અને કંઇ કહેવા ઇચ્છે છે. રાજાધિરાજની આજ્ઞા હોય તો હું તેને દાખલ કરૂં? ભૂપતિએ મસ્તક ધુણાવી સંમતિ દર્શાવી એટલે પ્રતિહારે જઇ એ નવિન પુરૂષને અંદર મોકલી આપ્યો. સભાસ્થાનમાં સૌ કોઇનું દૃષ્ટિબિંદુ આ વ્યક્તિ શું કહે છે તે જાણવાના હેતુથી એટલી તો શાંતિ પથરાઇ ગઈ કે એકાદ ટાંચણીનો અવાજ થાય તો તે પણ સંભળાઇ શકે આગંતુકે અવંતિપતિને પ્રણામ કરી હાથમાં આણેલી ભેટ તેમની સમક્ષ મૂકીને સરલ વચનોમાં સ્વવિજ્ઞપ્તિ કહેવી શરૂ કરી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" દક્ષિણદેશમાં મુગીપટ્ટણ નામનું એક સુંદર શહેર છે જેની શોભા આગળ ઇંદ્રની અલકા પણ પાણી ભરે છે ત્યાં પ્રજાવત્સલ અને ન્યાયમાં રામ સરખો દળથંભણ નામે રાજા રાજ્ય કરે છે તેને ગુણની મંજુષા તુલ્ય ગુણમંજરી નામે પતિભક્તા રાણી છે. સંતાનમાં માત્ર તેને એક પુત્રીજ છે. જેનું નામ રતનવતી છે મારે મુખે તે કુંવરીની અતિ પ્રશંસા કરવા કરતા એટલુંજ કહેવું ઉચિત છે કે '**યથાનામા તથા ગુણા**' એ ઉક્તિનો તેના સંબંધમાં તો સાક્ષાત્કાર થયો છે અર્થાત્ રૂપ, ગુણ, વિનય, લજ્જા, જ્ઞાન, અને લાવણ્યમાં તે અદ્વિતિય છે સંધ્યાકાળે અહર્નિંશ તે બાળા પોતાના સખી-વૃંદ સહિત નગરબહાર આવેલા, જાઇ, જુઇ, મોગરો, કેવડો, ચંપો, ગુલાબ, જાસુદ આદિ વિવિધ પ્રકારના સુગંધીદાર પુષ્પોની સુવાસ જ્યાં સદૈવ પથરાઈ રહેલી હોય છે અને જ્યાં જાતજાતના લીલા કુંવાર વૃક્ષો સમીરના ગામના ગમનથી, સાગરમાં વિજળીની માફક એક સ્થાનેથી બીજે સ્થાને દોડી જતી નાની હોડીઓ જાણે જળપર એક પ્રકારનું નૃત્ય ન કરતી હોય. એવો ભાસ અત્રે આ વૃક્ષો પોતાના પાંદડા ડાળીઓને પવનના સુસવાટામાં હુલાવીને આપ્યા કરે છે. જ્યાં મધ્યમાં એક ઉંચો જીન પ્રસાદ આવી રહ્યો છે. તેની સામે એક વિશાળ કુંડ છે જેમાં સદાકાળ પાણી ભરેલુંજ રહે છે અને વચમાં એક પુવારો દિવસરાત જળના કણીયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉછાળી જાણે તે હોજની ચો તરફ ગોઠવેલા વિરામાસનોપર બિરાજેલા મનુષ્યગણની ગરમીને જ દૂર હાંકી કાઢતો ન હોય તેવો ચિતાર રજુ કરે છે, એવા વિશાળ અને મનોહર ઉદ્યાનમાં આવતી અને થોડાક સમય સખીઓની સાથે ક્રીડારસનો આસ્વાદ લેતી. એક સંધ્યાએ એવી રીતે ક્રીડાકેલિમાં સખીવૃંદ સહ આનંદ લુંટતી રાજકુંવરીની નજર તેજ વાટિકાના આમ્રકુંજમાં વાર્તાલાપ કરી રહેલા પ્રેમી યુગલપર પડી. તે યુવતિની વાત કરવાની રીતભાત તેમજ મોહકતા નિરખી કુંવરીનું મન તેના પ્રતિ આકર્ષાયું. તેની સહ સખીભાવથી જોડાવાનુ દિલ થયું. તરતજ પોતાની દાસીને મોકલી તેને પોતાની સમીપ બોલાવી અને આદરપૂર્વક પોતાની નજીક બેસાડી તે કોણ છે ? કયાંના વતની છે ? અહીં આવવાનું કારણ શું ઉપસ્થિત થયું છે અને અત્યારે આટલાં હર્ષસહિત કઇ બાબતનો વિશર્મ સમાવી રહ્યા છો ? ઇત્યાદિ તેનો વૃત્તાન્ત જાણવારૂપ પ્રશ્ન કર્યો.

## વિચિત્ર યોગ !

કુંવરીબા, મારૂં નામ કમળસેના છે હું ઉજ્જેણી નગરીના એક વણિક શેઠની તનયા છું મારા પતિ સહુ હજુ આજેજ આસ્થાનમાં અમો આવી લાગ્યાં છીએ. અત્રે આગમનનુ કારણતો એજ છે કે મારા પતિ મધ્યમ સ્થિતિના હોવાથી

પોતાનું ભાગ્ય અજમાવવા અને કમાણી કરવા અર્થે પરદેશને ઉત્તમ સાધન ગણી આ તરફ નિકળ્યા છીએ થાકયા પાકયા અમો દંપતી આ રમ્ય ઉદ્યાનમાં અલ્પકાળથી થાક ઉતારી નગરમાં જવાના વિચારમાં હતા એવામાં સામે દેખાતા રમણિય નગરના પ્રાસાદો નિરખી અને આવા આહલાદ જનક આરામ સ્થાનમાં કુદરતી આનંદનો ઉપભોગ લેવાનો સુયોગ મળ્યો એથી મારા સ્વામીએ આનંદ હિંચોળા પર ઝુલતા કહ્યું કે ' પ્રિયા, ત્હારા સરખી ભાગ્યશાળી સ્ત્રી ત્હારા સખીવૃંદમાં કોઇ ભાગ્યેજ હશે કે જેને સ્વશ્વસુરગૃહથી બહાર નિકળી આવો અનુપમ લ્હાવો લેવારૂપ યોગ પ્રાપ્ત થયો હોય ! દેશાટન કર્યાં સિવાય દેશદેશની નવાઇ ભાગ્યેજ જાણી શકાય છે. જરૂર ત્હારી સખીઓ ત્હારા સુખની અસુયા કરતી હશે." આ સાંભળી મને હર્ષાતિરેક તો થયો છતાં તેમાં રહેલી અતિશયતા પણ નજરે ચડી. તરતજ મેં જણાવ્યું-' નાથ, અમ સૌ સખીમંડળમાં ભાગ્યશાળી ગણીએ તો તે માત્ર માનવતી છે કે જે વણિક પુત્રી હોવા છતાં અત્યારે અવંતિપતિના મહાલયમાં રાણીપદ પામીને અવનવા સુખોના આસ્વાદ કરી રહીં છે. માનતુંગ ને માનવતીની જોડી કામદેવ ને રતિ અથવાતો નળદમયંતી સદૃશ શોભે છે. એમાં તો સોનું ને સુગંધ મળ્યા જેવું થયું છે. મારા પતિને પણ આ સાભળી રાજાની એક રાણી સાથે મારા સખીપણા છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ જાણી કંઈક આનંદ થયો ત્યાંતો આપશ્રીમતિ તરફથી ' કુંવરીબા બોલાવે છે ' એવું આમંત્રણ મળવાથી હું અહીં આવી. રાજકુંવરી રતનવતી કે જે એક ચિત્તથી કમળસેનાનું વૃતાન્ત શ્રવણ કરી રહી હતી તેના અંતરમાં એ માનતુંગ —માનવતીનો દાંપત્યભાવ જોવાનો કોડ થયો, પ્રીતિના પ્રથમ અંકુરનો પ્રાદુર્ભાવ થયો. તરતજ તેને સૌમ્યભાવથી કમળસેનાને ઉદ્દેશી કહ્યું-" બ્હેન તું આજથી મારી સખી છે, તમો ઉભય મારી સાથેજ નગરમાં ચાલો. હું મારા અનુચરદ્વારા તમને સર્વ પ્રકારની સોઈ કરાવી દઇશ. માનવતીમાં અને મારામાં ત્હારે જરાપણ જુદાઈ ગણવી નહિં."

## આમંત્રણનું પ્રયોજન.

મહારાજ, ઉપલા બનાવને મહિનોવિત્યાબાદ એક દિન ચંદેરી નગરીના જિતશત્રુ રાજાનું કન્યા રતનવતી માટે માગુ આવ્યું. રાજાને રતનવતીની ઇચ્છા આપશ્રીને વરવાની છે. એમ રાણીદ્વારા જાણ થતાં તરતજ તે પાછું વાળ્યું અને એક તીવ્રગતિવાળી સાંઢણીપર મને રવાના કરી આપશ્રીને લગ્ન માટે ત્યાં તાકીદે તેડી લાવવાનું ફરમાવવામાં આવ્યું આટલી બધી શીઘ્રતા કરવાનું એકજ કારણ કે ચંદેરીપતિ મહા દુષ્ટ સ્વભાવનો હોવાથી તેને માંગુ પાછું ઠેલ્યાના સમાચાર પહોંચતાંજ તે અમારા રાજાપર ચઢાઇ કરશે. એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દરમીઆન રતનવતીના આપ સહ લગ્ન થઇ જાય તો પછી તે જખ્મ મારે છે. આટલા હેવાલથી મને ખાત્રી છે કે આપ મારી વિનંતિ સ્વીકારશોજી.

રાજાએ મંત્રી તરફ નજર કરતાં ભૂ સંકેતથી તેની સંમતિ જાણી તરતજ હા પાડી અને અતિ અલ્પકાળમાંજ દક્ષિણ તરફ નિસરવાની તૈયારી કરવા માટે મંત્રીને સૂચના પણ કરા દીધી અને સમય થયો હોવાથી સભા બરખારત કરી તે સ્વઅંતઃપુર તરફ જવા લાગ્યો.

એકાએક માર્ગમાંજ યોગણને પૂછયા વિના જવાની હા પાડી એ ભૂલ થયાનું યાદ આવ્યું. જેની સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી અથવા તો એક બાજુ નદિ અને બીજી બાજુ વાઘ જેવી થઇ હવે શું કરવું? ના પાડવી? ના પણ કેમ પડાય? ભૂપતિનું વચન ખોટું નજ થાય? ઇત્યાદિ વિચાર વમળોમાં તેનું મન ઝોલા ખાવા લાગ્યું. આ તરફ આવેલ એલચીએ પ્રધાનદ્વારા જવાની ઉતાવળ શરૂ કરી. આખરે વાત પ્રકાશમાં આવી એટલે યોગણ ભૂપતિ સામે છંછેડાયેલી વાઘણની માફક ઘુરકી. અને સ્વહાથ લાંબો કરી તેના મસ્તકમાં ધીમેથી ટુંબા મારતાં ‘ રાજાના વચનનો શો વિશ્વાસ ? આવીજ તમારી પ્રતિજ્ઞા ને ? ” વીગેરે વાક્ પ્રહારોરૂપ ઘણાં મ્હેણા માર્યાં. રાજાએ કરૂણ ચહેરે સ્વભૂલ સ્વકારી તે એલ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચીને ના પાડી દેવાની તત્પરતા દેખાડી એટલે યોગણે 'થયું તે ન થયું ન થાય, ઉલ્ટું એમ કરવાથી તમારૂં વચન જાય એવું સમજાવી' દક્ષિણ તરફ જવાની સંમતિ દર્શાવી અને હું પણ સાથે આવીશ એવું ભારપૂર્વક કહી સત્વર તૈયારી કરવા જણાવ્યું. નરપતિથી ગુપ્તપણે તેણે પોતાની સાથે વીણામાં અપ્સરાનો વેશ લઇ લીધો.

## સરોવરની સુંદરી—

રાજેશ્વર માનતુંગ યોગિની ને લઇ સ્વરક્ષક સૈન્ય સાથે કૂચ કરતો આગળ વધવા લાગ્યો. એવામાં એક સુંદરવન–પ્રદેશ દ્રષ્ટિ ગોચર થયો. તેની મધ્યમાં આવેલ એક વિશાળ સરોવર અને ચોતરફ આવી રહેલ વિવિધ જાતિના વૃક્ષોથી, તેના રંગ બેરંગી પુષ્પોથી અને તેને લટકી રહેલા સ્વાદુ ફળોથી તે પ્રદેશ રમણિયતાની મૂર્તિરૂપ બન્યો હતો. રાજને બપોર ગાળવા પડાવ કર્યો. યોગિનીચે પણ પોતાની એકાદ રમત રમવાને આજ સ્થાન પસંદ કર્યું. રાજન્ પ્રતિ પોતે ન્હાવા સારૂ સરોવરના દૂરવર્તી ભાગ તરફ જવાની ઇચ્છા પ્રદર્શિત કરી. રાજાએ સ્વયં રક્ષક તરિકે સાથે આવવા માગણી કરી પણ ચતુર યોગિનીએ 'હમ યોગી જનકુ ભય કેસા' એવા મધુરા વાકયના ઉચ્ચાર માત્રથીજ તે પર ઠંડુ પાણી રેડી દીધુ અને સત્વર તેણી વીણા સહિત ત્યાંથી ગમન કરી ગઇ અને રાજાની દ્રષ્ટિથી અદ્રશ્ય થઇ. સરોવરના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાછલા ભાગ તરફ જઇ સ્નાન કરી, વીણામાંથી અપ્સરાનો સ્વાંગ કાઢી, સ્વઅંગે ધારણ કરી યોગણ માનવતી, આબેહુબ એક દેવતાઈ અપસરા બની ગઇ. પોતાની વીણા-વીગેરે તેણે વડના એક પોલાણમાં છુપાવી, ત્યાંથી વિદિશામાં આવેલા, એક વિશાળ વટવૃક્ષ પર લટકતા હિંડાળા પર બેસી હર્ષપૂર્વક હીંચકા ખાવા લાગી. અહીં ઘણો વખત થયા છતાં યોગીની ન આવવાથી રાજાને ચટપટી થવા લાગી, આજુ બાજુ પોતાના માણસો દોડાવ્યા, પોતે પણ નિકળી પડયો અને આ સ્થાને આવી પહોંચ્યો. જયાં આ હિંચકા ઝુલાવતી, યૌવન રસમાં મદમાતી, અને કોકિલ કંઠે ગીતગાન કરી રહેલી અપસરા તેને જોઇ કે તેતો કામવિહ્વળ બની ગયો. એકાંત સ્થાન અને યોવનાંગણમાં પ્રવેશ કરી રહેલ પુષ્પની પૂર્ણ વિકસ્વર થયેલ કળી સદ્દશ આ લલના! ત્યાં રાજા જેવા ભોગી ભ્રમરની બીજી તે કઇ દશા હોય! યોગિનીની વાત વિસ્મૃત થઈ ગઇ નજીક જઇ અત્રે એકાકી રહેવાનુ કારણ પૂછયું તે બાળાએ મોહકવાણીમાં જણાવ્યું કે-'હું ખેચરની પુત્રી છું. મેં મારા વરને સ્વચરણનુ ઉદક પાવાની તેમજ બેલ માફક ફેરવવાની વિચિત્ર પ્રતિજ્ઞા કરેલી હોવાથી કેઇ ખેચરે હજુ સુધી મારો સ્વીકાર કર્યો નથી; તેથી હું કુંવારી છું જયાં સુધી એવી પ્રતિજ્ઞાઓ પૂરનાર ન મળે ત્યાં સુધી આમતેમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફરી ગીત ગાનથી આત્માનંદ અનુભવુ છું:' રાજાએ એ પ્રતિજ્ઞા મુજબ વર્તવાની વૃત્તિ જણાવી કેમકે તેણીના હાવભાવે અને નેત્ર કટાક્ષે તેને કયારનોયે મહાત કરી દીધો હતો. તેને પરણવા અર્થે તે આથી પણ વધુ જોખમ ખેડવા તૈયાર હતો ત્યાં વિલંબશો ? પેલી અપસરાએ પાંદડાનો પડીયો બનાવી તેમાં થોડું જળ લાવી પોતાના પગે અડાડી રાજાને આપ્યું તે તેને પીલીધું. પોતાના રૂમાલ વડે રાજાની કોટમાં દોરડા જેવું નાખી તેને બળદની માફક ત્યાં ફેરવ્યો કાર્ય થઇ ગયું. લગન તો થઇ ચુકયા. પડાવ પાસેજ હતો એટલે શીઘ્ર ત્યાં જવા ઇચ્છા દર્શાવી. અપસરાએ અનુમતિ દેખાડી જણાવ્યું કે 'મને સ્ત્રી જાતિને સાથે આવતાં શરમ આવે તેથી આપ પધારો. આપની પાછળ હું આવી પહોંચું છું શંકા જેવું ન હોવાથી જયાં રાજાજી સિદ્ધાચ્ય અને દ્રષ્યિ મર્યાદાની બહાર ગયા કે—અપસરા બનેલી માનવતીએ વડના કોતરમાંથી પોતાનો મૂળવેશ કહાડીને ધારણ કરી લીધો અને ઝટપટ ત્યાંથી રાજા ગયો હતો તે માર્ગની વિદિશામાં થોડું ચાલી, ત્યાંથી ચક્રાવો લઇ ગજ ગતિએ પડાવ પ્રતિ પગલા ભરવા માંડયા નૃપતિ પોતાના ઉતારા સમીપ આવી પહોંચ્યો પાછળ નજર ફેંકતા અપસરા આવતી દ્રષ્ટિએ ન પડી; એટલે મનમાં શંકા થવા લાગી, થોડી રાહ જોઇ અને જયાં પાછો ફરી તપાસ કરવા પગ ઉપાડે છે ત્યાં સામેથી આવતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યોગણને નિહાળી. તેનો હસ મુખો પણ રૂવાબદાર ચહેરો જોઈ રાજાના મનમાં થયું કે રખે ને યોગિની અપસરાની વાત જાણી ક્રોધાય માન થયા તેથી જાણતો ન હોય તેમ શાંત ભાવથી પ્રશ્ન કરવા લાગ્યો. “ શ્રીમતી, તમને આટલી બધી વાર કેમ લાગી ? વળી તમો આ તરફ ગયા હતા ને આવ્યા આ તરફથા તેનું શું કારણ ? મેં માણસો દ્વારા શોધપણ કરાવી છતાં આપનો પત્તો ન મળ્યો. ” યોગિનીએ નિશ્ચય વૃત્તિથી જણાવ્યું.

## યોગિનીનો ઉત્તર–

મહારાજ ! કુદરતના આ વનરૂપી મનોહર બગિચામાં આજે મને ફરવાનું અને આત્માનંદ અનુંભવવાનું બહુજ ગમ્યુ એટલે મને સમયનુ ભાન નજ રહેએ સ્વાભાવિક છે” જમી પરવારી મુકામ ત્યાંથી ઉપાડવામાં આવ્યો અને મજલ દર મજલ કરતાં તેઓ સર્વ દક્ષિણ પ્રદેશના આભુષણ રૂપ મુંગીપટ્ટણની ભાગોળે આવી પહોંચ્યા. જે આહ્‌લાદ જનક વાટિકાનુ વર્ણન અગાઉ આપણે કરી ગયા છીયે છે તેમાં યોગિનીએ રહેવાનું નક્કી કર્યું અને ક્ષિતિપતિને નિવેદન કર્યું કે ‘ યોગણ થઈ હું તમારી સાથે શહેરમાં આવું તે શોભનિક ન ગણાય માટે તમો પરણીને આવો ત્યાં સુધી હું અહીંજ થોભીશ તમારે મારી જરાપણ ચિંતા ન કરવી ?’ સામૈયુ થયું અને અવંતિનરેશ ને શહેરમાં આવેલા એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશાળ મહેલમાં ઉતારો મળ્યો.

આ તરફ યોગિનિ બીજે માર્ગેથી શહેરમાં પહોંચી ગઈ અને બજારમાંથી વડારણને યોગ્ય વસ્ત્રો ખરીદી, એકાંતમાં જઇ યોગણનો વેશ ઉતારી નાખી, એ વેશ વાટીકામાં ગુપ્ત સ્થળે છુપાવી સત્વર તે રતનવતીના આવાસે આવી પુગી; ત્યાં પોતાને માનતુંગ રાજેશ્વરની વિશ્વાસુ વડારણ, ( મુખ્ય દાસી ) છે એમ ઓળખાવી, પોતાની ગીત ગાવાની છટાથી કુંવરી તેમજ રાણીના મન વશ કરી લીધા. તેજ રાત્રે લગ્ન હોવાથી ત્યાં તેણી હાજર રહી અને વિવિધ આલાપ પૂર્વક એવી સુંદરતાથી ગીતો ગાયા કે સૌનું મન રંજન થયું અને લગ્ન વિધિ આનંદપૂર્વક પૂર્ણ થયાં. વરવધુ પોત પોતાના આવાસે પધાર્યા.

## વડારણે માંડેલો દાવ.

આ તરફ રતનવતીની વળાવવાની દોડધા મથવા લાગી ત્યાંતો વડારણના વેષમાં સજ્જિત થયેલી માનવતી આવી, ગુણમંજરીને સમજાવવા લાગી કે રાજાજી ઉજ્જેની જઇ પોતાની ગોત્રીજને પગે લાગ્યા વિના રતનવતી સહ વિલાસ કરશે નહિં. ઉજ્જેની જઇ પગે લાગવામાં હજુ છ માસનો વિલંબ છે ત્યાં લગી તેઓ અત્રેજ સ્થિરતા કરશે. હું તેમની જુની વડારણ હોવાથી મને આ પ્રથાની ખબર છે છતાં હાલ તમો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોભો, હું જઇને એ વાતની ચોકસી કરી આવું છું રાણી કે કુંવરી સૌ કોઈને તેણીની વાત અક્ષરશઃ ખરી લાગી કેમકે તેઓ તેને ખુદ રાજાની વડારણ તરિકેજ જાણતા હતા. ત્યાંથી નિકળી માનવતીએ એક સ્થાને તૈયાર રાખેલો ગુરૂણીનો (રાજ ગુરૂની પત્નિનો) પહેરવેશ ધારણ કરી લીધો અને હાથમાં કંસાર પૂર્ણ થાળી લઇ માતુંગના આવાસમાં પહોંચી ગઇ. નમન કરવા પૂર્વક બોલી કે–' મહારાજ, અમારા રાજાની કુંવરીને ગોત્રજની પૂજા કર્યા વિના પતિસંગ કલ્પતો નથી. ગોત્રજ પુજનમાં છ માસ લાગશે. હુંતેની ગુરૂણી છું મ ટેગોત્રજના રિવાજ મુજબ મારો એંઠો કરેલો આ કંસાર તમો જમો એટલે હું ગોત્રજની વિધિ કરાવવા જઉં ! રાજાએ તેનો મોહક ચહેરો, મનોહર વેશ, અંગનો મરોડ અને નેણના ચાળા જોઈ નામ પૂછ્યું તો જવાબ મળ્યો કે મૂળ નામ તો માનવતી છે પણ સૌ કોઇ ગુરૂણીના નામથી સંબોધે છે. રાજાએ કંસાર ખાધો કે તરતજ ત્યાંથી તે વિદાય થઇ અને ગુણમંજરી સમક્ષ આવી પોતે અગાઉ કહ્યા મુજબ આચાર છે એમ ભાર મૂકી જણાવ્યું. વળી રતનવતીને કહ્યું કે તમારે જે કંઈ કહેવું હશે યા સંદેશો મોકલવો હશે તે હું પહોંચતો કરીશ

હવે તે રોજ રતનવતી પાસે અને માનતુંગ પાસે જવા લાગી, તેમાં પણ રાજાની પાસે જતી ત્યારે ખાસ હાવભાવ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુખનો મરોડ, અંગોનું સ્પુરણ અને નેત્રના કટાક્ષ એવા તો અદ્‌ભૂતતાથી કરતી તેમજ એવી તો મીઠી વાણીથી વાત કરતી કે રાજાનું મન નવરૂં પડેલું હોવાથી તેનામાં મુગ્ધ બની ગયું. વખત જતાંતે સમય એ સમય કંઈ કંઇ મિષે આવવા લાગી. નૃપને આ વાત ગમતી હોવાથી તે માટે વખતનો પણ પ્રભબંધ ન રહ્યો. નિતિકારોએ ખરૂંજ કહ્યું છે કે

સ્ત્રીજાતે અગ્નિથી ભરેલા કુંડ સરખી છે અને પુરૂષવર્ગ ઘીથી ભરેલા ઘડા તુલ્ય છે. જો તેમને સાથે રાખવામા આવે છે તો જરૂર ઘીપૂર્ણ કુંભ સમીપ રહેલા અગ્નિથી ગળે છે. જયાં સામાન્ય સ્ત્રીજાતિનો સ્વભાવ આવો છે ત્યાં જે નારીઓ વશવર્ત્તી છે. આજ્ઞા ધારી છે ત્યાંપછી શું બાકી રહે ?

અહીં પણ તેમજ બન્યું. એક વેળા રાત્રીનો સમય થઈ ગયો છે. એવામાં ગોરાણી રાજા માતુંગના ખાનગી ઓરડામાં એકલી છે એ સમય જોઈ રાજાએ વિષયસેવનની માગણી કરી. આ સાંભળતાંજ જાણે વિજળી પડી ન હોય એવા ભયથી ગોરાણી કંપી ઉઠી પાંચસાત પગલાં દૂર ખસી ગઈ અને ઠપકાની દૃષ્ટિએ નૃપ સન્મુખ જોતી બોલી કે–'મહારાજ, આપના જેવા કુલીનને આવા વેણ ઉચ્ચારવા ન શોભે. હું આપની એક દાસી જેવી, તેની સહ આવું વર્તન આપને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન ઘટે. મને તો કંઇ વાંધો ન નડે પણ આપની કીર્તીને કલંક ચોંટે."

## એકાંત બુરી ચીજ છે.

**कामातुराणां न भयं न लज्जा** એ સૂત્ર અનુસાર રાજાએ જણાવ્યું. 'મારી કીર્તિની ત્હારે જરાપણ ચિંતા ન કરવી' અને એમ કહી તરતજ આલિંગ દીધું. તેઓનો વ્યવહાર ત્યારપછીથી પતિ-પત્નિ સરખો થયો. ચીરકાળથી બ્રહ્મચર્ય-વૃત ધારિણી માનવતીની આશા જે પૂળીભૂત થઇ. ઉભયના મનની ઐકયતા અને ઇષ્ઠ સિદ્ધિના યોગથી તેણીને ગર્ભ રહ્યો. આ સંબંધ તેઓ વચ્ચે કેટલાયે સમય પર્યંત ચાલુ રહ્યો. માનવતીને ચોક્કસ ખાત્રી થઇ કે હવે મારે અહીંથી જવું જોઇએ એટલે એક વેળા રાજાને જણાવ્યું કે 'મહા-રાજ મને ગર્ભ રહ્યો છે, તમો તો થોડા વખતમાં અહીંથી તમારા દેશ તરફ કુંવરીબા સાથે સિધાવી જવાના; પછી મારી અને તે બાલકની શું દશા થવાની! ભવિષ્યમાં તે મોટો થાય અને તમારી સન્મુખ આવે તો તમો તેને દ્રવ્ય યા દેશથી સ્હાય કરી શકો એ અર્થે, તમો તેને ઓળખી શકો એવી નિશાની તરિકે મને તમારી મુદ્રિકા અને હાર આપો કે જે હું તેને આપીશ રાજાને આ વાત યથાર્થ લાગી વરતજ તેણે તેમ કર્યું. મુદ્રાની આ બે ચીજો લઈ ગર્ભવંતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનવતી ત્વરિત ગતિએ વાટીકામાં આવી પહોંચી. તરતજ પુનઃ યોગણનો વેશ ધારણ કર્યો અને હાથમાં વીણા સહિત અવંતિના માર્ગે ગમન કરવા લાગી ગઈ. મજલ દર મજલ કરતી તે સ્વ માતૃભૂમિમાં આવી પહોંચી. સ્વપિતાને મળી અને સર્વ વ્યતિકર નિવેદન કર્યો, એની આવી અપૂર્વ ચાલાકી જોઇ સૌ અચંબો પામ્યા. ત્યાંથી તે સુરંગ વાટે એક થંભા આવાસમાં આવી. બીજે દિને પ્રાતઃકાળમાં પહેરાપરના યાંત્રિકને હાક મારી. તેના અવાજથી બે ચાર પહેરેગીરો દોડી આવ્યા અને પ્રશ્ન કરવા લાગ્યા 'મહારાણી સાહેબા. આટલા દિવસમાં આપે કેમ કંઇ હાક પણ ન મારી? તરતજ જવાબ મળ્યોકે તે સમયમાં મારે મૌનવૃત હતું. દરવાજાને તાળા જોનાર યાંત્રિકોને કયાંથી સમજાય કે તે દરમીઆન તેણીએ મહા અદ્દભુત કામ કર્યું છે! તેઓ સરલ ભાવે બોલ્યા ફરમાવો, શો હુકમ છે? માનવતીએ દમામપૂર્વક જણાવ્યું કે 'મહેલમાં જઇ ખબર આપો કે રાણી માનવતીને ગર્ભ રહ્યો છે.'

## આતે થયું શું ?

કેમ જાણે આભ તૂટી પડયો ન હોય અથવા તો જાણે પ્રલયકાળનો વાયુ જ ન વાયો હોય તેમ સર્વ પ્રતિહારી આ સાંભળી આભાજ બની ગયા. મનમાં વિચારવા લાગ્યા આતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શું ? મહારાજા તો અહીં આવતાંજ નથી, વળાં હાલ પાંચેક માસથી પ્રદેશ છે તેમણે એકવાર પણ અહીં રાત્રિ ગાળી નથી ત્યારે રાણીને ગર્ભ તે શી રીતે સંભવે ! રાત્રિદિન ખડે પગે રહી ચોકી કરીએ છીએ. કોઇ પરપુરૂષને જતાં આવતાં જોયો નથી ત્યારે આ બન્યું શી રીતે ? મહા ખોટું થયું, હવે શું થશે એવા તરંગોના મણકા મુકતા તેઓ પાછા ફર્યા. એકે પટરાણી સમીપ દોડી જઈ ખબર આપ્યા. તમાસાને કંઇ તેડું છે ? જેમ સુઘોષા ઘંટા નાદ થતાંજ સૌ દેવદેવીઓ એકઠા થઇ જાય તેમ સોળે રાણીઓ દાસદાસીના પરિવાર સમેત એકઠી થઇ ગઇ. ખડખડ હસવા લાગી અને. માનવતીના સંદેશાની વિચિત્ર પ્રકારે મશ્કરી કરવા લાગીં મૂળતો શોકયોનો સંબધજ ઉંદર બિલાડી જેવો રહ્યા તેમાં આતો વળી વણિક તનયા અને તે પણ અણમાનીતી એટલે તેની ગેરહાજરીમાં બનાવાય તેટલી બનાવટ કરી, ઠેકડીના તો પુર વહેવડાવ્યા અને તેના આવા દુરાચાર માટે રાજાને પત્ર પાઠવવાનો પ્રબંધ કરવા તરતજ મંત્રીને બોલાવવા માણસ મોકલ્યે. જ્યાં મંત્રીશ્વરને આવતાં જોયા કે સૌએ હસતાં હસતાં ખુશખબર આપ્યા કે પ્રધાનજી, “મહારાજને ખબર અને તે પણ તાકીદે મોકલો કે રાણી માનવતીને ગર્ભ રહ્યા છે. માટે આ તરફ સત્વર સિધાવજો. થોડાજ સમયમાં અવંતિનાથને ત્યાં કુળદીપકનો જન્મ થશે ! મંત્રી પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચારમાં પડી ગયો. સ્ત્રીચરિત્ર મહા વિચિત્ર હોય છે, એમ મનવાળી પટરાણીના કહ્યા મુજબ હલકારા સાથે પત્ર પાઠવી સ્વસ્થાને પાછો ફર્યો.

## પત્રે પેદા કરેલી ચિંતા.

હલકારો મુગીપટ્ટણમાં કેટલાક દિને આવી પહોંચ્યો અને જ્યાં એકાંતમાં રાજા વિરાજ્યા છે ત્યાં જઈ પત્ર હાથમાં મૂક્યો. રાજાએ ખોલી વાંચવા માંડયો ત્યાંતો અંદરના સમાચારથી તેનું મુખ ખીન્ન બની ગયું. હું અહીં ને ત્યાં માનવતીને ગર્ભ શી રીતે રહે ! આવા સખત પહેરા હેઠળ રાખેલી તેનાથી અન્ય શું બને ? વળી તે કુલીનકાન્તા હોવાથી આવું કામ તો કરેજ નહિં. નક્કી બીજી રાણીઓએ અદેખાઈથીજ તેના વિષે આવું ભંભેરીને ખોટું લખાણ કરાવ્યું છે. મન. શંકાશીલ બન્યું છતાં પૂર્ણ વિશ્વાસ પત્રના વૃત્તાંતપર ન બેઠો 'હું થોડાજ સમયમાં એ તરફ આવું છું' એવો ટુંકામાં પ્રત્યુત્તર આપી માણસને વિદાય કર્યો. હાલમાં પેલી ગુરૂણી પણ દેખાતી નહિં એટલે એકલા અટુલા એવા વિલાસી રાજાને સર્વત્ર અંધકાર દેખાવા લાગ્યો. કયારે અહીંથી વિદાય થવું એવી ઝંખના થવા લાગી. કંટાળીને એકવાર પોતાના અનુચરદ્વારા દળથંભણ નરેશને પુછાવ્યું કે 'હજુ તમારી ગોત્રજને કેટલા સમયની વાર છે, મારો જીવ અવંતિ જવાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તલપાપડ થઇ રહ્યા છે.' જ્યાં આ સમાચાર તેને મળ્યા કે તરતજ તેને અંતઃપુરમાં જઇ ગુણસુંદરીને પોતાના જામાતાની આ વાત જણાવી. તેણી તરતજ બોલી ઉઠી 'નાથ, તેઓ કેમ પુછાવે છે? તેમ તેનીજ ગોત્રજને છ મામની વિધિ હોવાથી આપણે તે પુરા થવાની રાહ જોઇ રહ્યાં છીએ. આપણે વળી ગોત્રજનો નિયમ કેવો! અનુચર સાથે કહાવી મોકલો કે તમારી અંગત વડારણના કહેવાથીજ અમોએ રતનવતીને તે દિને નહીં વળાવતાં છ માસની અવધિની આતુર નયને રાહ જોઇ રહ્યાં છીએ. તમારી ઢીલે ઢીલ થાય છે બાકી અમો તો અત્યારે તૈયાર છીએ."

જ્યારે માનતુંગે આ ખબર સાંભળ્યા ત્યારે પ્રથમતો તે આશ્ચર્યચકિત થઇ ગયો. તેને કંઇ વાતની સમજણ ન પડી. તેને પોતાના સસરા સાસુ ઘેલા થયેલા લાગ્યા. તે તરતજ તેમના અંતઃપુરમાં પહોંચી ગયો અને સહસાબોલી ઉઠયો 'આવી અસબંધ વાર્તા કેમ કરો છો? તેઓ ને પણ શંકા પડી કે માનો નમાનો પણ કંઇ દંભ રચના થઇ છે, તરતજ તેઓએ વડારણની વાત અથથીઇતિ સુધી જણાવી. માનતુંગને આ સાંભળી ઘણો ક્રોધ ચડયો અને તરતજ બોલી ઉઠયો કે ખરેખર કોઇ સ્ત્રી આપણ ઉભયને બનાવી ગઈ! મને કંસાર ખવડાવી ગઇને તમારી ગોત્રજનો છમાસનો નિયમ જણાવી ગઈ! ખરેખર તે તર્કટજ કરી ગઈ? તેની બહુયે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તપાસ કરાવી પણ કયાંથી મળે? રાજાને પોતાને પણ ઝાઝી પડપૂછ કરવામાં સાર ન લાગ્યો કેમકે પોતે પણ ભૂલ કરી હતી. તરતજ ઉજ્જેની જવાની તૈયારી કરી અને શુભ ચોઘડીયે ત્યાંથી વિદાય થયા.

## યોગિનીની યાદ

પુરની બહાર નિકળતાં વાડીના મનોહર વૃક્ષો નજરે પડયાં એટલે રાજાને તરતજ યોગિનીની સ્મૃતિ તાજી થઇ અત્યાર સુધી પોતે લગ્નના વ્યવસાયમાં પડી જઇ ચીર પરિચીત અને જેની સહ પોતે વચનથી બદ્ધ થયો છે એવી વિચક્ષણ સન્યાસીનીની જરાપણ સંભાળ ન લીધી તે સારૂ પ્રસ્તાવા લાગ્યો. તરતજ તેને કૂચ થોભાવી અને પોતાના માણસોને વાટિકા પ્રતિ યોગિનીને બોલાવવા માટે મોકલ્યા તેઓએ ચોતરફ બારિકાઈથી તપાસ કરી પણ તેનો પત્તો ન લાગવાથી ખિન્નવદને પાછા આવી તે વાતરાજાને નિવેદન કરી. નૃપતિ આ સમાચાર સાંભળી પ્રથમતો અવાક્ બની ગયો પણ મનમાં કંઇક વિચાર આવવાથી તરતજ સજ્જ થઈ જાતે વાડી તરફ ગયો અને જાણે યોગિનિ તેનાથી રીસાઇ ગઈ હોય અને પોતે તેને મનાવવા અર્થે મ્હોટેથી બૂમ મારતો હોય તેવી રીતે વારંવાર આહ્વાન્ કરવા લાગ્યો. તેને યોગિનિની મીઠી મીઠીવાતો સાંભરી આવી, તેના કોમળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કંઠમાંથી નિકળતા માધુર્ય પૂર્ણ ગીતો સ્મૃતિપટમાં તાજા થયાં અને તેનો કૃષ્ણવર્ણી કેશકલાપ, મનમોહક ભૂભ્રંગઅને સુઘટિત બાંધો દ્રષ્ટિ સમીપ નૃત્ય કરતાં લાગ્યા. હૃદય ભરાઇ આવ્યું. ચક્ષુઓમાંથી અશ્રુ બિંદુઓ ટપકવા લાગ્યા મુખમાંથી વાણી અસ્પુટરીતે વહન થવા લાગી.

## માનતુંગનો વિરહ વિલાપ

કિંહાંરે ગુણવંતી મારી યોગણીરે, ગઇ મુઝને ઇહાં છોડરે,
કોઇ છે ઉપગારી વાલો સાઇનોરે, મુઝને મેળવે દોડરે.
નેહડલો કરીને છેહ દઇ ગઇરે, એ દુઃખ કેમ ખમાયરે,
વાહલાનો વિછોહો અધ ક્ષણમાત્રનોરે, ધીરપણે ન સહાયરે.
છાંની છુપીને રહી હોય જિહાંરે, તો દે દરસન આયરે,
વિણાના ઝણકારા તારા સાંભરેરે, તુઝ વિરહન સહાયરે.
તો કિંમ એહવું તુઝને ઉકલ્યુંરે, જે ગઇ દેઇ છેહરે;
ઉંડી તું મનની મિલતી ગઇ નહીંરે, પ્રીછયો તારો નેહરે,
વાડીમાં પુછે સરવે રૂખનાંરે, સામિણી દીઠી કેણરે,
વાટલડી બતાવો જીહાં ગઇ હુવેરે, ઇમ કહે નૃપ ઉજ્જેણ રે
જ્યારે ડોલે પવનથી રૂખડાંરે, ત્યારે જાણે ભુપાલરે,
કહે છે શિરધુણી અમે દીઠી નહીંરે, અહોઅહો વિરહજં જાલરે;
યોગણનો સ્વામી વાંકસ્યા કાઢીયેંરે તુંમને પણ લાગાપ્રટ માસરે
પુરમાં પરવરિ શુદ્ધ કરી નહિરે, મિળવા ઇચ્છોછો હવે તાસરે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આદરના ભૂખ્યા યોગિ સાહિબારે, વિણ આદર રહે કેમરેં,

શ્રીરામે જેમ સીતાની તપાસ માટે વનના વૃક્ષો પંખીઓને ખુદ પાષાણને પણ જેમ સંબોધ્યા હતાં તેમ અત્રેપણ માનતુંગે ઓલંભા દીધા પ્રેમની રીત વિચિત્રજ છે તે પ્રેમી સિવાય કોઈ સમજી શકતુજ નથી, રાજાની સર્વ કથની નિષ્ફળ નિવડી, જ્યાં માનવતી હતીજનહિં ત્યાં આવે કયાંથી! આખરે પરિવારના આગ્રહથી અને પોતે કરેલ ગંભીર પ્રમાદથી દુખાતે મને રાજાએ પુઃન ગમન શરૂ કર્યું અને આગળ વધતાં તેઓ સર્વ જ્યાં અપ્સરાનો યોગ બન્યો હતો તે સરોવર સમીપ આવી પુગ્યા, અવનીપાળને અત્રે અપસરા યાદ આવી પણ તે વાત તેણે મનમાંજ સમાવી દીધી, છતાં વારંવાર યોગિની અને અપસરાનુ સ્મરણ થઈ આવતું અને તેનું મન વિહ્વળ બની જતું નવિન દયિતા રતનવતી સહે તે આનંદથી પણ વાર્તાલાપ કરતો નહિં અને સત્વર અવંતિ પહોંચવા સારૂ ઝડપથી કૂચ કરવાની આજ્ઞા પણ આપી ચૂકયો હતો. એવામાં એક દિવસ પોતાની પાછળ ઘણે દૂર ધૂળના ગોટેગોટા ઉડતા દેખાયાં, અને થોડા સમયમાં પાછળ આવતાં અશ્વોની જોરથી પડતી ખરીઓના અવાજ સ્પષ્ટ સંભળાવા લાગ્યા. નસીગચાર ડગલાં આગળનું આગળ એ નવિન ઉક્તિ સત્ય નિવડી. અવંતિપતિનું સૈન્ય સજ્જ થઇ નવિન અતિથિઓના સ્વાગત્ અર્થે માર્ગપ્રતિક્ષા કરી રહ્યું. પાછળ આવતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસ્વારો સમીપ આવી પુગ્યા. એટલે ચોક્કસ થયું કે એ કોઇ શત્રુઓ ન હતાં પણ દળથંભણ રાજનાજ માણસો હતા. રાણી રતનવતીના મનમાં ફ્રાળ પડી કે હજુ ત્યાંથી વિદાય થતાં તો વાર નથી લાગી ત્યાં અચાનક આ લોકોને દોડાવવાનું શું કારણ હશે ? રાજાનું મનપણ શંકાશીલ બન્યું. સૈનિકોના નાયકે જરા વિસામો ખાધો ન ખાધો કે તુરતજ ઉજ્જેની-નાથપ્રતિ નમ્ર ભાવે હસ્તદ્વય જોડી જણાવ્યું કે " મહારાજ, અમારા સ્વામીએ આપશ્રીને ત્વરિતગતિએ મુગીપટ્ટણપ્રતિ પાછા ફરવા વિનંતી કરી છે; કારણ એમ બન્યું છે કે કુંવરીઆ માટે અગાઉ જેણે માગણી કરી હતી તે ચંદેરી-નગરીનો રાજા જીતશત્રુ એકાએક પ્રબળ સૈન્ય સાથે અમારા સ્વામી ઉપર ચઢી આવ્યો છે અમે એની માગણી ન સ્વીકારી તેનું વેર વાળવા તૈયાર થયો છે. અમારા સ્વામીમાં તેની સામે એકલે હાથે લડવાનું બળ ન હોવાથી આપની સહાય માગી છે અને તે અર્થે અમને મોકલ્યા છે. આવા ગંભીર કારણને લઇ આટલી મજલ કાપી ચુકેલા આપશ્રીને પાછા ફરવાની તસ્દી આપવારૂપ અનિવાર્ય જરૂર પડી છે; આશા છે કે આપ તે જરૂર સ્વીકારશો, "

ભૂપતિ માનતુંગને આ સાંભળતાં એક કવિનું નિમ્ન વચન યાદ આવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનુષ્ય ધારે હું કરૂં, કરને વાલો ન કોય;
આરંભ્યા અધવચ રહે, દૈવ કરે સો હોય.

તેનાથી સામાન્ય રીતે પણ સબંધી એવા દળથંભણ રાજનની વિનંતી પાછી ઠેલાય તેમ ન હતું જ્યારે અત્યારની પરિસ્થિતિનું તો નિમિત્ત પોતેજ હોવાથી અને પોતાના પ્રતિસ્પર્ધી ને ખાસ નશિયત આપવાની ઉત્કટ ઇચ્છા જાગ્રત થવાથી તરતજ પાછા ફરવાની આજ્ઞા આપી દીધી અને બનતી કોશિશે અને પવન વેગે થોડાજ સમયમાં સૈન્ય સહિત મુગીપટ્ટણની ભાગોળે આવી પુગ્યો.

## મુગીપટ્ટણ કે સમરાંગણ ?

આ વેળા મુગીપટ્ટણના સીમાડાપર ગંભીરતા પથરાઇ રહીં હતી. એક તરફ ચંદેરીપતિનું જબરજસ્ત અને વિશાળ સૈન્ય મોરચો મારી લડવામાં મશગુલ બન્યું હતું જ્યારે બીજી બાજુ દળથંભણ રાજ પાસે તેના જેટલું બળ નહીં હોવાથી તેણે સ્વ કિલ્લાનો આશ્રય લઇ પોતાના નગરનું રક્ષણ કરવાનું ઉચિત ધાર્યું હતું દિનપ્રતિદિન તેની સ્થિતિ ગંભીર બનતી હતી શત્રુના માણસોએ બહારથી આવતી દરેક સામગ્રી અટકાવી દીધી હતી અને વધારામાં કિલ્લાના મુખ્ય દ્વાર ઉપર એવો તો સખત હલ્લો ચાલુ કર્યો હતો કે કિલ્લો પડું પડું થઇ રહ્યો હતો. સમય અણીનો હતો. દળથંભણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજ વારંવાર દૂર દૂર પોતાની નજર દોડાવતો. મીંટ માંડતો અને કોઇને આવતું ન દેખવાથી નિરાશ થઈ દૃષ્ટિને નીચે ખેંચી લેતો. આટલા દિવસ સુધી સહાય આવી પહોંચશે. એવી હિંમતે તેને કિલ્લો ટકાવ્યો હતો. જો કે અન્ન સામગ્રીના અભાવે દિવસાનુ દિવસ ભૂખ મરાનું દુઃખ મોટા પ્રમાણમાં વધી પડયું હતું છતાં તેની હિંમત આગળ કોઇ ચુંકેચાં કરી શકે તેમ ન હતું. પણ આજે તેના હાથ હેઠા પડી ગયા હતા કીન્નાની આગથી બળી રહેલા હૃદયવાળા શત્રુએ આજે જીવલેણ યુદ્ધ આરંભ્યું હતું. 'આ પાર કે પેલે પાર' એવો નિશ્ચય કરીનેજ તેના યોધ્ધાઓ પ્રાણની પણ પરવા રાખ્યા સિવાય શસ્રો વાપરી રહ્યાં હતા. દળથંભણ રાજનું બળ પ્રતિક્ષણ નરમ પડતું જતું હતું, તેની ઘટિકાઓ ગણાઇ રહી હતી, હજુ તેના અંતરમાં માનતુંગરૂપી આશાનો તંતુ ઝાંખોઝાંખો પણ પ્રકાશ આપી રહ્યો હતો. તેનું પુણ્ય ચડતું હોવાથી એનો પ્રકાશ વધ્યો, મણિભાઈના કાવ્યમાં જણાવ્યા મુજબ 'કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે' એ વાકયનો પ્રતિધ્વનિ ગાજી રહ્યો. દૂરથી ઉડતી ધૂળના પુંજો દૃષ્ટિગોચર થયાં અને અશ્વારોહીનું એક વિસ્તૃત યુથ ઝડપથી આવતું નજરે પડયું. દળથંભણરાજના મુખપર સ્મિતની રેખા ફરી વળી. નિરાશ બનેલ સૈન્યમાં પુનઃ ચેતન પ્રકટયું. માનતુંગના વિસ્તૃત દળને નિહાળતાંજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદેરીપતિના સૈન્યમાં નિરાશાનો પ્રાદુર્ભાવ થયો, અને જ્યાં તેણે સમીપમાં આવી સ્વશક્તિનો ઝણઝણાટ દેખાડવો શરૂ કર્યો ત્યાંતો પ્રબળ પવનના સપાટાથી જેમ મહામાસમાં એકઠા થયેલા વાદળા વીખરાઇ જઇ ક્ષણમાં કયાંનાકયાં ગુમ થઇ જાય છે તેમ રિપુપક્ષના મનુષ્યો રણક્ષેત્રમાથી પલાયન કરવા લાગ્યા જીતશત્રુ માનતુંગના હાથમાં સપડાઇ ગયો. તેને માનપુર્વક બોલાવી પુનઃ દળથંભણરાજને ન કનડે એવી શરતે મુક્ત કરવામાં આવ્યો. એ રીતે જયશ્રીએ વરમાળા માનતુંગ-દેવના કંઠમાં નાખી.

આ કાર્યની પૂર્ણાહુતિ થતાંજ જામાતા માનતુંગને રાજા દળથંભણે નગરમાં પ્રવેશ કરાવી માત્ર એકજ દિવસ! આતિથ્ય સ્વીકારવા અતિ આગ્રહ કર્યો; જેની સ્નેહપાસથી સંકડાયલા રાજેશ્રી માનતુંગથી ના પાડી શકાઇ નહિં. આખુયે નગર ધ્વજા પતાકાથી સારી રીતે શણગારવામાં આવ્યું અને ઘણી ધામધૂમપૂર્વક નૃપતિ માનતુંગનો મુગીપટ્ટણની પ્રજાએ, રીપુના ત્રાસમાંથી સંરક્ષણ કરનાર વિજેતાનો. પુનઃ એકવાર પ્રવેશ મહોત્સવ કર્યો. સર્વત્ર તે દિવસે આનંદ મંગળ વરતાયો.

બીજે દિવસે પ્રાતઃકાળથીજ મુશળધાર વર્ષાદ શરૂ થયો અને વર્ષારૂતુની શરૂઆત થઇ. આ વૃષ્ટિ એવી તો સજ્જડ હતી અને તે આજુ બાજુના પ્રદેશમાં ઘણે લાંબે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધી ફેલાયલી હતીકે જેથી ગમના ગમનનો માર્ગ બહુ જોખમ કારક થઇ ગયો. ચાર માસ થેભી જવાનો દળથંભણ રાજે આગ્રહ કર્યો જે સ્વીકારવા સિવાય ઉતાવળથી જવાની અભિલાષાવાળાં માનતુંગ માટે બીજો કોઇ માર્ગન હતો. આ રીતે જેમ એક રાત્રિના પ્રમાદે સમ્રાટ નેપોલીયનની બાજી વોટરલુના મેદાનમાં ધુળમાં મેળવી દીધી તેમ અહીં પણ માનતુંગના એક દિવસે બીજા ચાર માસ વધુ થોભવારૂપ કાર્ય કર્યું. રાજાનુ મન અવંતિના સમાચાર જાણવા તલ પાપડ બન્યું હતું કેમકે છેલ્લા ત્રણમાસથી ત્યાંના કંઇ સમાચાર નહોતા મળ્યા. વળી પોતે જવાનો નિશ્ચય કરેલો હોવાથી ખાસ સમાચાર જાણવા અર્થે હલકારાને પણ નહોતો મોકલ્યો. એવામાં અચાનક અત્રે રોકાણ થયું. એતો રાજ્યાભિષેકના સમયે શ્રીરામને વનવાસ મળ્યો તેના જેવો ઘાટ બન્યો. અવંતિના સ્થાને દળથંભણની પ્રાપ્તિ થઇ. આનું નામજ ભાવીની પ્રબળતા ! દુઃખનુ ઓશડ દહાડા એ કહેવત પ્રમાણે સમય વ્યતીત થવા લાગ્યો. રતનવતી સહ ક્રીડાકેળિમાં રાજાનું મન સુખાનુભવ કરવા લાગ્યું. સંસાર સુખોની નવનવી આનંદ છોળો ઉડવા માંડી અને એ સર્વથી યોગિની આદિના બનાવો સ્મૃતિપટ પરથી ભૂંસાઇ ગયા. આવી રીતે ત્રણ માસનો અવધિ પૂર્ણ થયો. માત્ર એકજ માસ ગમન ને બાકી રહ્યો હતો ત્યાં એક દિને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અવંતિથી હલકારો પત્ર લઇ નૃપ સમીપ ખડો થયો.

**રંગમાં ભંગ**

નવિનવૃતાંત જાણવાની જીજ્ઞાસાથી પત્ર તરતજ ખોલાયો પણ અમૃત કુંભ ઉઘાડતાં જેમ તેમાંથી અમૃતને બદલે ઝેર નજરે ચઢે અથવાતો રત્નથી ભરેલ મંજુષા ને ખોલતાં, જેમ રત્નને સ્થાને કાંકરા દ્રષ્ટિ ગોચર થાય અને તે વેળા પ્રેક્ષકની જે સ્થિતિ થઈ પડે તેવી દશા કાગળ વાંચતાં માનતુંગની થઇ. તેના આનંદ પુલકિત અંગો પર વિષાદની વાદળી, પથરાઇ ગઇ. મુખારવિંદ પર શ્યામતા છવાઈ રહી. મન એકદમ વિષણ્ય બની ગયું. રતનવતી કે જે સ્વપતિને દરેકરીતે પ્રસન્ન રાખવાને અહર્નિશ યત્ન સેવતી પાસેને પાસેજ રહેતી અને તેમાં અમુકાંશે સફળતા પણ પામી હતી. તે આ અકસ્માતિક ફેરફારથી વ્યામૂઢ બની, દીનવદને કહેવા લાગી, " નાથ એવું તે પત્રમાં શું ભર્યું છે કે જેથી આપ સરીખા શૂરવીર શિરોમણીને આટલો બધો ક્ષોભ ને આઘાત્ પ્રાપ્ત થયો છે ? કદાચ એક સમયે આખું રાજ્ય વિનષ્ટ થયું હોય તોયે શી ચિંતા છે ? અહીં આપ જંગલમાં તો નથીજ બેઠા ! અને હું તો એટલે સુધી કહેવાની હિંમત કરૂં છું કે હું કાંઇ રાજ્યમહાલયના સુખોની કાંક્ષિણી કે વિલાસોમાંજ રક્ત રહી જીવન લ્હાવ લેનારી લલના નથી. હું તો આપશ્રીની વીરતાને પૂજનારી એક ક્ષત્રિય તનયા છું જેને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુન્યવી સંકટો લેશમાત્ર પણ ડરાવી શકતા નથી. આપશ્રીના સમાગમમાં જો સિંહ વરૂથી પૂર્ણ અરણ્ય વચ્ચે એકાદ ભાંગી તૂટી ઝુંપડીમાં રહેવાનું હોય તો પણ મને તો ઇંદ્રની અલકાપુરી કરતાં પણ વધારે સુખદાયી લાગે એમાં તમો જરા પણ અતિશયોક્તિ ન સમજશો. સ્વામિન્ ! કૃપા કરી આપના દુઃખમાં મને પણ ભાગીદાર બનાવો અગર અનુજ્ઞા આપો તો એ પત્ર હું વાંચું, કારણ કે એમાંની હકીકત જાણવા મારૂં મન અત્યંત આતુર બન્યું છે.

રાણી, તમોને વાંચવા યોગ્ય નથી છતાં તમારી ઇચ્છા પૂર્તિ અર્થે ભલે વાંચો. મારી નજીવી ભુલનું એક ગંભીર પરિણામ ભલે નિહાળો.

**પટરાણીનો પત્ર.**

રાણી રતનવતીએ પત્ર હાથમાં લઇ ધીમેથી વાંચવો શરૂ કર્યો.

" હૃદયના અધિષ્ઠાતાની પવિત્ર સેવામાં મું. મુગીપટ્ટણ

નાથ, આપને અગાઉ પત્ર લખ્યો હતો ત્યારથીજ આપને આપશ્રીની નવી રાણી માનવતીના વિચિત્ર જીવન વિષેની માહિતી થઇ ચુકી હશે. આપે સત્વર આવવા વિષેના સમાચાર પાઠવ્યા છતાં આપના કદમ આ તરફ હજુ પર્યંત થયા નથી, એથી અમારૂં મન તો મુંઝવણમાં પડ્યું છે પણ એવામાં જે નવિન સમાચાર સાંભળ્યા તે આપશ્રીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જણાવવાજ જોઈએ એમ લાગવાથી આ પત્ર અમો જાતે લખવા પ્રેરાયા છીએ. આપશ્રીની એકાંતવાસમાં રાખવામાં આવેલી એ સતિવલ્લભાએ પુત્રરત્નને જન્મ આપ્યો છે અમો તેનીઆપશ્રીને વધામણી આપીએ છીએ. આવા હર્ષના સમાચાર તમોને ન જણાવીએ તો અમો અમારી ફરજ ચુકયા ગણાઈએ આપશ્રીને ઉભય પ્રકારે લાભજ થયો છે. ત્યાં નવીન પ્રેમદાની પ્રાપ્તિ અને અહીં પુત્ર જન્મની પ્રાપ્તિ ! છેલ્લા નવ માસથી અધિક આપ પરદેશમાં રહ્યા છો એમ છતાં આવશો ત્યારે પુત્રમુખ દર્શનનો સુયોગ પ્રાપ્ત થશે એ કંઇ જેવી તેવી વાત નજ ગણાય ! અમારા ખાતર નહિં તો એ ખાતર તો આપ સત્વર પધારશો, એજ પ્રાર્થના.

લી. આપના વિરહથી ઘેલી બનેલી, પટરાણી સહિત
સોળ પ્રેમદાઓનું પાયેલાગણું સ્વીકારશોજી.

**સત્વર અવંતિ ચાલો.**

રતનવતી જેવી વિચક્ષણ રાણીને શોકયોચિત કટાક્ષ અને અસુયા પત્રમાં દેખાયાં, છતાં એ વિલક્ષણા માનવતી વિષે વધુ બાતમી મેળવવાની તાલાવેલી પણ ઉદ્‌ભવી. તેને ઘણી વેળા સખી કમળસેનાના મુખથી માનવતીની ચતુરાઈ અને બુદ્ધિમત્તા વિષે સાંભળ્યું હતું. તેથી તેના પ્રતિ સદ્‌ભાવ પણ પેદા થયો હતો છતાં આજે તેના વિષે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પત્રમાં આવું વૃત્તાંત ચિત્રાયેલું જોઇ સત્ય શું છે. તે જાણવાની તમન્ના જાગ્રત થઇ. પત્ર સમેટી નૃપતિના કરકમળમાં સુપરત કરતાં જણાવ્યું કે "નાથ, જેમ બને તેમ સત્વર આપણે અવંતિ જવું જ જોઇએ."

"મ્હારો પણ એજ નિશ્ચય છે" રાજાએ સંમતિ દર્શાવી અને ઉમેર્યું કે હજુ ચોમાસું પુરૂં થતાં એક માસની વાર છે. અવનીપાળ માનતુંગનું મન પત્ર વાંચ્યા બાદ એકદમ અશાંત બની ગયું હતું. તેને માનવતીપર હદ ઉપરાંત ગુસ્સો આવ્યો હતો, પોતાની ભુલ નજીવી લાગી પણ તેને કૂળને કલંક લાગે તેવું આ અધમ કાર્ય કર્યું શી રીતે ? અને તેનાથી આમ કરાયજ કેમ ? એ વિચારે તેના મગજને ભ્રમિત બનાવી દીધું. અનુચર સાથે સંદેશો કહાવી મોકલ્યો કે ચોમાસું ઉતરતાં માર્ગની સ્થિતિ જરા સુખકર થાય કે પહેલી તકે અવંતિ તરફના પગરણ તે જરૂર માંડશે અને પ્રધાનને કહેવડાવ્યું કે માનવતીના આવાસપર સખત ચોકીપહેરો રાખે.

## અવંતિના આંગણે

ઉદ્દ્વિગ્ન ચિત્તે માંડ માંડ મહિનો પૂરો કર્યો અને જ્યાં આકાશ નિરભ્ર થઇ ગયું તેમજ શીતરૂતુના વિવિધ રંગીરંગો ખેંચાયા અને નિશાન મંડાયા કે માનતુંગે વિદ્યુત્ગતિએ સ્વસૈન્ય સમેત કૂચ શરૂ કરી અને ઘણાજ ટુંક સમયમાં રાજધાનીમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી પહોંચ્યો. પ્રધાન આદિ અધિકારીવર્ગ સામે આવ્યો હતો તેમની સાથે વાર્તાલાપથી રાજ્યની સ્થિતિ વિષેનો હેવાલ જાણી તે પરત્વેની ચિંતામાંથી મુક્તિ મેળવી રાજ દરબારમાંનુ કાર્ય જલ્દી આટોપી, સીધો રાણીવાસમાં આવી પહોંચ્યો. રાણી રતનવતી માટે આવાસાદિની ગોઠવણ અગાઉથીજ કરવામાં આવેલી હેવાથી તે એ તરફ સિધવી ગઈ. પટરાણી તેમજ અન્ય રાણીઓએ એકઠાં થઇ આનંદથી ઉભરાતા હઈડે નૃપનું સ્વાગત્ કર્યું. આ બધા સ્વાગતમાં આજે રાજાનું મન જરાપણ પ્રમોદ ન પામ્યું. સત્વર તેણે પટરાણીના મુખેથી માનવતી સંબંધી વ્યતિકર સાંભળી લીધો. નારિજાતિ અને તેમાં પણ શોકય એટલે પછી રજનું ગજ યાતો વાતમાં મીઠું મરચું તો ભભરાવેલુંજ અથથી ઇતિ સુધીના વૃતાંતે રાજાને વધારે ઉત્તેજક બનાવ્યો. ઝટપટ ભોજન કરી, જરાપણ વામકુક્ષિ કર્યા સિવાય અથવા તો અલ્પકાળ પણ બિછાને આડા પડ્યા વિના નૃપતિ વગર વિલંબે એકદંડીયા મહેલે આવી ચુકયો. રાજાની પધરામણી થયાના સમાચાર સાંભળ્યાં ત્યારથીજ રક્ષકોના હોંશકોશ ઉડી ગયા હતાં. આ બનાવ કેવી રીતે બન્યો તે સમજવા જેટલી તેમની તાકાત ન હતી તેમજ તેમની સંભાળમાં જરાપણ કચાશ ન હતી છતાં તેઓ માની રહ્યા હતાં કે આ વેળા તેમની ગરદનો સલામત ન હોતી. 'રાજા કેવીએ શિક્ષા કરશે એ ભયે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમને ખાવાનું ભાન ભુલાવ્યું હતું. તેઓ નૃપના આગમનની માર્ગપ્રતિક્ષા કરી રહ્યાં હતાં. રાજાએ તો આવતાં ભેર તેમના ચહેરા પરથી તેમની નિર્દોષતા કળી લીધી છતાં ઉલ્ટાવી ઉલ્ટાવી દમભેર ઘણાક પ્રશ્નો પૂછયા પણ તેમાંથી કંઈ નંવિન નિકળ્યું નહીં માત્ર એક વૃદ્ધે રાણીજીના હુકમથી પોતે તેમના પિતાને ત્યાં સંદેશો લઇ ગયો હતો એ વાતની કબુલાત કરી, ત્યાં આગળ રાજાએ ઝાઝું રોકાવું ઉચિત ન ધાર્યું અને ઓરડા પછી ઓરડા પસાર કરતાં તે માનવતી વાળા ભાગમાં ઉપસ્થિત થયો.

## માનવતીના આવાસમાં

આવાસમાં પ્રવેશતાંજ માનવતીના ખોળામાં રહેલા તેજસ્વી અર્ભક ઉપર નરેશની નજર પડી. તે અલ્પવયના બાળકનો ચહેરો જોતાંજ હરકોઇની ખાત્રી થઇ શકે તેમ હતું કે તે કોઇ શુરવીરનું કે કુલીનનું સંતાન છે. આવા કાંતિમાન બાળકને જોઈ પ્રેમાળ હૃદય જરૂર હાલી ઉઠે છતાં ક્રોધથી ભભુકી ઉઠેલા રાજાએ તેના તરફની દૃષ્ટિને પાછી ખેચી લઇ લાલચોળ નેત્રે ચોતરફ નજર ફેરવતાં; માનવતીને ઉદ્દેશી પ્રશ્ન કરવાની શરૂઅત કરી.

રાજાની આવેશયુક્ત પ્રકૃત્તિ જોતાંજ માનવતીનો દાસી વર્ગ આજે જરૂર કંઇ નવું જુનું થનાર છે એમ ધારી ક્યારનોએ બહારના વરંડામાં જઇ ઈધર ઉધર કામે લાગી

ગયો હતો એટલે આ વેળા આવાસમાં માત્ર ઉભય દંપતી અને ન્હાના બાળક સિવાય અન્યની હાજરી ન હતી.

માનવતી સ્વપતિને ઘણે સમયે જોતાંજ ખોળામાંના બાળકને પારણામાં સુવાડી, પ્રસન્ન વદને, મુખ મલકાવતી હસ્તદ્વ જોડી નૃપતિ સન્મુખ ઉભી રહી. આજે તેના ચહેરા પર પૂર્વની નમ્રતા, આદ્રતા કે વિષાદની છાયા માત્ર પણ ન હતી, તેનું હૃદય હસી રહ્યું હતું.

## પતિ પત્નિ સંવાદ

માનવતી, પાપિષ્ઠે ! આ ત્હેં શું કર્યું ? ડહાપણના ભંડાર, અને પ્રતિજ્ઞાના અવતાર ? કુળને કલંક લાગે તેવા તદ્દન હલકટ કાર્યમાંજ આખરે ત્હેં ત્હારૂં ડહાપણ ડોળ્યું ? અને પ્રતિજ્ઞાપર પાણી ફેરવ્યું ? હજારોવાર ધિક્કાર છે ત્હને ? સ્વામિન, આપજે ઉચ્ચારો તે વિચાર કરીને ઉચ્ચારો ગમે તેમ બોલી નાંખવું એ કાર્ય એકાદ ગમારને શોભે પણ આપ સરખા રાજા ધિરાજ નેતો નહીંજ ? હું ભૂલ ન કરવાનો દાવોતો નથીજ કરી શકતી. છદ્મસ્થ એવો મનુષ્ય પ્રાણી અવશ્યમેવ ભુલને પાત્ર છે. તેથીજ मनुष्याः विस्मरणशीलाः એવું નિતિકારોને કહેવું પડયું છે ? પણ આપ જયાં સુધી મારી તે કસુર બતાવો નહીં ત્યાં સુધી આપ ગમે તેમ, યદ્વા તદ્વા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બોલી જાવ તેની અસર અરણ્ય રૂદન કરતાં વધુ નહીંજ થવાની. મારા ડહાપણુ વિષે આપનો કટાક્ષ છે તો શું ડાહ્યા પુરૂષો પુરેપુરૂં જાણ્યા, સમજ્યા કે તપાસ્યા વિના માત્ર એક આંખથીજ જોતાં હશે ? માનવતીના ઠાવકાઈથી બોલાયલાં આ શબ્દોએ રાજાના હાડોહાડમાં ગુસ્સાનો તાપ તેજસ્વી બનાવ્યો ક્રોધથી ધુંધવાઈ રહેલા હૃદયને વધુ આવેગ મળ્યો. બળી રહેલાં અગ્નિમાં વધારે લાકડાનો ઉમેરો થતાં તેની જેવી દશા થાય તેવી પ્રચંડ સ્થિતિ નૃપતિની થઇ પડી. એકદમ લઇ જતાં ગર્જના તે તડુકી ઉઠયો, અને હાથને કેડે લટકાવેલી તરવાર તરફ કરતાં દારૂણુ સ્વરે બોલ્યો રે નિર્લજ્જ અને દુરાચારી કામિની? સૂર્ય સદ્દશ ત્હારો ગુન્હો સ્પષ્ટ હોવા છતાં શું તું હજી તેથી અજ્ઞાન છે એટલે મારા મુખે કહેવડાવવા માંગે છે ? મેં ત્હારી સહ લગ્ન કર્યા બાદ એક ઘડીનો પણ સમાગમ સેવ્યો નથી છતાં આજે તું પુત્રવતી બની છે અને એમ છતાં હજુ કસુર જાણુવાની ધ્રષ્ટતા કરે છે ? ત્હારા નીચ કાર્યની શું ત્હને જરા પણ શરમ નથી આવતી ? ધીટકાર છે તારી જનેતાને તારા વણીક કુળને કે જ્યાં ત્હારા જેવી અધમ અને નીચ રંડા પેદા થઇ છે. સામાન્ય ધણીને ઘેર આવું દુષિત કાર્ય કર્યું હોતતો જુદી વાત હતી પણ આજે તો ત્હેં મારી અને મારા પૂર્વજોની પરંપરાથી ચાલી આવતી એવી અપ્રતિહત્ કીર્તી લતાના મૂળ પર દારૂણુ કુઠાર ઘાત કર્યો છે. સારાયે ભારત વર્ષમાં ત્હારા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કાર્યે મારી સોના સમી અને મસ્તકના અલંકાર તુલ્ય અવંતિને હલકી પાડી છે. તેની પ્રસિદ્ધિના શ્વેત ધ્વજપર મસીના કાળા ડાઘા પાડયા છે. આ ગુન્હો અક્ષમ્ય છે તેની કેવી ભયંકર 'શિક્ષા થશે તેનો ત્હને ખ્યાલ છે ? નાથ? આપ શા સારૂ આટલા બધા તપી જાવ છો ? ન્યાયની તુલાએ ચઢાવ્યા સિવાય શું કદી ગુન્હો મનાય છે ખરો ? અવંતીપતિનુ ન્યાય શાસ્ત્ર એમ કથે છે કે શું ? મારી માતાની કુક્ષિને કે વિશ્વ પ્રસીદ્ધ વણિક કુળને કંઇપણ કહેતાં વિચાર કરજો. જેટલા અનાચારો રાજ્યમહાલયના રણવાસમાં થાય છે તેટલા કે તેથી ચોથા ભાગના વટને માટે પ્રાણ અર્પતા વ્યવહારીઆના ગૃહોમાં નથીજ થતાં. વળી પાડાની ભૂલ માટે પખાલીને ડામ દેવો એ કોના ઘરનો ન્યાય ? મારી ભૂલ પ્રથમ સાબિત કરો અને તેને માટે જો હું ગુન્હેગાર હોઉં તો તમારી ઇચ્છા પ્રમાણે શિક્ષા કરો તે સહન કરવા આ લલના હસ્તે મુખડે સદૈવ તૈયારજ છે; બાકી આપની સત્તાને વિના વિમર્શે સ્વછંદીપણે વર્તાવો નહીં. જો આપ શ્રીને રાજન્ શંખ, રામ કે નળના દ્રષ્ટાન્તો યાદ હોત તો કીર્તિ સંરક્ષણનો દાવો કરવા જતાં અને સામાના પર તેનો ટોપલો નાંખતાં પહેલાં જરૂર પુખ્ત વિચાર કરત રાજેશ્રી શંખે માત્ર નહિં જેવા કારણથી વહેમાઇ જઇ કળાવતીના હસ્ત છેદાવવામાં, શ્રીરામે ગર્ભવંતી અને સતિશિરોમણી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સીતાદેવીને અરણ્યમાં મોકલવામાં અને ચતુર ભૂપતિ નળે ગહન એવા વનમાં પ્રેમથી આકંઠ ભરેલી; અને તેથી પુત્રના સ્નેહને બાજુએ મૂકી પતિની પાછળ આવેલી એવી, વિશ્વાસપૂર્ણા દમયંતીનો ત્યાગ કરવામાં, ન્યાય કર્યો હતો ડહાપણ વાપર્યું હતું ? પતિ પણાની પ્રરજો અદા કરી હતી ? પૂર્વજોની કીર્તિ દીપાવી હતી ? અથવા તો સ્વદેશનું ગૌરવ સાચવ્યું હતું ? તમો એ માટે શું અભિપ્રાય આપો છો ? તમારૂં પોતાનું વર્તન શું ઉપરોક્ત ત્રિપુટી જેવું નથી ? જરા સરખાવો એક વણિકબાળાની ક્રીડા વિવાહની વાતને ચોર માફક છુપાઇને સાંભળવી, બહારનો ખોટો ડોળ કરી તેની સાથે સબંધ જોડવો અને એ હરખભરી, ઉગતિ કળી જેવી, યુવતિને સંસાર પ્રવેશની પ્રથમ રાત્રિએજ કચડી નાંખવી, એની આશાલતાને મૂળમાંથીજ કાપી નાખવી, તેને એકાંતવાસના અગમ્ય અને વિકટસ્થાનમાં હડસેલી દેવી અને ઉપરથી કહેવું કે પ્રતિજ્ઞાનુ પાલન કરો. તેની પારાવાર વિનવણીઓ છતાં તે પ્રતિ આખઆડા કાન ધરવા અને તેને જયારે સ્વપતિની આજ્ઞાનુ ન છુટ કે પાલન કરી બતાવવાનું ચોગ્ય ધાર્યું હોય, તે મુજબ કરી દેખાડયું હોય, ત્યારે તે પુરૂં સમજયા વગર તેને આકરા વિશેષણો આપવા એમાંજ ભુપતિનો ધર્મ, ક્ષત્રિયવટ, સ્વામીપણું અને પુરૂષ જાતનું ગૌરવ સમાયું હશે.! કાંત! આપ નિશ્ચે અવધારજો કે એ સતીઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વડેજ ઉક્ત મહાપુરૂષોની કીર્તિ દિગંત ગામિની થઇ છે. મહા સતી સીતાએ અગ્નિથી ભરેલી ખાઇમાંથી પસાર થઇને, સતી દમયંતીએ અનેક કષ્ટો સહી, સ્વપ્રતિવ્રતને સાચવી, ગમે તે મિષે નળરાજની પ્રાપ્તિ કરીને, અને શ્રીમતી કળાવતીએ છેદિન હસ્તોવડે ગર્ભાવસ્થાના કષ્ટો સહી, પુત્રને જન્મ આપી પુનઃદેવ સાનિધ્યથી હસ્તોની પ્રાપ્તિ કરીને સ્વપતિની ભુલ સુધારી છે એટલુંજ નહીં, પણ તેમના પ્રતિ, તેમના અપરાધોને જરાપણ મનમાં ન આણતા માત્ર અડગ પ્રેમથી સાચી ભક્તિથી સ્ત્રી જીવનમાં પ્રાપ્ત કરેલા અણમૂળા અવસરથી, એકચિત્ત રહી મરણાંત કષ્ટો વેઠીને પણ સ્વ પતિવ્રતનો જ્યોતને ઝલકતી રાખી કીર્તિનો કળશ ચઢાવ્યો છે. અરે આખા ભારત વર્ષની યશોરાશિમાં ન ભુંસાય તેવો અપ્રતિમ ઉમેરો કર્યો છે, દુનિયા ભરના સર્વ દેશોમાં ભારતવર્ષનું સ્થાન તેથીજ પ્રાધાન્ય ભોગવે છે.

## હિંદના નારીજીવનની ગૌરવભરી નોંધ.

માનવતીના આ શબ્દોમાં વર્તમાન કાળના વાંચકો ને નારીજાતની પ્રશંસાની અતિશયતાની ગંધ આવવા સંભવ તેટલા સારૂ તેમને ડબલ્યુ નાઈટ નામના એક પ્રખ્યાત આંગ્લ પુરૂષના નિમ્ન લિખિત વચનો સમર્પણ કરવામાં આવે છે—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

Truly if Hindustan is ever saved it will be by the Virtues of its women; for more honourable, more honest minded, more nobly endowed female humanity is not to be found in the most highly civilized of the earth than amongst the Jananas of India.

ખરેખર જો હિંદુસ્થાન સુરક્ષિત રહ્યું હોય તો તે તેની સદ્‌ગુણી સન્નારીઓનો પ્રતાપ છે; કેમકે અતિ પવિત્ર અતિ નિર્મળ હૃદયની, અતિ ઉદાર સ્ત્રીઓ જેવી હિંદના જનાનામાં છે, તેવી પૃથ્વી તળના કોઇપણ સુધરેલા દેશમાંથી મળી શકશે નહિં."

માનવતીએ સમય આવેલો જોઇ વાત આગળ ચલાવી. મસ્તક મણિ! હું પણ એજ સ્ત્રીજાતિના વર્ગની છું. શીયળ વ્રતરૂપી મહા મૂલ્યવાન્ આભૂષણની કિંમત આંકવાનું મને શિખવવું પડે તેમ નથી. એતો મને બચપણથીજ શિખવવામાં આવ્યું છે. આ રહ્યો તે શ્લોકઃ—

शीलं प्राणभृतां कुलोदयकरं, शीलं वपुर्भूषणं,
शीलं शौचकरं विपद्भयहरं, दौर्गत्य दुःखापहं, ।
शीलं दुर्भगतादि कंद दहनं, चिंतामणिः प्राथितो,
व्याघ्र व्याल जलानलादि शमनं, स्वार्गापवर्गप्रदं ॥

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

શિયળના રક્ષણાર્થે પ્રાણ વિસર્જન કરતાં પણ હું પાછી હઠું તેમ નથી.

पादपा इव शुष्यंति स्मराग्नि, ज्वालिताऽपि, ।
शीलमानं न मुंचंति, सदाचाराः कुलांगनाः ॥

એતો મારા મનમાં અહર્નિશ રમ્યાજ કરે છે. આપશ્રીને મનમાં એવી શંકા ધારણ કરવાનું લેશ માત્ર પણ કારણ નથી કે મેં કૂળને કંલક લગાડી વ્યભિચાર સેવ્યો છે. આ પારણામાં સૂતેલો બાળક એ આપનાજ ખમીરનો છે. આપને કંઈ સ્મરણ થાય છે ખરૂં ?

ભૂપાળ માનતુંગ માનવતીની આ જુસ્સાદાર વાણીથી અને એમાં રહેલા મર્મભેદી વાક્પ્રહારોથી વીચારમાં પડયો. થોડી પળ સુધી એકીટશે તેના પ્રતિ જોઈ રહ્યો તેને લાગવા માંડયું કે તેના ગર્વનું. તેના ટેકનું દરેક પળે દલન થતું હતું અને તે પણ એક ક્ષુદ્ર નારી જાતના હાથે ? હિંમત એકઠી કરી તેને દમામથી કહ્યું.

શું આ પુત્ર મારા ખમીરનો ? રાણી તું કાંઇ ગાંડી તો નથી થઇને ? તું બોલે છે કે બકે છે ? છેલ્લા નવ માસમાં મેં કયે દિને અહીં પગ સરખોયે મૂકયો છે ? મને તું શું યાદ કરાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વસ્તુસ્થિતિનો સ્ફોટ.

પ્રાણવલ્લભ ! તમારે જરાપણ મુંઝાવાની જરૂર નથી. હાથ કંકણુ ને આરસીની જરૂર નજ હોઇ શકે. એમ કહી ઝટ એક મંજુષા ઉઘાડી તેમાંથી એક રૂમાલે વિંટેલો હાર તથા મુદ્રિકા ખુલ્લાં કરી નૃપ સન્મુખ મૂકયાં અને સ્મિત વદને બોલી કે

મહારાજ ! આ આપશ્રીની નીશાની ખરી કે નહીં ? આ ચીજો જોતાંજ રાજાનો રહ્યોસહ્યો ગર્વ ગળી ગયો. તેના નયન સામે મુગ્ધીપટ્ટણમાં ગુરૂણી સહુનો બનાવ ખડો થયો. સહસા તેને પ્રશ્ન કર્યો—

" આ ચીજો તહને કયાંથી પ્રાપ્ત થઇ ? ખરૂં બોલ. "

" નાથ, દાયણ આગળ પેટ છુપાવે શું લાભ ! આપનું એ ગુરૂણી સાથેનું તેમજ યોગણુ અને અપ્સરા સાથેનું સર્વ વૃતાંત્ત હું જાણું છું હવે દમ ફોગટ ન ભરાવો. ગમે ત્યાંથી મળ્યાં પણ એ ચિન્હો આપના ખરાં ને ? આપે એ વસ્તુઓ ગર્ભવંતી ગુરૂણીને આપેલી કે નહિં ? એનોજ આ પુત્ર છે માટે તે આપના ખમીરનો ખરો કે નહીં ? હજુ પણ કંઈ શંકા રહે છે ?

" એ ગુરૂણીનું તેજ કે ત્યારે ? શું આ ખરૂં બોલે છે ? "

" નાથ. સચું માનજો કે હું માત્ર તે ગુરૂણીજ નહિં બલ્કે યોગણુ અને અપ્સરા પણ ખરી "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે માનતુંગ વધુ સાંભળી ન શકયો, એકદમ માન વતીને છાતી સરસી ચાંપી, માનસહીત પલંગ ઉપર બેસાડી વિસ્મિત મુખે આ બધું શીરીતે બન્યું તે વિસ્તારથી કહી સંભળાવવા જણાવ્યું અને માનવતીએ પણ એકદંડીયા આવાસથી લઇ પુત્ર જન્મ પર્યંતનો સઘળો વ્યતિકર નિવેદન કર્યો. પોતે પાલન કરી બતાવેલી પાંચ પ્રતિજ્ઞાઓનો પણ સ્ફોટ કર્યો અને વિશેષમાં જણાવ્યું કે આ પુત્ર રત્નની પ્રાપ્તિરૂપ કાર્ય અ વધારામાં કરી બતાવ્યું.

રાજા પણ વૃત્તાંત સાંભળતાં આશ્ચર્ય પામવા લાગ્યો. વચમાં પોતાની મોહ દશાનું બ્યાન સાંભળી શરમાવા લાગ્યો વળી માનવતી જેવી અબળાના, ગમે તેવા પ્રબળ પુરૂષાર્થીને પણ હંફાવે તેવા કામો સાંભળી તેના પર હર્ષથી ધન્યવાદ વરસાવા લગ્યો. આજે તેને માનવતી માત્ર એ વણિક તનયા નહિં પણ સાક્ષાત્ બ્રહસ્પતિની પુત્રી તુલ્ય દૈવી બાળા ભાસી, માનવતીએ પણ સમય જોઇ નૃપતિ પ્રતિ કહેવા માંડયું કે–

નારીને નવિ છેડીયે, આજ પછી મહારાજ,<br>
જોવો તમે ઢંણે મંદિર રહ્યાં, કહેવાં કીધા કાજ;<br>
અંગજ છે રાઉલો, ખોળે લીઓ સાંમ,<br>
હવે સંદેહ મ આણજો, જે એ ભુંડી છે વાંમ.<br>
હું છું પગની મોજડી, તમે છો શીરના મોડ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હું કંટાળી બાવળી, તુમે છો સુરતરૂ છોડ;
જે અવિનય કીધો હુવે, તે કરજો પીયુ માફ,
એક વચનને આમલે, તુંમ શું બેડી જોર.
ચાહો તે મુઝને કરો, હું છું રાજની ચોર.

## રતનવતીની અભિલાષા.

એટલું સ્પષ્ટિકરણ કરવાની અગત્ય છે કે આજના રાજાના ક્રોધથી સૌ કોઇને ખાત્રી હતી કે જરૂર આજે માનવતીના બાર વાગવાના એટલે શું થાય તે સાંભળવા સૌ કોઇ આતુર હતાં. પટરાણી પ્રમુખ સોળ રાણીઓ મહેલના એક ભાગમાં એકઠી થઇ આ હકીકત જાણવા અર્થે વારંવાર દાસીઓ દોડાવતી હતી પણ અહીં માનવતીના આવાસની ખુદ તેનીજ દાસીઓ બહારના ભાગમાં ફરતી હોવાથી હજુ સુધી તેમની આશા ફળી નહોતી. બીજી તરફ નવી રાણી રતનવતીને માનવતી વિષે જાણવાની ખાસ અભિલાષા હોવાથી તે સ્વકાર્ય આટોપી પ્રધાન સુબુદ્ધિ સહ આ એકદંડીયા આવાસમાં કયારનીએ આવી ચુકી હતી. બહારના એક ભાગમાં તે ઉભય સમયની રાહ જોતાં બેઠા હતા. અંદરના ભાગમાં થતી વાતચિત તેમના કર્ણપટ પર પડતી હતી. કેમકે વાયુ તે દિશાનો પ્રવાહ કુદરતી તે તરફ ખેંચતો હતો. ઉપર મુજબ જ્યાં માનવતીએ સ્વકથન પદ્યમાં પુરૂં કર્યું કે રાણી રતનવતી એકદમ અંદર દોડી ગઇ અને તેને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભેટી પડી, અને હર્ષાતિરેકથી કયાંસુધી તો એક હરફ પણ ન ઉચ્ચરી શકી. પશ્ચાત્ હર્ષભરિત વદને રાજન્પ્રતિ બોલી " મહારાજ, આપ મ્હારી ભગિનીને જરાપણ દોષિત ન માનશો અને સખી કમળસેનાએ તેની ચતુરાઇ વિષે પૂરેપૂરી માહિતગાર કરી છે; માત્ર કાગળ વાંચી મારૂં મન શંકાના વમળમાં ચકડોળે ચઢયું હતું જેનો આજના વૃતાંતથી બધો ખુલાસો થઇ જાય છે. વણિક કૂળમાં જન્મેલી આ વામાએ માત્ર ક્ષત્રિય કુલોચિત સત્વથી સ્વપતિવૃત અને ટેકનું રક્ષણ માત્ર કર્યું છે એમ નહીં પણ સ્વજાતિ ભૂષણરૂપ જે બુદ્ધિમત્તા તેનો પણ સારી રીતે સાક્ષાત્કાર કરાવ્યો છે અને આપસરખા પ્રજાપાળના મનમાં નારિજાત વિષેના હલકા વિચારોનું મર્દન કરી, આપની ભૂલ ભાંગી આપી નારિજાતીનું ગારવ સાચવ્યું છે. તેના જેટલાં ગાન ગવાય તેટલાં ઓછાજ છે ! વળી એના યોગ વિના તમારો અને મ્હારો યોગ પણ અસંભવિતજ હતો. મને આશ્ચર્ય થાય છે કે તમારા સરખા પ્રાજ્ઞ નૃપકુળ કેશરી તેને યોગણ અપ્સરા કે ગુરૂણીરૂપે સહવાસમાં આવ્યા છતાં પણ ઓળખી ન શકયા. હું તો તેનો જેટલો ઉપકાર માનુ તેટલો ઓછો પણ આપે તો તેને હવે આવાસમાંથી માનભેર છુટી કરી મહોત્સવસહિત નગરમાં ફેરવી, તેની ચતુરાઇના ગુણગાન કરી, ઇર્ષાળુ પટરાણીને સ્થાને એ ગૌરવશાળાને તે પદ ઉપર અલંકૃત કરવી ઘટે. ત્યાંતો પ્રધાનજીએ અંદર આવી આ વાતને અનુમોદન આપ્યું ' જોઇતું હતું ને વૈદે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું ' રાજાએ તરતજ તૈયારી કરવાના હુકમ છોડ્યા.

## સોનાનો સુરજ ઉગ્યો.

આજે અવંતિનગરમાં અવર્ણીય આનંદ મંગળ વરતાઈ રહ્યો હતો. રાજેશ્વર માનતુંગે માનપુરસ્સર રાણી માનવતીને પુત્ર સહિત રાજ દરબારમાં તેડી જઇ પટરાણી પદે સ્થાપી, કરી વળી શુભ દિન હોવાથી, તેમજ રાજનને ઘેર લાંબા સમયે પુત્રનો યોગ બનેલ હોવાથી, અતિ ધામધુમ પૂર્વક તેનું ' મદનભ્રમ ' એવું નામ સ્થાપન કરવામાં આવ્યું હતું અને તેની ખુશાલીમાં માન અકરામની લ્હાણીઓ પણ થઇ હતી. આ વેળા માનવતીના પિતાને સારા પદ ઉપર નિમવામાં આવ્યા હતાં જ્યારે ચારે સખીઓના પતિઓને બોલાવી જુદા જુદા અધિકાર આપી સુખ ભાજન બનાવવામા આવ્યા હતાં. ચોક ચૌટે, શેરિએ અને પોળમાં અગર વાટે કે ઘાટે સર્વત્ર માનવતીએ કરેલ પરાક્રમનાજ બ્યાનો વંચાતા હતાં અને તેની ભારોભાર પ્રશંસા થતી હતી. સૌ કોઇના મુખમાંથી તેને માટે જયના આશીર્વાદો વરસતા હતાં. કોઇ તો વળી વણિક કળાથી દેવતા નાશે ' એ ઉકિત યાદ કરી વણિક કુળની કીર્તિને પ્રસંસતાં હતાં રાજને ' મદનભ્રમ ' કુંવર જેવો વારસ પ્રાપ્ત થયો તેનાથી પણ આજે સૌ કોઇના મન પ્રફુલ્લ હતાં.

આમ આનંદ અવધિમાં કેટલોયે કાળ પસાર થતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકદા ત્યાં શ્રી ધર્મઘોષ સૂરિ અનગાર પધાર્યા. નૃપતિ સ્વઅંતે ઉર સહિત અને નગરલોકથી આવૃત થઇ દબદબા પૂર્વક તેમના દર્શને ઉદ્યાનમાં ગયો. ચોતરફ અપૂર્વ શાંતિ પથરાઇ ગઇ છે અને સૂરિજીએ પર્ષદામાં પોતાની મધુર વાણીએ દેશના શરૂ કરી–

કુડી માયા, કુડી છાયા, કુડા બાંધવ લોક;
કુડી જેવી વાદળ છાંયા, અંતે હોય ફોક રે.—
પંખની પરે મેળો મળિયો, ઉડતાં કેહી વાર;
તેમ સગાઇ સ્વારથ કેરી, મિટતા સ્યો વિચારરે.—
તાત કહે કોઇ માત કહો કો, દાસ કહે કો સ્વામી;
થોડે થોડે વિહંચિ લીધો, આતમનો સુખ આમરે—
પ્રિત કરી કોઇ વૈર કરો કો, સાચ કરોકો કુડ;
થાવો સહુને આગળ મોટો. અંતે ધૂળકી ધૂળરે—
પ્રાણથી વાલો જાણીએ જેહને, રાખીએ તેહને ગ્રંથ,
તે પણ પુછવા ન રહે ઉભો, જાતાં લાંબે પંથરે—.
કેઇ ગયા વળી કેઇ જાશે, કેઇ જાવણહાર,
ઇણિવાટે પુણ્ય વિહુંણા; માનવી એણે કંતારદે—
રાય રાણી પણ રંક તણી પરે, આખર એકજ વાટ;
આગે આગે સુકૃત કીધો. ઉતરતાં ભવ વાટરે—
કાચા કુંભ તણો સ્યો ભરૂસો, ધનનો કેહો મદ;
સંધ્યા રાગ તણી પરે, દેખત, ઉવટી જાય અસદરે—
દશ દ્દષ્ટાંતે માનવ કેરો. પામ્યો જનમ કદાચ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આરજ કુળ ધર્મ ફરી દુર્લભ. ભ્રમરાક્ષરને ન્યાયરે—
દાન શીયળ તપ ભાવ પ્રકાશ્યો, ચારે ભેદે ધર્મ;
તેને આદરે જે ભવિ પ્રાણી, તોડે સઘળાં કર્મરે—
આપ આપને તુંબે તરશો, ઇહાં નહિ કોઈ સખાઈ;
પાપ કરતાં જો એહ કરશો, તે અધિકાઇ કહાઇરે—

એ પ્રમાણે આગમના ઉદાહરણ ટાંકી નિવૃત્તિ જનક જૈન ધર્મ સારી રીતે સમજાવ્યો. યથાશક્તિ વૃત પચ્ચખાણ લઇ પર્ષદા વિખરાઇ. રાજાએ સૂરિસમક્ષ વિનયપૂર્વક પોતાનો અને માનતીનો પૂર્વ સંબંધ પૂછયો. આચાર્યશ્રીએ જ્ઞાનોપયોગ મેળવી તે આ પ્રમાણે કહ્યો—

**પૂર્વભવ યાને કર્મ-રાજના તમાસા.**

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પૃથ્વીભૂષણ નામે નગર હતું. તેમાં તિલકસેન રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ધનદત્ત શેઠ નામે વ્યવહારીઓ વસતો હતો. તેના જીનદત્ત અને જીનપાલ નામે બે પુત્રો હતા, એકદા મુનિ સમક્ષ એ ઉભયે 'મૃષાવાદ ન બોલવારૂપ વૃત' ગ્રહણ કર્યું અને પ્રેમથી તેનું પાલન કરવા લાગ્યા. ઉભય વચ્ચે સજ્જડ સ્નેહ હતો. વૃત પાલનમાં વડીલ ભ્રાતા જીનદત્ત કરતાં લઘુભ્રાતા જીનપાળ વધારે દ્રઢ અને ઉપયોગવંત હતો વ્યવહારી પણાને લઇને જીનદત્તથી કેટલીક સૂક્ષ્મ બાબતોમાં યદ્વાતદ્વા થઈ જતું પણ જ્યારે જીનપાળ એ બાબતનો ખ્યાલ કરાવતો ત્યારે સરળ પરિણામથી તે તેમાંથી પાછો હઠતો. જીનપાળે તો ભવના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંત પર્યંત અડગતાથી એ વ્રતનું પાલન કર્યું. કેટલીક-વાર તેનાથી માયાનું સેવન થઇ જતું. ત્યાથી એ ઉભય કાળ ધર્મ પામી હે રાજન્ તે જીનદત્તનો જીવ તું ' માનતુંગ ' થયો છે જ્યારે તે ' જીનપાળ ' નો જીવ માયાના પરવશ પણાથી આ ' માનવતી ' થયો છે. સત્ય વચનના અમૃત ફળો તે ભવમાં તો તમો ઉભયે ચાખ્યાં હતાં અહીં પણ તેના ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે રાજ્ય સમૃદ્ધિ રૂપે ચાખી રહ્યાં છો. પૂર્વ ભવની તમારી સ્ખલનાથી આ ભવમાં તમોને ખત્તા ખાવા પડયા છે જ્યારે તે ભવમાંની અંડગતાથી આ ભવે માનવતીએ સ્વકથન સાબિત કરી આપી પૂર્ણ કીર્તિ પ્રાપ્તિ કરી છે. આવીજ રીતે તમારા આગળના ભવો સાથે રાણી રતનવતી પુત્ર મદનભ્રમ વિગેરેનો સંબંધ સંકળાયલો છે પણ એ વિસ્તારથી સર્યું. એમાંથી જે મુદ્દો ગ્રહણ કરવાનો છે. તે એજ કે “ એ બધા કર્મ રાજના તમાસા છે. એ આ ભવ રૂપ નાટય ભૂમિ પર, વિવિધ વેશો આપણને પહેરાવી, ચિત્રવિચીત્ર અભિનયો આપણી પાસે કરાવી રહ્યો છે. આપણે સંયમ રૂપી સંબળે લઇ તેની સહ સમરાંગણ ખેલી સદાને માટે આપણો છુટકારો કરવાનો છે.” એ માટે શ્રી તીર્થંકર પ્રભુએ બે માર્ગો દર્શાવ્યા છે. એક સાધુ કે સર્વ વિરતીપણાનો; બીજો ગ્રહસ્થ કે દેશ વિરતીપણાનો સ્વશક્તિ અનુસાર તેમાંનો કોઇ પણ આદર-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રવા તત્પર થવાનુ છે, તે વિના એ દુઃસહ કર્મરાજની વજ્ર મુષ્ટિમાંથી મુક્તિ થવી દુર્લભ છે. સાધુમાર્ગ છુટકારો લાવવામાં સીધો ને ટુંકો માર્ગ છતાં અતિ ઉગ્ર કષ્ટો સહીને પાર કરી શકાય તેવો છે જ્યારે ગ્રહસ્થ માર્ગ વંકવાળોને લાંબો હોવા છતાં ઝઝા કષ્ટો વિના સુખપૂર્વક પાર કરી શકાય તેવો છે. ગ્રહણ કરવામાં પોતાની શક્તિનો વિચાર કરવાનો છે બાકી શૂરવીરો માટે તો પ્રથમનોજ માર્ગ છે; એમાં સુખશીળીયાનુ કે કાયરનુ કામ નથીજ.

આવી અમૃતવાણી શ્રવણ કરી તે દંપતીએ શ્રાદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો બાર વ્રત ગ્રહણ કર્યા. સૂરિશ્રી ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા. કેટલો કાળ જતાં કુમાર 'મદનભ્રમ' રાજ્યને યોગ્ય થતાં તેને રાજ્યાસન પર બેસાડી, એ પતિ પત્નિએ દિક્ષા લીધી અને નિરતિચાર ચારિત્ર પાળી, પ્રાંતે અનસન કરી સર્વાર્થ સિદ્ધિ નામા વિમાને દેવ થયાં, ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યનો ભવ કરી તેઓ મોક્ષપદ પામશે.

## રાસકારની ઓળખાણ

શ્રી જયસેનસૂરિના શિષ્ય ઉપાધ્યાય કીર્તિવિજયજી થયાં તેમના શિષ્ય શ્રીમાનવિજયજી, તેમના શ્રીરૂપવિજયજી અને તેમના પદ કમળમાં ભ્રમરરૂપ શિષ્ય મોહનવિજયજીએ આ 'માનતુંગ માનવતી નામા રાસની શ્રી અણહિલપુર પાટણમાં સં. ૧૭૬૦ માં રચના કરી. **કલ્યાણ મસ્તુ.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અમને યાદ રાખજો.

卐

ઉદ્યાપન અને તેવાજ ધાર્મીક માંગલીક પ્રસંગમાં અમારૂં નામ જરૂર યાદ લાવશો કારણકે તેવા પ્રસંગો માટે અમારાં પુસ્તકો પોણી અને તેથી પણ ઓછી કિંમતે આપવાનો અમોએ ઠરાવ કર્યો છે. માટે એકજ વખત મંગાવી ખાત્રી કરવા વિનતિ છે.

દર વરસે રૂા. ૩) માં ૮૦૦ થી ૧૦૦૦ પાનાનાં ઇતિહાસીક નવીન પુસ્તકો નિયમીતપણે ગ્રાહકોને મળે છે. માટે ગ્રાહક થવા વિલંબ નહિ કરતા.

લખો:—

જૈન સસ્તી વાંચનમાળા.

રાધનપુરી બજાર–ભાવનગર.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust